
કુમાર

સંસ્થાપક રવિશંકર રાવળ
વર્ષ બેતાલીસમું અંક છઠ્ઠો જૂન ૧૯૬૫
તંત્રી બચુભાઈ રાવત



પહેલી સંવત્સરીએ

મુલાયમ ગુલાબનું હૃદય, ધૈર્ય મેરુ સમું,
પ્રચંડ પુરુષાર્થ-ધોધ, નભ શાં ઊંડાં સ્વપ્ન કૈં,
ન કોઈ પ્રતિ દ્વેષ, સત્ય પણ ઝાંખવું શે પડે!
ન કોઈ ભય, ચહ્યું કદમ પડે જહિં સાથી તો!
વહાલ થતું વેરીને ય ઉર આર્દ્રતા એહવી,
કરી તપકઠોર જીવનમાંહી થઈ સંચિત
દિશોદિશાથી ઊભરી સભર વિશ્વની શ્રી અપી!
જવાહર, ખીલ્યા તમે અજબ પુષ્પ માનવ્યનું.

ઉમાશંકર જોશી

 આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાનસંસ્કાર અને ચારિત્ર્યઘડતરનું અગ્રણી માસિક





રાગ **વીતરાગ**

ભારતમાં જ વિકસેલા બે ભિન્ન કલા-પ્રકારનાં આ ઉદાહરણો પૈકી એકમાં ચિત્રણા દ્વારા ને બીજામાં શિલ્પ દ્વારા પાત્રનિરૂપણનો પ્રયાસ થયો છે. ચિત્ર છે ૧૭મી સદીની બિજાપુર ચિત્રશૈલીનું એક આંગ્લ નારીનું. પ્રતિમા છે મુંબાઈના શ્રી બમન બહેરામના સંગ્રહમાંની ૮મી સદીના પાલ કાળની બુદ્ધની કાંસ્યપ્રતિમા. બંને કૃતિમાં પાત્રનાં નેત્ર અને ઓષ્ઠ દ્વારા ભાવનિરૂપણનો પ્રયત્ન કર્યો છે. બુદ્ધની પ્રતિમાઓની આગવી નિરૂપણશૈલી અજાણી નથી. દખ્ખણની ચિત્રશૈલી મુઘલોત્તર કાળમાં દક્ષિણમાં ટકી રહેલી ને કંઈક સંકરતા પામેલી ચિત્રશૈલી છે. પહાડી કે મુઘલ કલમનું માર્દવ અને રંગમાધુર્ય એમાં ઓસરતું જણાય છે છતાં એનું વિશિષ્ટ સૌંદર્ય તો છે જ.

(ફોટો : પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમ – મુંબાઈના સંગ્રહમાંથી)

વાચકો લખે છે

અગાઉ શ્રી હરિનારાયણ આચાર્યે 'હેડ' શબ્દના પ્રાચીનત્વ વિષે કંઇક લખ્યાનું સ્મરણ છે, કૌટિલ્યને પણ એ શબ્દ પરિચિત છે: इन्द्रयमस्थानमेतत् राजानः प्रत्यक्षहेड प्रसादाः(વિનયાધિકારિક, ત્રયોદશ અધ્યાય, ત્રીજી કંડિકામાં.)

અગાઉના અંકમાં શ્રી હરિવલ્લભ ભાયાણીએ 'આખ્યાન' વિષે 'શબ્દકથા'માં લખ્યું હતું. આખ્યાન અને ઉપાખ્યાન વિષે નીચેનો એક શ્લોક છે. એ શ્લોકના કથન અનુસાર પુરાણા ગ્રંથો પરખવા જોઈએ.

स्वयं दृष्टार्थकथनं प्राहुराख्यानकं बुधाः।
श्रुतस्यार्थस्य कथनं उपाख्यानं प्रचक्षते॥

(ભાવનગર-૨) —ધીરજલાલ અ. વોરા

૫૦૦મા અંકની સલામતી માટેનું આપનું બીજું સૂચન ગમ્યું છે. એ અંક રૂ. ૧૫/–ના વી.પી.થી મોકલશો; છોડાવી લઇશું.

પૂઠા ઉપરની સ્વ. 'ધૂમકેતુ'ની છબી ફરતી લીલા રંગની કાંગરી શે ઉચિત ગણાઈ હશે?

લેખિકા ઈવા ડેવની વાર્તા ખૂબ જ પસંદ પડી. હજુ વધુ વાર્તાઓ પ્રગટ કરશો. કૌંસમાં યાદ કરાવેલી વાતો બીજી કોઈ સારી રીતે રજૂ કરવી જોઈતી હતી. આજકાલ વાર્તાઓમાં વિગતનો ભાર વધતો જાય છે. અમેરિકાથી દેશમાં આવતી વ્યક્તિને દેશની બકરીના અવાજમાં અમેરિકાની સ્ટીમરનું ભૂંગળું સંભળાય! કોઈ વાર્તામાં દર્દીને રક્તદાનનો પ્રસંગ હોય તો બ્લડ-ગ્રૂપ વગેરે વિગતનો ખાસ ફકરો હોય જ. વાર્તા-નાયક જો ટાઇપરાઇટર ઉપર છાપતો હોય તો એમાં કેરેજ, સ્પેસિંગ, માર્જિન વગેરે વિગત અચૂક આવવાની. લેખક ભૂલેચૂકે ય પરદેશ જઈ આવ્યા હોય તો ગુજરાતનાં ગામડાંની ધૂળમાં તેને મીયામી બીચનાં દર્શન થાય જ. આ બધું ક્યારેક અનુરૂપ થાય છે પરંતુ મુખ્યત્વે તો ખોટાં ઘરેણાંના ઠઠારા જેવું લાગે. 'ધૂમકેતુ' એ લખ્યું છે તેવી વીજળીના ચમકારા જેવી વાર્તા ઓછી જડે છે. હવે તો લખાય છે વાદળના ગડગડાટ જેવી વાર્તાઓ: લગભગ ગર્જે અને ભાગ્યે જ વરસે!

કવિવર ટાગોરની જયંતી હમણાં ઊજવાઈ. કલકત્તામાં આ જયંતી, ચાહકોએ રસ્તા ઉપર ઊભાં ઊભાં ઊજવી, કેમકે ટાગોરના સ્મારક રૂપે તૈયાર થતો હૉલ 'બગડી જાય' તે માટે ત્યાં સમારંભ ગોઠવતાં સરકારે અટકાવ્યા!

કવિવરને નોબેલ ઈનામ મળ્યું એ અરસાની આવી એક વાત યાદ કરવા જેવી છે, જેને એક ઉર્દૂ કવિએ મઢી લીધી છે. દિલ્હીની સુધરાઈએ એક વખત કવિને માનપત્ર આપવાનો ઠરાવ ઉડાડી દીધો હતો. ત્યારે ઉર્દૂ કવિ જોશ-મલિહાબાદીએ સવાલ કર્યો:

'આહ, અય ટાગોર! તૂ કયોં હિંદ મે પયદા હુઆ? / સચ બતા તૂ કિસ અદા-એ મુલ્ક પર શયદા હુઆ? / જહાં લોગ દરિયા હૈ ઔર નાકદ્રીયોંકી લહર હૈ, / શાયરે હિન્દોસ્તાં હોના ખુદા કા કહર હૈ.

મૉડર્ન આર્ટના પ્રણેતા પાબ્લો પિકાસોએ હમણાં કળાની દુનિયા ખળભળાવી નાખી છે. થોડા વખત પર 'The Living Museum'માં એક લેખ લખી મૉડર્ન આર્ટના પક્ષકારોને આંખો ચોળતા કરી દીધા હતા. એમાંના થોડા શબ્દો: 'લોકોને હવે કળામાંથી પ્રેરણા અને સંતોષ નથી જોઇતાં. આળસુઓ, ધનવાનો અને નવા જમાનાના લોકોને નવીનતા, વિચિત્રતા અને બનાવટ જોઇએ; અને 'ક્યૂબીઝમ'ની શોધથી મારા મગજમાં જે આવી બજારુ ધૂનો ભરાઈ એનાથી મેં આ લોકોને ખુશ કર્યા છે. એ જેટલું ઓછું સમજતાં એટલાં વધુ વખાણ કરતાં. આવી રમત અને આવા હમ્બગથી મને ગમ્મત થતી. અને હું જલદી વિખ્યાત થઈ ગયો. ચિત્રકાર માટે ખ્યાતિ એટલે વેચાણ, નફો ને ઊજળું ભાવિ. આજે હું પ્રખ્યાત અને ધનવાન છું. પણ એકલો પડું છું ત્યારે મારી જાતને ચિત્રકાર ગણાવવાની હિંમત કરી શકતો નથી. હું તો 'સામાન્ય ચિતારો' છું ને 'સમય વર્તે સાવધાન' થઈ બેઠો છું.'

આજના વંટોળિયામાં ઊડતાં મૉડર્નઆર્ટનાં પતાકડાંઓને ખરેખરી ચીમકી આપી છે!

પહેલાં એક અમેરિકન ચિત્રકાર-બાઈએ પોતાનાં ચિત્રો પ્રદર્શિત કર્યાં. ચંદ્રકો જીતી. પછી એક સમારંભ ગોઠવી એ ચિત્રો એના પાળેલા વાંદરાએ 'દોરેલાં' એની પોતે જે ફિલ્મ ઉતારેલી તે બતાવીને કલાવિદોને ઉલ્લુ બનાવ્યા હતા! પાબ્લોએ આપેલી ચીમકી બહુ લાંબો વખત ચર્ચાશે એવી છે!

ઘણી સામાન્ય બાબતોથી ઘણાનું જીવન-વહેણ પલટી જાય છે. ઉદયશંકરના વિદેશના કાર્યક્રમો જોઈ એક પરદેશીનું દિલ કેવું વિંધાઇ ગએલું એ એની આત્મકથામાં જણાવ્યું છે. એ છે લીઓપોલ્ડ ફિશર. (હવે હિંદી સ્વાંગ ધર્યો છે ને સ્વામી અગેહાનંદ ભારતી નામ ધારણ કર્યું છે.) આપણા ચંદ્રવદન જે વીએનામાં હમણાં ચક્કર મારી રહ્યા છે ત્યાં એક ઓપેરામાં ઉદયશંકરનો કાર્યક્રમ હતો. એમના પોતાના શબ્દોમાં: ભારત વિષે સૌ પ્રથમ વાર્તાઓ દ્વારા પરિચય કર્યો. મહારાજાઓ, ઝવેરાત, ચમત્કારો વગેરેની વાતો વાંચી ઇંતેજારી ખૂબ થતી. એ દેશ જોવા ખૂબ મન થતું. અગિયાર વર્ષની ઉમરે ટાગોરની એક વાર્તા વાંચેલી. એ જ અરસામાં ઉદયશંકર એના સંગીતકારો તથા નૃત્યકારો સાથે વીએના આવેલા. એનો કાર્યક્રમ આગલી હરોળમાં બેસી જોયો. જીવનમાં પહેલી જ વાર મેં શિવ-પાર્વતી, રાધા-કૃષ્ણ જોયાં; કૃષ્ણની બંસરી સાંભળી. આ કાર્યક્રમોએ મારા ભવિષ્યના રાહની દિશા દેખાડી...'

પછી તેઓ વીએનાની 'ઇંડિયન ક્લબ'ના સભ્ય થયા. જેની સ્થાપના વિઠ્ઠલભાઈ અને નેતાજી બોઝે કરેલી. શ્રી ચં.ચી.નાં લખાણોમાં બોઝ કુટુંબનો ઉલ્લેખ છે એના અનુસંધાનમાં પણ શ્રી ભારતીનું લખાણ મળે છે:

'ભારતના મંદિરે મંદિરે ગણેશમૂર્તિ હોય છે. આ ગણેશ—મંગળ મૂર્તિ (God of All things favourable)ની સરખામણી એ સુભાષ બોઝ છે. વીએનામાં એમણે ૧૯૩૩માં 'ઇન્ડિયન ક્લબ' સ્થાપી. Mimi Schenkl નામની વીએનાની કુમારિકાના પરિચયમાં આવ્યા. ત્યાં એની સહાયથી 'India's Struggle for Freedom' પ્રકાશિત કર્યું. એની સાથે પછીથી લગ્ન કર્યું. Mimi Schenkl હજુ વીએનામાં પુત્રી અનિતા સાથે રહે છે.

શ્રી રવિશંકર રાવળના ચિત્રકાર તરીકેની કારકિર્દીની હવે શરૂઆત થશે. તો સાથેસાથે નાનામોટા પ્રસંગોના ચોરસા અલગ છાપશો. સાહિત્યકારો વિષે નાના મોટા પ્રસંગો ઘણા છપાય છે; ચિત્રકારો વિષે બહુ ઓછું જાણવા મળે છે. તો આત્મકથા ઉપરાંત આવા પ્રસંગો જરૂર છાપશો.

(મુલુંડ) —રમેશ બી. શાહ

[* મૃતાત્માની સમાધિ કે શબવાહિની ઉપર ચડાવાતાં ફૂલપાનમાં રંગ નથી હોતા? પૂઠા પરના 'ધૂમકેતુ'ના ચિત્રની ચોમેરની કિનારના ઘાટ અને રંગ એ રીતે વિહિત છે. પિકાસોના પત્રના સંદર્ભમાં એ જ દૈનિકમાં અન્ય પત્ર-લેખકે કરેલો બચાવ પણ વાંચ્યો હશે.]

આ સાથે 'ટાઈમ્સ ઑવ ઇન્ડિયા'માં છપાએલી હકીકત રજૂ કરું છું. ચિત્રકલાના રસિકો આજે મૉડર્ન આર્ટ પ્રતિ શ્રદ્ધાની નજર કરીને તો બેઠા છે કે એ નવો ચીલો કૈંક નવું અર્પે ય ખરો. તે કાળે પાબ્લો પિકાસોની નિખાલસ રજૂઆત રસજ્ઞો પર વધુ અસર કરશે. ભારતમાં ઘણાં 'કલાવર્તુળો'માં મૉડર્ન આર્ટિસ્ટોનો સમૂહ ઊભો થવા લાગ્યો છે તે કાળે મૉડર્ન આર્ટના જનક પિકાસો આમ હૈયું ઠાલવે એ સૌ માટે વિચારનો તણખો મૂકી જાય છે.

Picasso's Confession

To The Editer, 'Times of India'

Sir, –Pablo Picasso recently rocked the world of modern art by his sensational confession published under his signature in 'The Living Museum', edited by his friend, Madeleine Rousseau. I quote a few lines: 'People no longer seek consolation or inspiration in art. But the sophisticated people, the rich, the idlers seek the new, the extravagant, the scandalous. And since the epoch of Cubism, I have made these people contented with all the many bizarre things that have come into my head. And the less they understood it, the more they admired it.

By amusing myself with all these games, all this nonsense, all these picture–puzzles and arabesques, I became famous rapidly. And celebrity for a painter means sales, profits, a fortune. Today I am famous andvery rich. But when I am alone I have not the courage to consider myself an artist. I am only a public entertainer, who has understood his time.'

I wonder whether this is enough to open the eyes of ourIndian modernists.

Bombay, May 8. *Jyotindra Roy*

મુ. શ્રી ફિરોઝશાહ મહેતાની 'ચિત્રરસિકા' જો છપાય તો મારું નામ જરૂર નોંધજો.

(વલસાડ) —નરેશ ભટ્ટ

∽

'મૉડર્ન આર્ટ' બાબત 'કુમાર'માં ઘણી વાર ચર્ચાપત્રો ને લેખો છપાયાં છે, તેથી આ સાથે 'ટાઈમ્સ ઑવ ઇન્ડિયા'માં (૧૨/૫ના રોજ) છાપવામાં આવેલો એક વાચકનો પત્ર આપની જાણ માટે મોકલું છું. (ઉપર છે તે જ.)

પાબ્લો પિકાસોની મજકૂર કબૂલાત તો 'દુનિયા ઝૂકતી હય, ઝુકાનેવાલા ચાહિયે'ની લોકોક્તિને સાર્થક કરે તેવી છે. બને તો એ કબૂલાત પ્રસિદ્ધ કરી 'મૉડર્ન આર્ટ'ના રસિયા ને કરવૈયાને સપ્રેમ અર્પણ કરશો.

(મુંબાઈ-૧) —માધુ ત્રી. શેઠ

∽

તા. ૧૪-૫-૬૫ના ટાઈમ્સ ઑવ ઈ.ના તંત્રીને પત્રો એ વિભાગમાં શ્રી જ્યોતીન્દ્ર રૉયની સહીથી આવેલો પત્ર આધુનિક કળાના ચાહકોની આંખો ઉઘાડી નાખે તેવો છે. આધુનિક કળાનો કલાકાર પિકાસો તેના મિત્ર મેડેલીન રુસ્સોના તંત્રીપણા હેઠળ ચાલતા સામયિક Living Museumમાં નીચે પ્રમાણે એકરાર કરે છે: 'લોકો હવે કળામાં કોઈ હૂંફ, આશ્રય કે પ્રેરણા શોધતા નથી. પણ આળસુ, પૈસાદાર અને સોફિસ્ટિકેટેડ લોકો કાંઇક નવું, ઉડાઉ અને સ્કૅન્ડૅલસ જોવા માટે જાય છે: અને 'ક્યુબિઝમ'ના વિકાસની શરૂઆતથી મેં મારા મનમાં ઊગતી અનેક (બિઝારી) ચીજોથી આવા લોકોને સંતોષ્યા છે. અને તેમાં જેટલું ઓછું તેઓ સમજ્યા તેટલું વધુ વખાણ્યું છે. આ નકામી રમત, આ ચિત્ર–કોયડા અને 'ઍરૅબેસ્ક્સ'થી મેં મારી જાતને રમૂજ પમાડી છે. હું ઝડપથી પ્રખ્યાત થયો...અને ચિત્રકારની મહાનતા એટલે વેચાણ–નફા–અને પૈસા. આજે હું પ્રખ્યાત અને પૈસાદાર છું. પણ જ્યારે એકાંતમાં હું મને ખોળું છું ત્યારે મારી જાતને એક કલાકાર કહેવાની મને હિંમત થતી નથી. હું માત્ર સમયને ઓળખીને જમાના પ્રમાણે ચાલનારો એક જાહેર વિદૂષક–પબ્લિક એન્ટરટેઇનર–છું.

(મુંબાઈ-૩) —વિનોદચંદ્ર હ. મહેતા

ભલે અરંગી છતાં અત્યંત મુલાયમ રેખાઓથી સુસજ્જ 'કાલીયદમન'નું ચિત્ર (ચિત્ત રંજયતિ યઃ સઃ ચિત્ર) જોઈ ખરેખર આનંદ થયો. આધુનિક (મૉડર્ન) ચિત્રકારો આવું નયનરંજક અને ચિત્તને પ્રસન્ન કરનાર ચિત્ર આ જ વિષય ઉપર બનાવે તો બને વચ્ચેના સામ્યની કદર કરી શકાય.

'ઘરગથુ ઔષધ'ની વનસ્પતિનું રેખાંકન ને સર્વાંગી વર્ણન અપાય તો ઓળખવી સહેલી થાય. એનો ઔદ્યોગિક ઉપયોગ પણ આપી શકાય તો વધુ રસદાયક બને.

(અંજાર) —રણજિતસિંહ પમાણી

'પચ્ચીસ વર્ષ પહેલાં'એ વિભાગમાં શ્રી ઉમાશંકર જોષીનો પરિચય આપતાં વપરાએલા શબ્દો, 'કેળવણીની દુકાનો સરખી હાઇસ્કૂલોનાં ગોદામો જેવાં છાત્રાલયમાં' ખૂબ ગમ્યા. એ શબ્દો આજે અક્ષરશઃ સાચા પડતા નથી લાગતા? આજની હાઇસ્કૂલો કેળવણીનાં કારખાનાં જેવી બની ગઇ છે, શિક્ષકો વ્યાપારી મટી ઉદ્યોગપતિઓ બની ગયા છે, જ્યારે છાત્રાલયો માત્ર 'ગોદામો' રહેવાને બદલે 'ગમાણો' જેવાં બની ગયાં છે, જેમાં ઘાસમાંથી બનાવેલાં પુસ્તકો વિદ્યાર્થીઓને નાખવામાં આવે છે ને જે વિદ્યાર્થીઓ પરીક્ષા ઉપર ગોખી જાય છે. ગોખાએલું પરીક્ષા બાદ ભૂલી જવામાં આવે છે, કારણ કે આજનો વિદ્યાર્થી પરીક્ષા અને જીવન વચ્ચે કોઈ સામ્ય નથી જોતો, પણ વિરોધાભાસ અનુભવે છે. શ્રી ઉમાશંકરભાઇએ તો 'છાત્રાલયનાં છ વર્ષ'માં દુનિયાનો મોંઘો અનુભવ મેળવી લીધો, પણ આજનો વિદ્યાર્થી પંદર વર્ષના શિક્ષણ બાદ શું મેળવે છે? કંઈ જ નહિ. ઊલટું વારસામાં મળેલા સંસ્કારો પણ કૉલેજના વાતાવરણમાં જઇને ધોઈ આવે છે. પરિણામે તે શ્રમની શરમ અનુભવે છે, વડીલોથી દૂર ભાગે છે, પોતે માનેલા આદર્શની ઘેલછામાં વાસ્તવિકતાથી દૂર રહે છે. અને કૉલેજના કારખાનામાંથી સિગારેટના ડબ્બાની જેમ ફેંકાએલા આજના યુવાનો 'wastage' રૂપે સમાજને બોજા રૂપ થઈ પડે.

(પોરબંદર) —હરજીવન થાનકી

∽

શ્રી દુષ્યંત વસાવડાના પ્રશ્ન વિષે: ઉપલા હોઠની મધ્યમાં આવેલા ખાડાને અંગ્રેજીમાં 'Philtrum' કહે છે. એ શબ્દની ઉત્પત્તિ 'Philter' (Love Charm) ઉપરથી થઈ છે. પાશ્ચાત્ય દેશોમાં સામાન્ય એવી ચુંબનની પ્રથાને એ સાથે સંબંધ હશે? આપણી ભાષામાં એ અર્થને લગતો શબ્દ હોવો જોઇએ.

(જૂનાગઢ) —પ્રસન્ન વછરાજાની

∽

ઉપલા હોઠની મધ્યમાં આવેલા ખાડાવાળા ભાગનું ગુજરાતી નામ તો આવડતું નથી પણ અંગ્રેજીમાં 'Philtrum' છે. એને 'Hair Lip' પણ કહે છે. તે ત્રણ ભાગનો બનેલો છે: ખાડાની બે બાજુના અને ખાડાનો ભાગ જુદો છે ને તેથી 'નાક'-'કાન'ની રચના કદાચ દાકતરી વિભાગમાં ભણતો વિદ્યાર્થી સહેલાઈથી ભૂલી શકે કે બહુ અગત્યની ગણી યાદ ન રાખે તો ચાલે, પણ આ વિશિષ્ટ રચના તે અચૂક યાદ રાખે છે.

(અમદાવાદ) —દિનુભાઈ માંકડ

પિકાસોએ ‘લિવિંગ મ્યૂઝિયમ’માં એક નિવેદન દ્વારા જે ખુલ્લા દિલનો એકરાર કર્યો છે તેના નાના ફકરા ઘણી મોટી વાત કરી જાય છે.

મૉડર્ન આર્ટને નામે રજૂ થતા કઢંગા, બેડોળ ને વિચિત્ર પ્રયોગોનો જ્યાંજ્યાં વિરોધ થાય ત્યાંત્યાં પિકાસોને આગળ ધરીને કલાકારો અને વિવેચકો બચાવ કરે છે ને વિરોધ કરનારને કલાનો કક્કો નહિ જાણનારા બુદ્ધમાં ખપાવીને ઉતારી પાડવાનો પ્રયાસ થાય છે. પરંતુ હવે પિકાસોએ પોતે જ એનું રહસ્ય ખોલ્યું છે.

પિકાસોની આ પેટછૂટી વાત ઘણાને વિચારમાં નાખી દે તેવી છે અને હજારો વર્ષનો ભૂતકાળનો ઇતિહાસ જેની યશગાથા ગાઈ રહ્યો એવી ચિત્રકલાની સુંદર દુનિયાને હવે વધારે બદસૂરત બનાવતાં અટકવું હોય તો આધુનિક કલાકારો અને વિવેચકો માટે પિકાસોએ લાલ બત્તી ધરી છે.

પરંતુ હવે ઘણા કલાકારો અને વિવેચકો માટે થૂંક્યું ગળવા જેવી હાલત થઈ છે, એટલે સ્વાભાવિક રીતે જ એ લોકો કહેવાના કે પિકાસોની વાતો હમેશાં ઢંગધડા વગરની હોય છે માટે એની વાતોને મહત્ત્વ આપવાનો કંઈ અર્થ નથી. પિકાસોના આ નિવેદનમાં જે લોકો સાંભળવા માગતા હશે તેને સચ્ચાઇનો રણકાર અચૂક સંભળાશે, પણ જે લોકો જાગતા હોય છતાં ઊંઘવાનો ડોળ કરતા હોય એવા લોકોને જગાડવાનું કાર્ય મુશ્કેલ છે.

(રાજકોટ) —હિંમતભાઈ મહેતા

અંક ૪૯૭માં મારા ‘ટીલિયા સાવજ’ લેખની નવમી લીટીમાં ‘માઇની’ ટીંબીને બદલે ‘સાંઈની’ ટીંબી જોઈએ. ૧૭-૧૮મી લીટીમાં ‘તેનું નામ મેં રેલ્વે મૅનેજર પંડ્યા સાહેબ પાડેલું’ એમ જોઈએ.

(જૂનાગઢ) —દત્તાત્રેય મોરેશ્વર ફાટક

મારું રૂબરૂ કરેલું સૂચન ધ્યાનમાં હશે. ગધપધ સ્વામીઓના ફુલ સાઈઝ ફોટો ‘કુમાર’ દ્વારા ગુજરાતને નહિ આપો? કુમાર ચંદ્રક વિજેતાના પણ ફોટા લો. જે તે લેખકોની વર્ષગાંઠ કે સ્મૃતિ નિમિત્તે આપો.

(ખત્તલવાડા) —ઈશ્વરચન્દ્ર ભટ્ટ

‘કુમાર’ના જન્મદિનથી પરિચિત છું—જ્યારે હું ગુજરાત વિદ્યાપીઠમાં ભણતો હતો ત્યારથી જ. તેનો પ્રથમ અંક બહાર પડ્યો ત્યારે તો મારા જેવા ભણતા અનેક વિદ્યાર્થીઓ તેમજ મોટેરાઓ પણ આશ્ચર્યમુગ્ધ થઇ ગએલા. આમ વરસો સુધીનું મારું વાચન આ માસિકનું છે. તેની પ્રશંસા કરવાનું અત્યાર સુધી મેં ટાળેલું. પરંતુ મને લાગ્યું કે મારી શુભ લાગણીઓ જણાવવી. ‘કુમારે’ હવે નીચે પ્રમાણે પ્રકાશન કરવાની જરૂર છે:

૧) ‘વનેચરે’ (શ્રી હરિનારાયણ આચાર્યે) આપણાં પક્ષીઓ વિષે જે માહિતી એકત્ર કરી છે તે પુસ્તકરૂપે–સચિત્ર–અને બને તો રંગીન ચિત્રો સાથે પ્રસિદ્ધ કરવી. આવું પુસ્તક ગુજરાતમાં અદ્વિતીય થશે. ૨) અત્યાર સુધી પ્રતિમાસે અનેક જાણીતી વ્યક્તિઓની જીવનકથાઓ સારી અને આકર્ષક શૈલીમાં લખાઈ છે તે નવયુવકો ને ઊગતી પ્રજા માટે પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરવાની જરૂર છે. ૩) જૂના અંકો તો ફરી ન છપાવી શકાય, પરંતુ સુયોગ્ય પસંદગી કરીને, ત્રણત્રણ વર્ષના ‘કુમાર’ લેખોની ચૂંટણી ઘણી આવકારપાત્ર થઈ પડશે. ૪) શ્રી રવિશંકર રાવળનાં ‘જીવનપટનાં સ્મૃતિચિત્રો’ તો પુસ્તકાકારે અવશ્ય પ્રસિદ્ધ થવાં જોઇએ. ૫) અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થએલી વિધવિધ દેશોની ટિકિટોનાં મુદ્રણ પણ નવયુવકોને સુંદર કળા પૂરી પાડે તેમ છે. ૬) મુ. શ્રી રાવળનાં ચિત્રો પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવાનો મનસૂબો સંસ્થા કરી રહી હોવી જોઇએ. આમાં તો નવગુજરાતની કોઈ અમૂલ્ય અને દ્વિતીય સેવા થશે. ચિત્રો નીચે ટૂંકી પણ પ્રાસાદિક સમજ આવે તો સોનામાં સુગંધ ભળ્યા જેવું થાય. ૭) જમાના પ્રમાણે વૈદકીય ઉપચારો અને તેનાં આનુષંગિક પરદેશી ઉપચારો ઈત્યાદિ જણાવતું તમે ઘણુંઘણું આપ્યું છે, તે પણ હવે પુસ્તકરૂપે જે તે લેખક રજૂ કરે તો પ્રજાની સુંદર સેવા થાય. ૮) શબ્દકોષને મદદ થાય તેવી સામગ્રી તથા ગણિત-ગમ્મતો અને ગુજરાતી સુભાષિતો તથા કહેવતો એ જૂની સામગ્રીને નવીન રૂપે રજૂ કરી છે. એ કાંઇ ઓછી સેવા છે?

આવી વિધવિધ સામગ્રી આમ જાહેરમાં મૂકવાનું કામ કરનારાં હિંદમાં કેટલાં માસિક પત્રો હશે? અનેક ક્ષેત્રોમાં આ માસિકે ઘણી વાર તલસ્પર્શી અને સચોટ સામગ્રી સમાજ આગળ ધરી છે. અત્યારે કરી રહ્યા છો તેવી સેવા અને તેનું વિતરણ ચાલુ રાખશો. મારા જેવાને આ ઉમરે પણ યુવાવસ્થા જેટલો ઉત્સાહ રહે છે તે જેવુંતેવું ગણાય?

(પંડોલી) —ઈશ્વરભાઈ નરસિંહભાઈ પટેલ

કુમાર

જૂન ૧૯૬૫ · અંક ૪૯૮

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૫; પરદેશમાં રૂ. ૧૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ : રૂ. ૧-૫૦

કુમાર · આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક
વર્ષ ૪૨ મું · અંક ૬ઠ્ઠો · જૂન ૧૯૬૫ · સળંગ અંક ૪૯૮

શોધ / ચન્દ્રકાન્ત શેઠ

· સવૈયા ·

ધોળે દા'ડે, ખરે બપોરે જોયું:
ઊભી વાટે વાટ રૂંધતું પડછાયાનું ટોળું!

ચશ્માની આંખો પર અંધા અંધારાના કાચ!
કાંટા જેના ફરે ન એ ઘડિયાળે બાંધ્યા હાથ!

તાર વિનાનાં જંતર વાગે કાન બહેરા ડોલે!
નાક ટેરવે ઊંચે જાણે ભાર ભોમનો તોલે!

કોઈ મહિષ પર બેઠા, ને કોઇ ઘેટાં પાછળ ઘેલા,
કોઈ ઘૂવડ ચખ મીંચી કેતા: 'અમે સૂર્યથી પ્હેલા!'

કોઇ પાઘડી તળે દબાયા, બેઠા શકે ન ઊઠી!
કોઇ દીવાલો ઓઢી સૂતા માને દુનિયા સૂતી!

મુખ રેતીમાં ખોસી નિર્ભય શાહમૃગો શા મ્હાલે!
મત્સ્યતણો અવતારપ્રભુનો બગલાભલા વખાણે!

પોતાનો ના હાથ પહોંચે ત્યાં મસ્તકને મૂકી,
જપમાળાના મણકે બાંધ્યા બોધ રહે સૌ ફૂંકી.

ખોપરીઓમાં ભરી કાંકરા ફરી ફરી ખખડાવે;
પીળાં પાન સમાં સૂત્રોને હવા મહીં ફરકાવે!

શ્વાનતણી પૂછડીઓ બાંધી પડઘાઓને ઝંડે,
સૂનકારનાં ઢોલ પીટતા સડી ગએલા દંડે!

મૌન ધરે મુખ ત્યાં 'છાયાનાં મ્હોરાં ચપચપ બોલે
મશાલ આગળ ધરીધરીને સૂરજ ક્યાં તે ખોળે!

પડછાયાને જોતાં શંકિત સૂરજ પણ અવ ગોતે
કોઇ તણો પડછાયો થઇને રહ્યો નથી ને પોતે?!

વિદાય / દિલીપ ઝવેરી

· ગાન ·

સ્વપ્ન બની ઓસરી જવું તવ દગોની પાર.

ફૂલ હું મારા બાગ કનેથી પાલખી વહી જાય,
ભીતર બેઠી, ગંધનાં કેવલ સ્મરણ લહી જાય;
પિછાન નહિ પાંખડીની તો ય, હૃદય જેને વિદાયકેરો ભાર,
સ્વપ્ન બની ઓસરી ગઈ તવ દગોની પાર.

પ્રગટ્યું તારે મન કો' મારું રૂપ, છતાં ના સાચ,
મુખ તેં તા_ નિરખ્યું તો યે અળગો રહ્યો કાચ.
એકબીજાની વિયત સ્મૃતિ વિજન ગૃહે સરજી દે સંસાર,
સ્વપ્ન બની ઓસરી જતી તો ય દગોની પાર.

આકાશ / સુભાષ શાહ

· અભ્યસ્ત હરિગીત ·

આકાશની આ ચાળણી
અંધારને ચાળી રહી,
ને દેહનાં સૌ છિદ્રમાંથી
વેદના વાયુ બની સરકી રહી.
રોમ સઘળાં જોરથી ખેંચાઇને
આકાશના તારા સહે કેવા ગૂંથાયા?
ને કો'કની ઋજુ અંગુલિનો સ્પર્શ!
રોમની તંત્રી જરી કંઇ કંપતી
રે કંપતી એવું અશું
કે આર્તનાદો કો' મધુરું ગીત થઈ
ધીમે ધીમે
આકાશમાં પ્રસરી રહ્યા.

અંધાર / ચિનુભાઈ મોદી

· સવૈયા ·

હવડ વાવના કોઈ ખૂણામાં
બેઠેલો અંધાર,
કરોળિયાનું જાળું તોડી
નીકળી આવ્યો બ્હાર,
ગામ વચાળે આવી એણે
ઑગાળ્યો આકાર,
કોઈ ઉદાસીન ઘરમાં પેઠો
હવા થઈ તત્કાળ.

માર્જારીની આંખે બેઠો
'હાશ' કરીને જેહ
કાય વધારી ઘર આખાને
ભરડો લેતો એહ.

ભરડા—ભીંસે વર્ષો-જૂનું
અટક્યું રે ઘડિયાળ
વાગોળોની પેઠે લટકે
ઊંધે માથે કાળ.

ઘરની થરડી દીવાલોનો
ગર્ભ કરે સંચાર
માટીમાંથી જનમ લઇ લે
રિક્ત રિક્ત સૂનકાર.

છું / રાજેન્દ્ર શુક્લ

હું તો ધરાનું હાસ છું,
હું પુષ્પનો પ્રવાસ છું,
નથી તો ક્યાંય પણ નથી,
જુઓ તો આસપાસ છું!

વિ ચા ર વિ શે ષ

સંસ્કારધનની ઉપેક્ષા

ટેક્નૉલૉજીની પ્રયોગશાળાઓ ને લોખંડ-પોલાદ કરતાં દેશના સંસ્કારધનના રખેવાળો સમા શિક્ષકો અને ગુરુઓ પાછળ આપણા દેશની યોજનાઓના ઘડવૈયાઓએ અઢાર વર્ષ પહેલાં વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું હોત, તો આજે આપણે વિશાળ બંધોમાં ઓછી તિરાડો જોવા પામત, ભાષાકીય અને પ્રાંતીય દાવાનળો ઓછા થાત, આપણાં 'ખાનગી' ને 'જાહેર' કારખાનાંમાંથી તકલાદી ને વળી મોંઘીદાટ ચીજો ઓછી નીકળત; વિદ્યાર્થીઓમાં અશિસ્ત ઓછી હોત; વેપારીઓ, રાજકારણીઓ, સરકારનાં વહીવટી ક્ષેત્રો, ધંધા વગેરેમાં લાંચ-રૂશ્વતનું જોર ઓછું હોત; અને દિલ-સચાઈ, સદાચાર તથા નાગરિકત્વની ભાવના અનેકગણી હોત.

પશ્ચિમના વિચારો અને સલાહકારોના લશ્કરના સહારે આપણા યોજકોએ આંખો મીંચીને પોતાનું લક્ષ્ય માત્ર પ્રજાની કેવળ આર્થિક જરૂરતો ઉપર જ કેન્દ્રિત કર્યું. મબલખ રાષ્ટ્રીય ઉત્પાદનની મરીચિકા ભણી તેમણે આંધળી દોટ કરી; પરંતુ આર્થિક લક્ષ્યાંકે આંબવામાં દેશ નિષ્ફળ ગયો, કારણ કે જિંદગીની ઝંઝાઓ સામે ઝૂઝવા ભારતનો દુર્બળ અદનો માનવી હજી પૂરો સજ્જ થયો નહોતો. બેશુમાર જરૂરિયાતોને સંસ્કૃતિનું પ્રતીક માનવામાં આવી અને પરંપરાથી પ્રસન્ન રહેતો આવેલો આપણો સામાન્ય માનવી પહોંચી શકે એ કરતાં ઘણાં ઊંચાં આસને ચડીને આપણા વેપારી ધુરંધરો અને રાજકારણી મુરબ્બીઓ બેસી ગયા.

આમ છતાં ય નિરાશાના વમળમાં ખૂંપવાની જરૂર નથી. આપણી ભૌતિક અને અધિભૌતિક જરૂરિયાતો વચ્ચે સમતુલા જાળવીને, ભારતના નવનિર્માણના કાર્ય ભણી દેશના કરોડો હતાશ માનવીને વાળીને તેનામાં અદીઠ શક્તિઓને જાગૃત કરવાનું અને નાથવાનું હજી પણ શક્ય છે. એ માટે જરૂર છે આપણી યોજનાઓના ઘડવૈયાઓના દૃષ્ટિબિંદુમાં આમૂલ ક્રાંતિકારી પરિવર્તનની. સાથેસાથે જરૂર છે આ સઘળી આવશ્યકતાઓને સમજીને જીવનમાં ઉતારી શકે એવી સજાગ કાર્યરત જનતાની—જેનો ટેકો અનિવાર્ય છે. આ પ્રકારની સ્વસ્થ સમતુલા સ્થપાશે કે આપોઆપ પેલા સંસ્કારધનની મૂલવણી થશે જ.

[એ. એસ. ભાઠેના (ટાઈમ્સ ઑવ ઇન્ડિયા)]

ગુજરાતની આદિમ અને અગ્રણી વિદ્યાસંસ્થાને આધુનિકતાના ઉચ્ચ પાયા ઉપર મૂકીને

લેખક

ડૉ. મધુસૂદન પારેખ

ભરૂચ જિલ્લાના હાંસોટ ગામમાં દશા લાડ વણિક જ્ઞાતિમાં રણછોડદાસ પારેખ એમની શરાફતને કારણે પંકાએલા હતા. બ્રિટિશ સરકાર તરફથી તેમનાં ગામો પેટે વાર્ષિક રૂ. ૧૩૧-૮-૦નું સાલિયાણું મળતું. ગામમાં જમીન-જાગીર પણ હતી. હાંસોટમાં શ્રીમાળી વાણિયાની વસતિ પ્રમાણમાં વિશેષ. એમણે દશા લાડ વણિક જ્ઞાતિ સાથે રોટી-વહેવાર રાખ્યો પણ બેટી-વહેવાર ન રાખ્યો, એટલે રણછોડદાસ પારેખના કુટુંબે સુરત તથા સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાની દશા લાડ વણિક જ્ઞાતિ સાથે રોટી-બેટીનો સંબંધ બાંધ્યો.

રણછોડદાસ પારેખને ચાર દીકરા : કૃષ્ણલાલ, ચિમનલાલ, ત્રિભુવનદાસ અને છગનલાલ. એમના ત્રીજા પુત્ર ત્રિભુવનદાસ હાંસોટમાં શિક્ષણ પામી, જ્યુડિશિયલ ડીપાર્ટમેન્ટમાં કારકુનની પદવીએથી ધીમે ધીમે આગળ વધીને અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં ડેપ્યુટી નાજર બન્યા હતા. ત્રિભુવનદાસ પારેખ મજબૂત બાંધાના, ઊંચા અને તંદુરસ્ત હતા. સ્વભાવે પણ તે મળતાવડા હતા. તેમનું લગ્ન સુરત જિલ્લાના ઓલપાડ મુકામે દામોદરદાસ ભગવાનદાસ કિનારીવાળાની દીકરી રુક્મણી સાથે થયું હતું. તે પણ શરીરે તંદુરસ્ત અને કામગરાં હતાં. આ લગ્નથી તેમને પાંચ સંતાન થયાં. તેમાં સૌથી મોટા તે હીરાલાલ—આ લખનારના પિતા. અમે બચપણથી જ તેમને 'મોટા શેઠ'ના ધરુકા નામે ઓળખતા. એ નામ અમે એક નોકર પાસેથી શીખ્યા હતા.

મોટા શેઠને બે નાના ભાઇઓ હતા. સાકરલાલ અને ઈશ્વરલાલ ઉર્ફે કીકાભાઈ. એમની મોટી બહેનનું નામ નંદગૌરી અને બધાંમાં નાની બહેન તે ચંદ્રમણિ ઉર્ફે કીકીબહેન. આ પરિવારમાં આજે સાકરલાલ તથા કીકાભાઇ નિવૃત્ત જીવન ગાળે છે, નંદગૌરી અવસાન પામ્યાં છે અને કીકીબહેન પોતાના પુત્રપરિવાર સાથે જીવન વિતાવે છે.

મારા પિતાશ્રી, એટલે કે 'મોટા શેઠ'નો જન્મ સુરતમાં ર૭મી એપ્રિલ ૧૮૮ર ને ચૈત્ર સુદ દશમને રોજ એમના મોસાળમાં, દામોદરદાસ કિનારીવાળાને ત્યાં થયો હતો. એમનું બચપણ લાડકોડમાં વીત્યું. એમના પિતા ત્રિભુવનદાસની નોકરી અમદાવાદમાં થઈ તે અગાઉ તેમણે પોતાનું પ્રાથમિક શિક્ષણ સુરતની ગવર્નમેન્ટ સ્કૂલમાં પૂરું કરી લીધું હતું.



ગુજરાત વર્નાક્યુલર સોસાએટી (હવે ગુજરાત વિદ્યાસભા)ના આસિ. સેક્રેટરીને પદે યુવાન વયે જોડાયા ત્યારે

મોટા શેઠના બચપણ વિષે કંઈ ખાસ માહિતી મળતી નથી, પણ વડીલો પાસેથી જાણવા મળે છે કે ઘણી વાર તે તોફાનોથી દાદા (માતામહ)ને અકળાવી મૂકતા. દાદા એમની રખડપટ્ટી અને મસ્તીથી કંટાળીને નિશાળમાં હેડમાસ્તર પાસે તેમના અભ્યાસની પૂછપરછ કરવા જતા, તો ત્યાં એમનો નંબર પ્રથમ પંક્તિમાં જોઈ તાજુબ થઈ જતા.

પિતા ત્રિભુવનદાસ અમદાવાદ આવી વસ્યા એટલે માધ્યમિક શિક્ષણ માટે તે ત્યાં આર. સી. હાઈસ્કૂલમાં દાખલ થયા. નાનકડી પોતડી, લાંબો કોટ અને ભરત ભરેલી ટોપી એ તેમનો તે વખતનો ખાસ પોશાક હતો. કિશોરાવસ્થાથી જ તેમને ઇતિહાસનો વિષય અત્યંત પ્રિય હોવાથી પ્રાચીન તેમજ મધ્યકાલીન ઇતિહાસની હકીકતો જાણવા સદા ઉત્સુક રહે અને જૂના સિક્કા, હસ્તપ્રતો, મસ્જિદ, રાજા-મકબરા તેમજ જૂનાં શિલ્પ-સ્થાપત્ય વિષે તેમને તીવ્ર જિજ્ઞાસા રહેતી. શાળાજીવન દરમ્યાન સાહિત્યની કંઈ વિશેષ અભિરુચિ હોય એમ જણાતું નથી. પણ પાછળથી એ શૉખ ખૂબ ખીલ્યો.

નિશાળમાં એમની બીજી ભાષા ફારસી હતી તે એમના ઇતિહાસ વિષય માટે તેમને જરૂરી જણાઇ હશે. પરંતુ સાહિત્યનો રસ ખીલ્યા પછી સંસ્કૃત ભાષાની ઊણપ તેમને ખૂબ સાલવા માંડી એમ તેમની એક નોંધપોથી પરથી જણાય છે. સત્યનારાયણની કથા સંસ્કૃત તેમજ ગુજરાતીમાં વાંચીને કે ગીતાપાઠ દ્વારા તેમણે સંસ્કૃત શીખવાનો ખૂબ પ્રયત્ન કર્યો. ધર્મ વિષે તેમની અપાર શ્રદ્ધા હતી. રામાયણ, ગીતા, સંતોનાં ચરિત્રો, તેમજ પરદેશી ચિંતનગ્રંથોનું તેમણે વારંવાર સેવન કર્યું જણાય છે. એમની નોંધપોથીમાં તેના ઉલ્લેખો અવારનવાર મળે છે. ગીતા વિષે તો તેમની ખૂબ ભક્તિ હતી. અમારામાં પણ ધર્મના સંસ્કાર બચપણથી જ જાગ્રત કરવા તે સતત પ્રયત્નશીલ રહેતા. મને સ્મરણ છે ત્યાં સુધી તેમણે અમને ત્રણે સંતાનોને પ્રોત્સાહન આપવા માટે ગીતાના એક એક શ્લોકના મુખપાઠ બદલ એક એક રૂપિયાની લાલચ પણ આપી હતી, પણ અમે કોઇ એ લાલચમાં લપટાયા નહિ! છેક કૉલેજકાળ દરમ્યાન ગીતાવાચનનો સુયોગ મને સાંપડ્યો.

શાળાજીવનથી જ તે ગંભીર પ્રકૃતિના હતા, એટલે વ્યાયામથી તો એ વંચિત જ રહી ગયા. એ ખોટ એમને પાછળથી ખૂબ નડી. અમે ત્રણ એમનાં સંતાનો–સૌથી મોટા ગમનલાલ, વચેટ મધુસૂદન (આ લખનાર) અને સૌથી નાનો રણજિત (જેના સાવ નાનકડા બાંધાને લીધે બધાં તેને ટેણી કહેતા)–પણ શરીરે સંપન્ન નહોતા જ. એટલે એમણે અમારી વિદ્યાવસ્થાથી જ અમને વ્યાયામનો રસ લગાડવા માંડ્યો. અમને સૂર્યનમસ્કાર શીખવવા વ્યાયામ શિક્ષક રોકેલા. અમને રોજ વ્યાયામશાળામાં જવા તે પ્રેરતા, પર્યટને મોકલતા અને અમારો ક્રિકેટ-શૉખ જોઈ ખૂબ હરખાતા. અમારામાંથી સંજોગવશાત્ કોઈ મૅચમાં 'નામના' કરી આવે તો ઈનામ પણ આપતા. એમનામાં ખાનપાનનો–ખાસ કરીને ફરસાણનો–શૉખ, મોજીલાપણું, પરોપકારકતા, નિખાલસતા વગેરે સુરતી જીવનનાં લક્ષણો સારી પેઠે વાર-

પોતાના શાન્ત, સ્થિર ને કર્તવ્યનિષ્ઠ જીવન દ્વારા અદીઠ સંસ્કાર-સેવા કરી જનાર

મારા પિતાશ્રી હીરાલાલ ત્રિ. પારેખનું ચરિત્ર લખવાની કેટલા ય સમયની ઇચ્છા પૂરતી સામગ્રીના અભાવે તેમજ મારી અન્ય પ્રવૃત્તિઓનાં રોકાણોને લીધે બર આવતી ન હતી. પણ શ્રી બચુભાઈ રાવતે એ માટે સતત આગ્રહ કર્યા જ કર્યો અને એને પરિણામે આટલું તર્પણ કરવાનો મને મોકો મળ્યો, તે માટે શ્રી બચુભાઇનો ખૂબ આભારી છું. ¶ આ ચરિત્રને લગતી વિવિધ સામગ્રી મારા કાકા શ્રી સાકરલાલ ટી. પારેખે અત્યંત શ્રમ લઇને એકઠી કરી આપી છે. મોટાભાઈ પ્રત્યેની એમની એ મમતાનો ઉપકાર શો માનું? આંખે હમણાં જ મોતિયો ઉતરાવ્યો હોવા છતાં આખો લેખ વાંચી જઈને સુધારાવધારા સૂચવ્યા. આનો જે કંઈ યશ હોય તો તે એ વડીલને છે. —મ. પા.



હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ

સામાં ઊતર્યાં હતાં. ઉજાણીમાં તે ઉત્સાહપૂર્વક ભાગ લેતા અને ઘણી વાર તો પોતે જ પર્યટનોની યોજના પણ ઘડી કાઢતા.

ઓગણીસમી સદીના અંતભાગમાં બાળલગ્નનો ચાલ સમાજમાં વ્યાપક હતો. મારા પિતાશ્રી પણ નાનપણથી 'ઝડપાયા' હતા. ઈ. સ. ૧૮૯૬માં ચૌદ વર્ષની વયે ઓલપાડ ગામે શ્રીજભૂખણદાસ ઇચ્છારામ શેઠની નવ વર્ષની દીકરી જડાવ ઉર્ફે જમના સાથે તેમનું લગ્ન થયું. છતાં સદ્‌ભાગ્યે અભ્યાસમાં કશી હરકત આવી નહિ. ઈ. સ. ૧૯૦૦માં આર. સી. હાઇસ્કૂલમાંથી મૅટ્રિક પસાર કરી ગુજરાત કૉલેજમાં દાખલ થયા. પણ પ્રીવિયસનું વર્ષ ભારે વસમું પડ્યું. તેમાં એ લાગલાગટ ત્રણ વર્ષ નાપાસ થયા. આવી સતત નિષ્ફળતા કુટુંબને મોંઘી પડે તે સ્વાભાવિક હતું, એટલે પિતા અને બીજા વડીલોના દબાણ હેઠળ તેમને અભ્યાસ મૂકી દઇને ૧૯૦૪માં નાગપુર મુકામે સરકારી ખેતીવાડીખાતાની નોકરીમાં જોડાઈ જવું પડ્યું. આ વર્ષ તેમને ભારે મંથનનું હતું. ત્રણ વર્ષ નાપાસ થવાથી દિલમાં હતાશા હતી, છતાં તેમનામાં રહેલો વિદ્યાવ્યાસંગી જીવ વાચન અને અભ્યાસ માટે વલખાં મારતો હતો. બીજી બાજુ દબાણથી નોકરીમાં જવું પડતું હતું. તેમાં પોતાને નહિ મોકલવા માટે તેમણે વડીલ કાકાને એક આજીજી ભર્યો પત્ર પણ લખેલો. પહેલી માર્ચ ૧૯૦૪ના રોજના એ પત્રમાં તેમણે લખ્યું છે: '...My views are totally against 'taking service'. I don't like it. If you will force upon it, I will do it...' અને ઉમેરે છે: 'I must do something; it could not go on my sitting idly and doing nothing...' અને વિનવે છે: '...let me study for medicine or apprentice me for some mercantile profession...' અને તેમાં તે 'sincere will & desire to join in Medical College, Madras' વ્યક્ત કરે છે.

પરંતુ આ ઉધામા નિષ્ફળ નીવડ્યા લાગે છે. નાગપુરથી તેમણે ખેતીવાડીની નોકરી પ્રત્યે તિરસ્કાર વ્યક્ત કરતા પત્રો વડીલો પર લખ્યા છે. એમના એક વડીલ ભાઈ રાવભાઈ (જીવણલાલ ગુલાબદાસ ભગત) પરના એક પત્રમાં તેમણે આ નોકરી છોડી પોતાના ગામમાં શિક્ષણખાતામાં નોકરી કરવાની ઇચ્છા દર્શાવી છે અને નોંધ્યું છે: 'I am totally inclined to resign this post'. બીજો એક પત્ર એમના કાકા ચિમનલાલને પણ લખ્યો છે. પરંતુ વહેવારકુશળ અને પ્રારબ્ધવાદી વડીલો એમની ભાવના કદાચ સમજી શક્યા નથી. ચિમનકાકા ૨૧મી ડિસેમ્બર ૧૯૦૪ના પત્રમાં તેમને નોકરી નહિ જ છોડવાની સલાહ આપે છે. તેમનો જીવ સોરાયા જ કરે છે. તેમનાં માતામહની ઇચ્છા પણ આ નોકરીની વિરુદ્ધ છે. પરંતુ તેમનો વિચાર તેમને વળી ધંધામાં—ટોપીઓની દુકાને બેસાડવાનો છે! યુવાન હૃદયના અજંપા કોઈ વડીલ સમજી શકે તેમ નથી એમ લાગવાથી આખરે તેમણે સાહસ કર્યું. નોકરી મૂકીને સીધા અમદાવાદ આવી ૧૯૦૫માં ફરી કૉલેજમાં જોડાઈ ગયા. પછી તો તેમણે ચપોચપ પરીક્ષાઓ પસાર કરવા માંડી. એક પણ વર્ષ ગુમાવ્યા વિના તે ઈ. ૧૯૦૮માં બી.એ.ની પરીક્ષામાં ઇતિહાસનો ઐચ્છિક વિષય લઈ બીજા વર્ગમાં પસાર થયા અને કૉલેજમાં દક્ષિણા ફેલોનું પદ પ્રાપ્ત કર્યું.

કૉલેજના અભ્યાસકાળમાં એમનો જીવ ખૂબ કૉળ્યો ને એમની બૌદ્ધિક શક્તિઓ પાંગરવા માંડી. એ ઉપરાંત તેમને ઉત્તમ કોટિના વિદ્વાનો અને સંનિષ્ઠ અભ્યાસપરાયણ વિદ્યાર્થીઓની સંગતનો લાભ મળ્યો, વાચનની તેમને જબરી ભૂખ હતી. ઈ. સ. ૧૯૦૭માં શ્રી ભોગીલાલ કેશવલાલ પટવા સીનિયર ફેલો હતા ત્યારે લાયબ્રેરીનો ચાર્જ તેમને હસ્તક હતો. એ શ્રી પટવાએ મીઠી ફરિયાદ કરી છે કે પુસ્તકો માટે મને સહુથી વધારે પજવનાર પારેખ હતા.

સાહિત્ય માટે તેમની અભિરુચિ વિકસતી જ ગઈ. ઇ. ૧૯૦૬માં તેમણે કૉલેજમાં 'લિટરરી કલબ'ની સ્થાપના કરેલી. દાદાસાહેબ માવળંકર સાથે એમને એ કલબ દ્વારા જ પરિચય થયો. એ બંનેના વિષયો બી.એ.માં જુદા હતા છતાં એમનો સંપર્ક ચાલુ રહ્યો અને તેમની મૈત્રી ખીલતી ગઈ તે જીવનભર ટકી રહી.

અમદાવાદમાં એ સમયે દયારામ ગીદુમલ જજ હતા. તેમણે શહેરના કેટલાક અભ્યાસવાંછુ યુવકો સાથે અંગ્રેજી સાહિત્ય વાંચવાની ઇચ્છા પ્રકટ કરી અને આચાર્ય શ્રી આનંદશંકર ધ્રુવ પાસે સાહિત્ય-

ગુજરાતનાં શિક્ષણ સાહિત્ય અને સંસ્કારનાં ક્ષેત્રોમાં સંગીન કામ કરી જનાર
આજથી અરધી સદી પહેલાંના આ અગ્રણીઓએ એમનું ઘડતર કર્યું.

















મથાળે: આચાર્ય આનંદશંકર બાપુભાઈ ધ્રુવ, અંબાલાલ સાકરલાલ દેસાઈ, રેવરન્ડ જે. પી. ટેલર; વચ્ચે: સર રમણભાઈ મહીપતરામ નીલકંઠ, રા. બ. લાલશંકર ઉમિયાશંકર ત્રિવેદી, દી. બ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ; નીચે: લેડી વિદ્યાબહેન ર. નીલકંઠ, ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરી.

ધોયા વિદ્યાર્થીઓનાં નામ માગ્યાં. આચાર્યે સૂચવેલાં નામોમાં મારા પિતા તથા દાદાસાહેબનાં નામ પણ હતાં. આ સત્સંગથી તેમની સાહિત્યાભિરુચિ સવિશેષ ફોળી ઊઠી. સાથેસાથે તેમનો ઇતિહાસછંદ તો ચાલુ જ હતો. ઇતિહાસ વિષે તે અવારનવાર લેખો લખ્યા જ કરતા. એમના યુવાન હૃદયમાં એ સમયે આશા અને ઉત્સાહનો અનેરો થનગનાટ હતો. દેશી ભાષાઓનો ઉદ્ધાર કરવાનાં, વિવિધ પ્રકારનું સાહિત્ય ગુજરાતમાં નિર્માણ કરવાનાં અને પોતાના જ્ઞાનનો ઉપયોગ દેશસેવા માટે કરવાનાં સ્વપ્નો તે સેવી રહ્યા હતા.

એ અરસામાં તરુણોમાં ગુજરાતની અસ્મિતા પ્રેરીને વિવિધ દિશાઓમાં પ્રવૃત્તિઓ આદરનાર રણજિતરામ તેમનું એક મોટું પ્રેરક બળ બની રહ્યા. રણજિતરામના પિતા વાવાભાઈ મહેતા એ વેળા ભદ્રમાં માવળંકરની હવેલીની નજીકમાં રહેતા. મારા પિતાશ્રી અને રણજિતરામનો સહવાસ વધતો જ ગયો. ગુજરાતનો ઇતિહાસ રચવા વિષેના મારા પિતાશ્રીના સ્વપ્નના પ્રણેતા પણ રણજિતરામ હતા. અલબત્ત એમના સિવાય બીજાં પરિબળોએ પણ તેમાં ભાગ ભજવ્યો હતો. એ પૈકી એક રેવરન્ડ ડૉ. જી પી. ટેલરે એમનો ઇતિહાસ રસ ખૂબ પોષ્યો હતો. પોતાને એકાદ જૂનો સિક્કો મળી આવે કે તરત તે ટેલર પાસે દોડી જતા. એક પ્રસંગે તેમની પાસે એક અતિ જૂનો સિક્કો જોઈ ટેલર પણ ચકિત થઈ ગયા અને સાભાર તેમણે એ સિક્કો સ્વીકાર્યો. એક જુવાન સંશોધક મિત્ર લેખે તે પિતાશ્રી પર ખૂબ સદ્ભાવ રાખતા. મારા પિતાશ્રી જ્યારે Numismatic Society of Indiaમાં સભ્ય તરીકે ચૂંટાયા ત્યારે ઈ. ૧૯૧૧માં શ્રી ટેલરે પોતાનો આનંદ વ્યક્ત કરતો ખાસ પત્ર તેમને લખ્યો હતો. અને એમણે જ્યારે ઈ. ૧૯૧૪માં Springer Research Scholarship માટે અરજી કરી ત્યારે પ્રમાણપત્રમાં શ્રી ટેલરે તેમને 'enthusiastic student of Indian Antiquities' તરીકે ઓળખાવીને તેમનો 'high opinion both of his ability & also of his attainment in this by-path of ancient knowledge' વ્યક્ત કર્યો હતો.

બીજા એક કૉલેજ-સહાધ્યાયી ચિમનલાલ ડી. દલાલે તેમનામાં સંશોધનવૃત્તિ જાગ્રત કરી અને એ શોખ ઉત્તરોત્તર (અનુ. પૃ. ૨૩૫મે)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર રાવળ

૧૮૩ મુંબાઈનું ચોમાસું

ટ્રેઈનમાં વડોદરા સુધી ઉકળાટ જ રહ્યો. જૂન મહિનાનાં વાદળાં ઘેરાતાં હતાં, પણ બફારો અને ગરમ હવા વ્યાકુળતા વધારતાં હતાં. ભરૂચ છોડયા પછી પશ્ચિમના દરિયાની હવા રાહત આપવા લાગી. વલસાડ પછી ઝાપટાં આવવા લાગ્યાં અને બધા કહેવા લાગ્યા કે મુંબાઈમાં ચોમાસું શરૂ થઈ ગયું હશે. સાંજ પડી ગઈ ત્યારે તો ગાડી વસઈની ખાડી વટાવતી હતી, અને તે વખતે જ વરસાદે સખત ઝાપટાં દેવા માંડયાં. આવો ખુલ્લો ધોધમાર વરસાદ મુંબાઈમાં પડતો હશે તો કેમ કરી ગાડીમાંથી ઊતરાશે તેની ચિંતા થવા લાગી.

ગ્રાંટરોડ પર ગાડી ઘણી ખાલી થઇ ગઇ. દિવસે ભારે વરસાદ પડી ગયો હશે એમ લાગ્યું. ચર્નીરોડ ઊતરવાની મેં આ વખતે પૂરી સાવધાની રાખી હતી. અમારા સંબંધી હરિભાઇ વ્યાસને પ્લૅટફૉર્મ પર ગાડીમાંથી જોઈ લીધા પછી મારા મનની બધી ઘડભાંગ ઊડી ગઈ. એ વખતમાં દુકાનની નોકરી કરનારાઓ મુંબાઇમાં ભાગ્યે જ નવ વાગ્યા પહેલાં ઘેર પહોંચતા, પણ મારા કારણે હરિભાઈ દુકાનેથી વહેલા રજા મેળવી સ્ટેશન પર આવ્યા હતા. મારી ટ્રંક અને મોટો બિસ્તર રેલવે-મજૂર પાસે ઉપડાવી બહાર આવી વિક્ટોરિયામાં સવાર થઇ ગીરગામ પીપળવાડીમાં અમે હંકારી ગયા.

૧૮૪ પીપળવાડી : ચાલી-જીવન

પીપળવાડી મુંબાઇના ગીરગામ વિભાગના કાંદાવાડી લત્તામાં એક ખૂણા પર આવેલી ચાલીઓવાળી વસાહત છે. કોઇ જમાના પહેલાંની એવી ને એવી ખડખડપાંચમ હજી પણ તે ઊભી હશે, કારણ કે એવા સસ્તા ભાડાની ઓરડીઓ બીજે મળવી મુશ્કેલ. દીવાલબંધ મોટા ચોગાનની ચારે બાજુ ઉપરાઉપર રેલવે ટ્રેનો ખડકી હોય તેવી ચાલીઓની વચ્ચેના ચોગાનમાં બગીચો અને થોડી નાળીએરીઓ તેના પુરાતન દેખાવમાં જરા તાજગી આપતાં હતાં. આટલી બધી ચાલીઓનો એક જ ઝાંપો હતો અને તેમાંથી બહાર રસ્તા પર બે બાજુ દીવાલોવાળી લાંબી નેળમાંથી પસાર થઈ અવાતું-જવાતું.



ચાલીના નળ ઉપર

આમાં સામેની એક ચાલીના ત્રીજા મજલા પરની ઓરડીઓની હારમાં વચલે ભાગે હરિભાઈની ઓરડી હતી. દરેક માળે દાદર આગળથી કઠેડાવાળી છ ફૂટ પહોળી ચાલ (રસ્તો) આખા મજલા સુધી લંબાતી, અને તેમાં દરેક નંબરની ઓરડીનાં બારણાં પડતાં. ઓરડી એટલે આગળ ૧૦×૧૦ ફૂટનો એક ખંડ અને અંદર એક નાનું રસોડું. એ રસોડાની પાછલી બારી ગટર તરફ હોવાથી બધી ઓરડીઓની ખાળો તથા કચરો તે બાજુ પડતાં.

હરિભાઈના કુટુંબમાં તેમનાં વૃદ્ધ માતુશ્રી, હરિભાઇનાં પત્ની અને હરિભાઇથી મોટાભાઈ દ્વારિકાદાસ અને નાના ભાઈ બાલકૃષ્ણ એટલાં હતાં. બધા ઝવેરાતની દુકાનોના ગુમાસ્તા હતા. આટલા વાસમાં થોડા ખર્ચમાં નભી શકાય તે માટે માત્ર હરિભાઈનાં પત્ની જ મુંબાઈ આવી રહ્યાં હતાં. મોટાં વહુ બીમાર હોઇ દેશમાં હતાં. તેમને કોઈ બાળક નહોતું. હરિભાઇને ત્રણચાર બાળકો હતાં એ બધાં આ ચાલીઓમાં રઝળતાં-રમતાં મોટાં થતાં. રાત્રે રસોડું સાફસૂફ થઈ જાય ત્યારે બૈરાંછોકરાંવાળું કુટુંબ ત્યાં સૂએ, બાકીના બીજા આગલા ખંડમાં કે ચાલીમાં પથારીઓ કરે. મહેમાન આવે તેને પણ ચાલીમાં પથારી કરી આપે. ચાલીમાં આવી પથારીઓની હાર પડતી, અને રાત્રે કોઇને ચાલીના સંડાસ કે નળ સુધી જવું હોય તો ખૂબ સંભાળ રાખવી પડતી. નાહવા-ધોવા માટે સૌ નળ પર જતાં. નળની બાજુમાં સંડાસોની કોટડીઓ હતી. એ વખતે ગટરો ત્યાં પહોંચી નહોતી. એટલે એના મળભર્યા ચૂલા પર નાકે ડૂચો મારી બેસવું પડતું. બૈરાંઓ રસોડાની ચોકડીઓમાં નાહી લેતાં. મુંબાઈમાં બૈરાંને પોતાની ઓરડીઓનો જ સંસાર સંભાળવા સિવાય બીજી ગતિ નહોતી.

ટૂંકા પગારોમાં વીશીનો ખર્ચ પોસાય નહિ, તેથી કુટુંબો મુંબાઇમાં જ આ રીતે ખડકાતાં. કોઈ માંદું પડે તો દેશમાં રહેલાં સગાંવહાલાંને ત્યાં જઈ દવાદારૂ કરાવતાં. બૈરાંઓને મુંબાઇનું પાણી જલદી લાગતું. દેશના જેવો ખોરાક કે વિહાર મળે નહિ, એટલે પોષણ-અભાવના કે સંગ્રહણી અથવા ગર્ભાશયના રોગોને લઈ ઘણી સ્ત્રીઓ અકાળે ગુજરી જતી. નાતના વડીલો તરત તેની જગ્યા નવાં સગપણ મેળવી પૂરી આપતા અને વંશવેલો ચાલ્યા કરતો. દેશનાં ઘણાં જુવાન સ્ત્રી-પુરુષોનો મુંબાઇએ ભોગ લીધો છે. પણ થોડું ભણેલા કે લાગવગ વિના દેશમાં ઠેકાણે ન પડી શકે તે બધા મુંબાઈમાં ગમે ત્યાં ગોઠવાઈ જતા. કંઈક પગારવધારો મળે એટલે ઓરડી માંડીને દેશમાંથી બૈરું બોલાવી લેતા અને એમ જ મુંબાઇની ઘટમાળમાં આવરદા પૂરી કરતા.

પીપળવાડીમાં આવાં કૈંક કુટુંબો વસતાં હતાં. સુરત, અમદાવાદ, કચ્છ, કાઠિયાવાડ અને કોકણ કે પૂનાના સરકારી કારકુનો અને વેપારી-ગુમાસ્તાઓનું પીપળવાડી એક સસ્તું આશ્રયસ્થાન હતું.

૧૮૫ કાશીબા

હરિભાઈ વ્યાસના સંબંધને લીધે પીપળવાડી મારા માટે એક કાયમી મુલાકાત અને આશ્વાસનનું સ્થાન બન્યું હતું. મુંબાઇમાં મોટા લોકોની કે મકાનોવાળા કોઈની પિછાન મને નહોતી. તે વખતે હરિભાઈનાં માતુશ્રી કાશીબાએ દેશમાંથી આવતા કૈંક મહેમાનો-જુવાનોની ખાતર-બરદાસ કરી ગરીબાઇમાં ગૃહસ્થાઇ શોભાવી હતી. એમની

આંખમાં અમી અને હાથમાં અમૃત હતું. કોઇને બોલાવે ત્યારે વહાલ વરસાવે; કંઈ સાદી વાની બનાવે તો સ્વાદની ફોરમ આવે. એમની સાંકડી જગ્યામાં બહાર રાખેલા ડામચિયા પર કેક જુવાનોના બિસ્તરા પડેલા રહેતા. નોકરીની શરૂઆત કરી હોય, ઘર કે બેસવાનું ઠેકાણું ન હોય એ બધા રાત્રે આવી તેમના બિસ્તર ઉપાડી ચાલીમાં બિછાવે. કાશીબાના સ્વરૂપમાં મને મારાં બાનું જ દર્શન થતું. હરિભાઈનાં પત્નીનું પણ મૂળ નામ કાશીબેન હતું અને અમારા સંબંધની પરંપરાએ હું તેમને બેન કહેતો. બીજી તરફ હરિભાઈ મારા નાના ભાઈના કાકાજી-સસરા થતા, છતાં તેમણે મને વેવાઈના નાતાથી નહિ પણ અતિ સ્નેહથી ભાઇની જેમ છાયામાં રાખ્યો હતો.

મારા આવ્યા પહેલાં એક મહિનાથી આવેલા મારાથી એક વર્ષે મોટા જેભાઇ દવે ભાવનગરથી ભણવાનું પડતું મૂકી નોકરી માટે આવેલા. ભાવનગરથી મારું મેં તેમનું ઓળખાણ સંબંધે પ્રમાણે મશિયાઇ ભાઇ તરીકે થએલું. તે પણ મુકામના અભાવે અહીં જ સૂવા આવતા. તેમને માસિક રૂ. ૧૨ના પગારથી એક કંટ્રાક્ટરને ત્યાં નોકરી મળી ગઈ હતી. તેમણે મને હિંમત આપી કે જમવા-ખાવાની પોતાની પરિચિત વીશીમાં મારી ગોઠવણ કરી આપશે.

અહીં મારો મુકામ બીજી ગોઠવણ થતાં સુધીનો જ હતો. મને અહીંની પરિસ્થિતિ જોઇ ખૂબ જ ચટપટી થવા લાગી. મારાથી કોઇને જરા સરખી પણ મુશ્કેલી નડે તે હું સહન કરી શકતો નહિ. એટલે બીજે દિવસે રવિવાર હતો તેનો લાભ લઈ, બાજુમાં રહેતા ભાવનગરના પિછાનવાળા એક પડોશીનો ભાઈ સ્કૂલ ઑવ આર્ટની વર્કશોપમાં ઝવેરાતનું કામ શીખવા જતો હતો તેને શોધી કાઢ્યો, અને બપોરે ચાલતાં ચાલતાં પ્રિન્સેસ સ્ટ્રીટ ઉપર મનહર બિલ્ડિંગમાં જઈ મારા મિત્ર ભાઇ પરમાનંદ કાપડિયાને શોધી કાઢ્યા. તેમના પિતરાઈ ભાઈ શ્રી મોતીભાઈ સૉલિસિટરે ઉપરનો આખો માળ ભાડે લીધો હતો, અને મુંબાઇની રીતે પોતાના મોભા અનુસાર સર્વ સગવડોમાં તે વસતા હતા. મેં પરમાનંદને મારો ભવિષ્યનો નિર્ધાર જણાવ્યો, પણ હાલ તે પોતે પરાશ્રયે હોઈ મારા માટે કંઈ કરી શકે તેમ નહોતું, એટલે તે જ માળની બાજુના ઉપલે મજલે વસતા લીમડીવાળા મારા મિત્ર ભોગીલાલ પરીખને મળ્યો. ત્યાં તેમની શરાફી પેઢી હતી અને માત્ર ગુમાસ્તાઓ જ રાત્રે ત્યાં રહેતા હતા. તે પોતે તો માતાપિતા, ભાઇબહેનો તથા પત્ની સાથે સાન્ટાક્રુઝ ખાતે તેમના પોતાના બંગલામાં રહેતા, જ્યાંથી તેઓ રોજ લોકલ ટ્રેનમાં આવતા-જતા. તેમણે મારી મુકામ બાબતની મુશ્કેલી જાણીને પોતાના પિતાશ્રી નાનાલાલ પરીખને કહી, અને તે ઉદાર વડીલે તરત મારો બિસ્તરો-પેટી ત્યાં લાવી રાત્રે સૂવાનું તથા નાહવા-ધોવાનું પેઢી પર રાખવાની સંમતિ આપી. વળી ભાઈ પરમાનંદની સોબત મને રાતદિવસ મળવાની સંપેડ તો પડોશમાં જ હતી, એટલે આ યોજના નક્કી થવાથી હું ઉત્સાહમાં આવ્યો અને પીપળવાડીમાં જઈ હરિભાઇને વાત જણાવી કે સોમવારે સ્કૂલમાં દાખલ થઇને હું મારો સામાન ફેરવી નાખીશ. મનહર બિલ્ડિંગમાં મારી ગોઠવણ થયાનું જાણી સૌ રાજી થયાં. એ જગ્યા હવા-ઉજાસવાળી અને ઘણી તંદુરસ્ત ગણાતી. વળી જેભાઈએ બતાવેલી વીશી પણ નજીકમાં ઝવેરી બજારમાં હતી; અને સ્કૂલ ઑવ આર્ટ તો ક્રાફર્ડ માર્કેટ સામે પાછળ જ છે એમ લાગ્યું.

૧૮૬ સ્કૂલ ઑવ આર્ટ

ગજ્જુભાઈ પાઠકને મેં પત્ર લખી રાખેલો કે સોમવારે સવારમાં ઊઘડતી ટર્મથી મારે દાખલ થઇ જવું છે. તે સવારમાં આર્કિટેક્ચર (સ્થાપત્ય)ના ક્લાસ ભરવા આવતા એટલે હું સોમવારે સ્કૂલે ગયો ત્યારે તે સહેલાઈથી મળી ગયા. ચારે તરફ દક્ષિણી ભાષાની કલબલ વચ્ચે હું મૂંઝાયો, પણ ગજ્જુભાઇએ જઈ ક્લાર્ક આગળથી ફૉર્મ આણી આપ્યું. તે સાથે ચોંકાવનારી વાત એ કરી કે મને થર્ડ ગ્રેઇડની પરીક્ષા આપ્યા વિના પેઇન્ટિંગમાં દાખલ થવા નહિ દેવાય. ગજ્જુભાઈએ સમજણ પાડી કે આ એક નિયમ છે અને થર્ડ ગ્રેઈડની બીજી ટર્મના બે જ મહિના છે તો તે ભરી દેવા અને નવા વર્ષથી જ પેઇન્ટિંગ શરૂ કરવું. મારે માટે હવે બીજો માર્ગ જ નહોતો. ફી અને ફૉર્મ લઈ હું ક્લાર્ક પાસે ગયો, ત્યાં ખબર મળ્યા કે સ્કૂલ ઑવ આર્ટના વયોવૃદ્ધ હેડમાસ્તર ગણપત કેદારનું રજા દરમિયાન અવસાન થયું હોવાથી સ્કૂલમાં આજ શોકદિનની રજા પાડવામાં આવી છે.

ગજ્જુભાઇએ મને કેટલાક માસ્તરો દૂરથી બતાવ્યા, પણ મને માત્ર શ્રી ધુરંધરને જ જોવામાં રસ પડ્યો. બીજા કોઈનાં નામ પણ સાંભળ્યાં નહોતાં. તાજેતરમાં જ લક્ષ્મી આર્ટ પ્રેસની 'સુવર્ણમાળા' બહાર પડેલી, તેનાં ચિત્રોમાં તેમનું નામ જોએલું ત્યારથી તેમના નામનું મને આકર્ષણ થયું હતું અને એવા ચિત્રકારને નજરે જોવાનું મળે એ ભારે કુતૂહલ હતું. ધુરંધર માસ્તરે તે વખતે માથા પર કાળી મખમલની ટોપી, કાળો હાફકોટ અને ધોતિયું પહેર્યા હતાં. બીજી અજબ વાત એ જોઈ કે ઘણા માસ્તરો તેમજ ઉપલા વર્ગના વિદ્યાર્થીઓ સુદ્ધાંએ ધોતિયા નીચે હોલબૂટ અને મોજાં પહેર્યાં હતાં. મુંબાઈના ભારે વરસાદના કારણે આ વિચિત્ર પ્રકાર આવકાર પામ્યો હશે; બાકીનાં બધા જ વિદ્યાર્થીઓના પગમાં કોલ્હાપુરી ચંપલો કે પુણેરી લાલ સપાટા હતી. ગુજરાતમાં તો ત્યારે ચંપલ કે લાલ સપાટા કોઇને પહેરવી હોય તો મુંબાઈથી ખાસ મંગાવવી પડતી.

૧૮૭ મનહર બિલ્ડિંગમાં

હવે છૂટથી બધો વખત ચિત્રકામ કરવાની વેળા આવી ત્યારે આજે આમ શરૂમાં જ શાળા બંધ રહી તેથી મને ઘણો ખેદ થયો. પણ એને પરિણામે મને મારો સામાન મનહર બિલ્ડિંગમાં ફેરવવાની અને ગોઠવવાની સારી ફુરસદ મળી ગઈ. હું સામાન લઈ આવ્યો ત્યારે પેઢીનું કામ ચાલતું હતું. મોટા ખંડમાં ભીંત સાથે ગાદી-તકિયા ગોઠવી મુનીમ અને પાંચ-સાત ગુમાસ્તા પોતપોતાના ચોપડા લખી રહ્યા હતા. ભોગીભાઇ મુખ્ય સ્થાને બેઠા હતા અને તેમના પિતાશ્રી માટે ખુરશી-ટેબલ હતાં. ભોગીભાઇએ ઊભા થઇ મારો સામાન એક ખૂણે મુકાવ્યો અને મુનીમને મારા વિષે સૂચના કરી. રસોઈયા અને ઘાટીને પણ મારી સગવડ સાચવવા કહ્યું. પછી મને જણાવ્યું કે સાંજે સાત વાગ્યે પેઢીનું કામ પૂરું થાય છે, તે પછી બધાની પથારીઓ પણ અહીં જ થાય છે. મારે તો કોઇ બાબતની ફરિયાદ કરવાની હતી જ નહિ; મુંબાઈમાં મારા માટે જગ્યા થઈ એ જ ઘણું હતું.

૧૮૮ મૂળશંકરની વીશી

ઝવેરીબજારમાં રામજી ભગવાનની પેઢી શોધી કાઢી હરિભાઈ પાસે ગયો. તેમણે જેભાઈની દુકાન બતાવી. ત્યાંથી તેમની સાથે છીપી ચાલને નાકે આવેલા એક જૂના માળામાં અંધારિયા દાદરા ચડી ચોથા માળને કાતરિયે ચાલતી મૂળશંકર મહારાજ અને તેમની વીશીનાં પ્રથમ વાર દર્શન કર્યાં. મહારાજ ચૂલા પાસે બેસી રોટલીઓ ઉતારતા હતા. ચોકાની આસપાસ ચાર-પાંચ ઘરાકો જમતા હતા. એકાદ જણ વળી અબોટિયું પહેરી આઘા બેઠા હતા; મહારાજનો એક શાગિર્દ બ્રાહ્મણ છોકરો પીરસતો હતો ને નવી થાળીઓ તૈયાર કરતો જતો હતો. જેભાઈએ દમામથી અમારી થાળીઓ કરાવી અભરાઈ પરથી તાળા



વીશીમાં જમતાં

વાળી ઘીની બરણી ઉતારી ને મહારાજ પાસેથી નાની વાડકી માગી અમારા બંને માટે ઘી કાઢયું. હું સમજી ગયો કે મહારાજ તો કોરાં ફૂલકાં જ આપશે; ઘી અમારે પોતાનું ચોપડવાનું. આ વીશીનો દર માસિક ૭ રૂપિયા હતો અને ઘીનો ખર્ચ આશરે બે રૂપિયા વધતો.

ઘરમાં રોજ લાડપાડથી જમતો, તેને આજે આ રીતે જમવા વખત આવ્યો એથી મનમાં ખૂબ ઓસવાયો; પણ હવે તો આ બધું મારી સિદ્ધિ માટેનું તપ હતું એટલે સહી લેવું જોઈએ એમ વિચાર્યું. ખરું કષ્ટ તો ત્યારે થયું કે જમીને પોતાની થાળીઓ ઉપાડી જાતે જ ચોકડીમાં મૂકી આવવાની થઈ! મારો સ્કૂલનો સમય રોજ સવારસાંજનો હતો એટલે બપોરે મેં અને જેભાઇએ અહીં સાથે જ જમવું એમ ઠરાવ્યું.

૧૮૯ અંબારામ માસ્તર

રાત્રે અમે ફરી મળ્યા અને જમીને નીકળતા હતા એટલામાં કાઠિયાવાડી ફેંટાવાળા એક આધેડ ગૃહસ્થ આવી પહોંચ્યા. જેભાઇએ ખૂબ પરિચિત હોય તેમ પૂછ્યું : 'કાં માસ્તર, આજ કેમ મોડા થયા?'

'ના, હું કાંઈ મોડો નથી; તમે જ ઉતાવળે જમી લીધું લાગે છે.'

જેભાઇએ ઉડાવતું હાસ્ય કરી કહ્યું : 'કોઈ વાર એમ થાય. આ રવિભાઈ ભાવનગરથી અહીં ચિત્ર શીખવા આવ્યા છે, તેને વીશી બતાવવી હતી. તેમની જમવાની ગોઠવણ અહીં આપણી સાથે જ કરી છે. આપણે રોજ રાત્રે મળી શકીશું.'

માસ્તર કહે: 'તો તો જરા ખમો; હું ઝટ જમીને તમારી સાથે જ આવું છું.' અમે પંદરેક મિનિટ રોકાયા અને માસ્તરે જમી લીધું. દરમિયાન જેભાઇએ મને તેમની ઓળખાણ આપી કે માસ્તર સૌરાષ્ટ્રમાં સોનગઢ નજીક બજૂડ ગામની નિશાળમાં આસિસ્ટંટ હતા. ઘેર સ્ત્રી અને બે બાળકીઓ છે, પણ ત્યાં ટૂંકા પગારમાં પૂરું થઈ શકે નહિ અને હવે સીનીઅર થવાય નહિ એટલે અહીં આવીને ટ્યૂશનો કરે છે. એક શિક્ષક મિત્રને ત્યાં સૂઈ રહે છે અને ખરેખરું કટોકટીભર્યું જીવન ખેંચે છે. પણ મહેનતુ ભારે છે. તેમના ભાઈ વેણીરામ વ્યાસની સણોસરામાં દુકાન છે, પણ બંને ભાઈઓના સ્વભાવમાં આસમાનજમીનનો ફેર છે. માસ્તર ખૂબ ઠંડા સ્વભાવના છે.

અમે નીચે ઊતર્યા ત્યારે માસ્તર બોલ્યા : 'રવિભાઈ, ભાવનગરથી પોપટભાઈ પંડયા અને મિત્રો તેમના સાસરે કંસાર કઢાવવા આવ્યા ત્યારે હું ત્યાં આસિસ્ટંટ હતો, પણ આપણે કોઈ ઓળખાણ નહોતી થઇ. પણ હું તમારાં બાને મોસાળ પક્ષે ભાઇ થાઉં છું, એટલે આપણે સંબંધી છીએ. ચાલો બહુ સારું થયું, આપણે રોજ મળી શકીશું.'

એવામાં, વરસાદ શરૂ થઈ ગયો ને અમે છત્રીઓ ખોલી છબછબિયાં કરતા જુદા પડયા. મારું સ્થાન નજીક જ હતું તે અત્યારે સારું લાગ્યું.

૧૯૦ નિવાસમાં

પેઢી પર આવી જોયું તો સૌએ ગાદીતકિયા ઉઠાવી પથારીઓ નાખી દીધી હતી. મેં છેલ્લી બારી પાસે મારો બિસ્તરો લંબાવ્યો.

શેઠની ગેરહાજરીમાં ગુમાસ્તાઓની જીભ છૂટી થઈ ગઈ હતી. એકબીજાની ઠઠ્ઠા-મશ્કરી અને ગામ-વતનની વાતોની વચ્ચે વચ્ચે રસોઇદો આવીને અડબંગ વાતો કે ઠેકડી કરી જતો. રસોઇયો અને ઘાટી રસોડા પાસેની જમવાની રૂમમાં સૂતા, પણ શેઠની ગેરહાજરીમાં સૌ સાથે સમાનતા ભોગવતા. કોઇ નવા આવેલા ગુમાસ્તાની ઠેકડી ઉડાવતા અને પરણેલા તરુણોની અશ્લીલ મશ્કરીઓ પણ થતી. ત્યારે વચ્ચે પીઢ મુનીમ ઠપકો આપતા. મને ઈશ્વરકૃપાથી સરસ ઊંઘ આવી જતી. સવારમાં વહેલો જાગી પત્રો લખવા માંડું : માતપિતાને, બેનને અને મિત્રોને. તે વખતે લાગણીભર્યા લાંબા પત્રો લખવાનું શરૂ થયું. રોજ સાંજે સામેના મજલે પરમાનંદની ઓરડીએ જઈ બેસું ત્યાં સરસ ચોપાનિયાં, ચોપડીઓ જોવા મળતાં. વળી [illegible]ચંદભાઈ ઘણા સરળ ને મિલનસાર સ્વભાવના હતા અને તેમનાં પત્ની તથા પુત્રો પ્રેમાળ અને સમભાવી હતાં. ત્યાં એટલો નજીકનો સંસ્કારસમાગમ મને મળ્યો ન હોત તો હું ઝૂરીઝૂરી દિવસો કાઢત.

૧૯૧ થર્ડ ગ્રેઇડનો ચિત્રવર્ગ

આર્ટ સ્કૂલના આ બીજા સત્રમાં શાળામાં પણ ચોમાસાનું અંધારું અને એક પ્રકારનો પ્રમાદ વ્યાપી જતાં; પણ મેં તો સંકલ્પ કર્યો હતો કે મારે પળે પળનો ઉપયોગ કરી લેવો છે. એ વખતની થર્ડ ગ્રેઇડની પરીક્ષામાં તો ફૂલપાનનાં ચિત્રો, પદાર્થ-ડિઝાઇન, સ્મૃતિચિત્રો વગેરે બધું આજના ઈન્ટરમીડિયેટ જેવું જ હતું; પણ સ્કૂલ ઑવ આર્ટના વિદ્યાર્થીઓ પાસેથી ઘણું કડક કામ લેવાતું. આ વર્ગો સવારનાં ૭ થી ૧૦ અને સાંજે ૨ થી ૫ ચાલતા. શાળામાં ગુજરાતી તથા કચ્છી છોકરાઓ જૂજ હતા. મહારાષ્ટ્રી છોકરાઓમાં કેટલાક બીજા કામધંધો કરવા જતા તે સૌની વચ્ચે સારી સ્પર્ધા જામતી. હું તેની કક્ષામાં ઓછો ઊતરતો નહિ, પણ તેઓના કોઇનામાં ચિત્રકળા વિષે ઉચ્ચ વિચારો કે કલ્પનાઓનો અભાવ હતો. તેમની સાથે હું વાત કરવાની છૂટ લઈ શકતો નહિ, કેમ કે તેઓ જરા પણ ગુજરાતી બોલી શકતા નહિ ને મારા માટે મરાઠી બોલવી મુશ્કેલ હતી. અંગ્રેજીમાં વાત કરી શકે એવો તો કોઈ મળે જ નહિ. અરે, અમારા શિક્ષક મિસ્ત્રી માસ્તર પણ મારું ચિત્ર તપાસતી વખતે સુધારો કરી બતાવે તેમાં પણ બોલે મરાઠી. એ માસ્તર મિજાજના કડક હતા. વળી ચિત્રશિક્ષણના મૂળ હેતુથી તે અજાણ હતા, નહિ તો આટલાં વરસ ચિત્રશાળામાં નોકરી કરતાં તેઓ પોતાનો વધુ ઉત્કર્ષ કરી શકયા હોત. ઘણી વાર સવારના વર્ગોમાં તે આવે અને મારા ખભા પાછળથી હાથ લંબાવી સુધારો બતાવે ત્યારે નીકળતી મદિરાની સખત વાસ મને બેચેન કરી મૂકતી.

પહેલી તારીખે શાળાનો ઘંટ વાગ્યો નહોતો ત્યાં છોકરાઓમાં ખળભળાટ થયો: 'આઈકલા કા? (સાંભળ્યું કે?) ધુરંધર કેહારી માસ્તરચી જાગા હેડમાસ્તર ઝાલે.' અને થોડી વારે બધાના આશ્ચર્ય વચ્ચે સૂટબૂટ અને મોજમાં સજ્જ અને ચશ્માંમાંથી અરધી આંખ પટપટાવતા હસતાહસતા નાકે આંગળી રાખી ધુરંધર માસ્તર હેડમાસ્તરની રૂમના દાદર પર ચડતા જોવામાં આવ્યા. તેમનો સ્વભાવ હસમુખો ને મળતાવડો હોવાથી બીજા શિક્ષકો કરતાં તેઓ વિદ્યાર્થીઓમાં વધુ પ્રિય બન્યા હતા.

(ચાલુ)

ઉદયશંકરની નૃત્યપ્રતિભા

લેખક · સુનીલ કોઠારી





ઉદયશંકર અને અમલાદેવી (ડાબી બાજુ) એક નૃત્ય નાટિકામાં. કથકલિ શૈલીનો ઉપયોગ નૃત્ય છટામાં જોઈ શકાય છે. (જમણી બાજુ) કૃષિકારના લોકનૃત્યમાં

ઉદયશંકરનાં 'બૅલે'માં નીચેની રચનાઓનો સમાવેશ થાય છે: 'રિધમ ઑવ લાઈફ', 'લેબર ઍન્ડ મશીનરી', 'શિવ-તાણ્ડવ', 'શિવ-પાર્વતી નૃત્ય-દ્વન્દ્વ', 'પ્રમીલા-અર્જુન', 'ઈટર્નલ મેલડી', 'ધ ગ્રેઈટ રિનન્સીએશન', 'વિઝ્રન ઑવ ધ લાઈફ ઑવ ધ બુદ્ધ', 'નિરાશા', 'સામાન્ય ક્ષતિ' વગેરે. આમાં પ્રથમ બે મહત્ત્વનાં છે. 'રિધમ ઑવ લાઈફ'માં સમસામયિક ઘટનાઓને કથાવસ્તુ તરીકે લીધી છે. અત્યાર લગી અને છેક હમણાં, શાસ્ત્રીય નૃત્યોને આધારે રજૂ થતી નૃત્ય-નાટિકાઓમાં પણ આપણને બહુધા ધાર્મિક કથાવસ્તુઓ—રામાયણ મહાભારત કે પુરાણનાં આખ્યાનો ઉપાખ્યાનોનાં—કથાવસ્તુ જ જોવા મળે છે. એટલે નૃત્યના ટીકાકારોને 'કૉન્ટેમ્પોરરી થીમ' તરીકે ઉદયશંકરની આ બે રચનાઓ સંતોષ આપી શકે:

(૧) 'રિધમ ઑવ લાઈફ'નું કથાસૂત્ર ટૂંકમાં જોઈએ: ગામમાં એક યુવક પાછો ફરે છે ત્યારે ગ્રામજનો નૃત્યાદિ કરી ઉત્સવ ઊજવતા હોય છે. યુવક દારિદ્રય, નિરાશા, અજ્ઞાન, કરુણતા વગેરે અનુભવી પાછો ફરેલો, એટલે એ આ આનંદમાં ભાગ લઈ શક્યો નહિ. છાપું વાંચતો વાંચતો તે એકાકી માર્ગે ચાલ્યો જાય છે અને એક ખૂણે બેસી એ પરિસ્થિતિ ટાળવા શું કરવું જોઇએ તે વિચારે છે. પેલા આનંદ-ઉત્સવનું ગીત દૂરથી સંભળાયા કરે છે અને તેને નિદ્રા આવે છે. સ્વપ્નમાં તે શિવ-નૃત્ય, યોદ્ધાઓનું નૃત્ય અને અપ્સરાનું નૃત્ય જુએ છે. અપ્સરા તેના પર કામણ કરે છે. તે એને બાથ ભીડવા જાય છે ત્યાં એ અલોપ થઈ જાય છે અને ચારે બાજુથી અટ્ટહાસ્ય સંભળાવા લાગે છે. એવામાં ખેડૂતોનું એક જૂથ આવી પહોંચે છે. પછી આવે છે જમીનદાર. ચડી ગએલા દેવાનાં ભારે વ્યાજ સહિત તે મુદ્દલ ઉઘરાવવા માગે છે. એ આપી નથી શકતો એટલે તેને ચાબુકે ચાબુકે ફટકારવામાં આવે છે. થોડાં ક્ષુધિતો તેની પાસે આવે છે અને તેના પગ પાસે જ મૃત્યુ પામે છે. ત્યાં તો આસુરી તત્ત્વો પ્રગટ થઇ તેને જમીન અને ખેતીના વ્યવસાયથી દૂર લઈ જઇ પ્રલોભનોની માયાવી સૃષ્ટિમાં જોડાવા નિમંત્રે છે. એ પ્રસંગે ખેડૂતો આવી પહોંચી તેને તેમનો નેતા નિયુક્ત કરે છે. એ હાથમાં રાષ્ટ્રીયધ્વજ ઉપાડે છે. એક અધિઆત્મા—અધિમાનવ પાસે એ સૌને લઈ જઈ લોકોનાં દુઃખ, પીડા વગેરેનું નિવેદન કરે છે. થોડો વખત તો લોકોમાં જાગૃતિ આવેલી જણાય છે. પરંતુ પરસ્પર વિરોધી તત્ત્વો કામ કરતાં જણાય છે: બલિદાન ને સ્વાર્થીપણું; સ્વાતંત્ર્ય ને ગુલામી; સત્ય ને જુઠ્ઠાણું; હિંમત ને બાયલાપણું... મોક્ષનો માર્ગ રૂંધાએલો જણાય છે. નિંદા, જૂનવાણી પૂર્વગ્રહો, દંભ, અરસપરસ અવિશ્વાસ, જાતિ-જ્ઞાતિભેદ, ધાર્મિક માન્યતાઓ વગેરેથી પ્રગતિ અટકે છે. વળી અધિમાનવ આવી ઉગારવા મથે છે. એ બધાં તત્ત્વો આવી પેલા સૂતેલા માનવીની આસપાસ એકત્રિત થાય છે. એક જ ધ્યેય છે: મોક્ષપ્રાપ્તિ અને સત્યનો સાક્ષાત્કાર. યુવક જાગી જાય છે ને વિમાસણમાં પડે છે કે તેણે જોયું તે સત્ય હતું કે સ્વપ્ન. કારણ, જે ઉત્સવગાન તેના હૃદયમાં પેલા ખેડૂતવૃંદે જગાડયું હતું તે હજી તેના કાનમાં, હૃદયમાં ગુંજે છે. તે બુલંદ ઘોષ સાંભળે છે કે 'મોક્ષનો, સ્વતંત્રતાનો દિવસ આવી પહોંચ્યો છે. 'ધપો! ધપો! આગળ ધપો!' એ ઊઠે છે અને નવયુગ, નવી આશા, નવી શ્રદ્ધા અને નિશ્ચિત સ્વાતંત્ર્યની સંભાવના સાકાર થતી જુએ છે. સ્વાતંત્ર્યની લડત વખતે આ કથાવસ્તુને ઘણી સફળતાપૂર્વક ઉદયશંકરે રજૂ કરેલું.

(૨) આધુનિક સમયમાં યંત્રયુગના આક્રમણથી કેવી કરુણ પરિસ્થિતિ સર્જાઈ છે, ગામડાંઓને કેવી હાનિ થઈ છે તે વાત નવી જ દૃષ્ટિપૂર્વક 'લેબર ઍન્ડ મશીનરી'માં ઉદયશંકરે નૃત્ય દ્વારા નિદર્શી હતી. એમાં સેટસ, નૃત્યની મૂવમેન્ટસ વગેરેને યંત્રોની ગતિ જોડે તાલ મેળવે તે રીતે એમણે યોજેલાં. એ આખી ય રચના એટલી સ્વતંત્ર અને સ્તુત્ય છે કે જ્યારે પણ 'કલ્પના' ચલચિત્ર જોવા મળે ત્યારે તેમાં તે જોવું કોઈ ન ચૂકે એવી વિનતિ છે. ઉદયશંકરની સર્જક કલાકારની


પ્રતિભા એમાં સંપૂર્ણપણે પ્રગટી ઊઠી છે.

~~તેમની નૃત્યનાટિકાઓમાં સંગીત વધુ સમૃદ્ધ [illegible]~~ એમને સાથ આપનાર શ્રી વિષ્ણુદાસ શિરાલી બાર વર્ષ સુધી પંડિત વિષ્ણુ દિગમ્બર પાસે શાસ્ત્રીય સંગીત શીખી ચૂકેલા, ને વાદ્યમાં સંપૂર્ણ નિપુણતા મેળવી ચૂકેલા છે. વિવિધ અપ્રચલિત વાદ્યોની શક્તિને તે તાગતા. 'તબલા-તરંગ'ના તેમના વિશિષ્ટ ઉપયોગ, તથા કથાનકના ભાવને 'યથા રસમ્' ન્યાયે ભાવ પરિપોષક સ્વરમેળ વગેરેની તેમની વિશિષ્ટ દૃષ્ટિ આદિથી નૃત્ય નાટિકાઓને એક નવું પરિમાણ સાંપડતું. વિવિધ દેશોનાં વાદ્યો પણ તે ઉપયોગમાં લેતા, પણ મુખ્ય કથાનકના મુખ્ય ભાવને તે ક્યારે ય બાધારૂપ થતા નહિ.

'બૅલે' (ballet)નો નૃત્ય પ્રકાર તરીકે સ્વતંત્ર રીતે વિચાર આગળ ઉપર આપણે કરીશું. પણ ઉદયશંકરના પ્રદાનનું મૂલ્ય આંકતાં કહેવું જોઇએ કે તેની જરૂરતો તે સમજી શક્યા હતા. તેનાં વિવિધ અંગો, જેવાં કે પોશાકો, પ્રકાશ-યોજના, મુખ-ભૂષા, વિવિધ નૃત્યશૈલીઓ, ટેકનિક, રજૂઆત વગેરે માટે એમણે ખાસ અભ્યાસક્રમોની યોજના કરી હતી. એ અભ્યાસના આધારે જ તેમનાથી છૂટા પડેલા સહયોગીઓ તે પરંપરાનાં નૃત્યોની પ્રવૃત્તિ કરી શક્યા છે.

ઘણા વિવેચકોએ ટીકા કરેલી કે ઉદયશંકરનાં 'બૅલે' પાશ્ચાત્ય રીતિથી ભારોભાર ઘડાયાં છે, તેઓ 'ક્લાસિકલ ડાન્સર' નથી, બધી 'મૂવમેન્ટ' પશ્ચિમમાંથી ઉછીની લીધેલી છે, વગેરે. ઉદયશંકરે ક્યારે ય દાવો કર્યો નથી કે તેઓ 'ક્લાસિકલ ડાન્સર' છે. જોકે આગળ નોંધ્યું તેમ પરંપરાગત શાસ્ત્રીય સ્વરૂપોનો અભ્યાસ તેમણે કર્યો છે ને તેમાંથી ઘટતું ઉપયોગમાં લીધું પણ છે. પશ્ચિમમાંથી એમણે શિસ્ત સ્વીકારી, રજૂઆતની કળા શીખ્યા અને ભારતના 'શોમૅન નંબર વન' બન્યા. કારણ આધુનિક રંગમંચનો પશ્ચિમમાં જે રીતે વિકાસ થયો છે તેના તે પ્રસંશક છે અને જેમણે જેમણે તેમનાં 'બૅલે'ની રજૂઆત જોઈ છે તે સૌ એ વાત સ્વીકારશે પણ ખરા.

તેઓ એક વાતે ભારે અકળાય છે: 'વિવેચકો આધુનિક નાટકોને ભરતમુનિ-પ્રબોધ્યા સિદ્ધાંતોની કસોટીએ ચકાસતા નથી; શિલ્પશાસ્ત્રમાં ઉલ્લેખ કર્યો છે તેના કરતાં ભિન્ન રીતે રજૂ થતી આજની તે કલાની ટીકા તેઓ કરતા નથી; સામવેદમાં જે રીતે સંગીત ગવાતું એ કરતાં તો આજે સંગીતની યાત્રા ઘણી બધી દીર્ઘ થઈ છે. પરંપરાથી જે જે કલાકાર નવી દૃષ્ટિ સહિત દૂર જાય છે, નવું સર્જન કરે છે તે દરેકની ટીકા થઈ જ છે. એટલે મારા નવતર પ્રયોગો પાછળની પરિસ્થિતિને તેમાં કલા રૂપે વણવાની દૃષ્ટિએ ન જોઈ શકવાથી જ, માત્ર પરંપરાનાં અંધ અનુકરણોથી હું દૂર ગયો એ જ કારણે મારા કાર્યની ટીકા થવા લાગી એ ઠીક ન થયું... પરંતુ આપણે ભવિષ્યની ચિંતા છોડી વર્તમાનની ચિંતા કરીએ તો ઠીક. કોઈ પણ સર્જક કલાકારે જૂનાં સિદ્ધ થએલાં રૂપ-આવિષ્કારોનો સામનો તો કરવો જ પડશે. તેની સિસૃક્ષા તેમજ ઉત્સાહ જ તેને તેમ કરવા પ્રેરશે.'



અલમોડાના કલાકેન્દ્રના સ્થાપક અને ચાલક ઉદયશંકર

ઉદયશંકર વિષે જેટલું લખીએ તેટલું ઓછું. છેલ્લાં થોડાં વર્ષોથી તેઓ નિવૃત્ત થવા પર છે. થોડા સમય પહેલાં વિશ્વવિખ્યાત 'ઈમ્પ્રેસારીઓ' સોલ હુરોકે તેમને અમેરિકામાં રજૂ કરેલા. તાજેતરમાં ન્યૂ યૉર્કમાં વિશ્વમેળો યોજાયો ત્યારે પણ તેમની મંડળીને અમેરિકાના પ્રવાસે બોલાવવાની વાટાઘાટો ચાલતી હતી. થોડાંક વર્ષો પૂર્વે કલકત્તામાં તેમનાં સેટિંગ્સ પોશાક વગેરે સામગ્રી આગમાં ભસ્મીભૂત થતાં તેમને ઘણું વેઠવું પડેલું. બંગાળની રાજ્ય સરકારે તથા કેન્દ્ર સરકારના પ્રધાન શ્રી હુમાયૂં કબીરે વ્યક્તિગત રીતે પ્રયત્ન કરી તે ખોટના ૭૫ ટકા જેટલી આર્થિક સહાય કરેલી. કલકત્તામાં આવેલી રાજ્ય સંગીત-નૃત્ય-નાટક અકાદમીના ડીન તરીકે થોડાં વર્ષ તેમણે સેવા આપેલી, પરંતુ મતભેદના કારણે એ કામ તેઓ વધુ વખત કરી ન શક્યા. ભારતની આ પણ એક કરુણતા છે કે આવા શક્તિસમૃદ્ધ કલાકારની સેવાઓ અનેક સંસ્થાઓ કે સંગીતનાટક અકાદમી જેવી રાષ્ટ્રીય સંસ્થાઓ લઈ શકતી નથી! છૂટીછવાઈ મદદોથી કશું વળતું નથી.

ઉદયશંકરનું ચરિત્ર આત્મકથાનક રૂપે અથવા જીવનચરિત્ર રૂપે લખાવું જોઇએ. તેમના નાના ભાઈ રાજેન્દ્રશંકર તેની યોજના વિચારી રહ્યા છે. પશ્ચિમમાં આવા કલાકારોનાં અનેક ચરિત્રો લખાયાં છે. ભાવિ પેઢી માટે ને વિશેષ તો નૃત્યજગત માટે તે આશીર્વાદ સમાન નીવડશે. ભારતીય નૃત્યક્ષેત્રે ઉદયશંકરના યુગવર્તી પ્રદાનનું જેટલું મૂલ્ય આંકીએ તેટલું ઓછું. ભારતીય નૃત્યનો ઇતિહાસ સદા ગર્વપૂર્વક આ કલાકારનો ઋણી રહેશે.

અથાણું

પરદેશની અસર

એક સામ્યવાદી કાર્યકર્તા એક બંધ દુકાનના પગથિયા પર ઊભો રહી ભાષણ આપતો હતો: 'જ્યારે તમને ખાવા અન્ન ના મળે ત્યારે અનાજની દુકાનો લૂંટો; અંગ પર પહેરવા પૂરતાં વસ્ત્રો ના મળે ત્યારે કાપડની દુકાનો તોડો; પરિણામની જરા ય પરવા ન રાખશો.'

વ્યાખ્યાન પૂરું કરીને ઓટલા પરથી નીચે ઊતર્યો એ પછી શ્રોતાઓને તેના નીચેના શબ્દો સંભળાયા: 'અરે અરે, મારી સાઈકલ મેં અહીં મૂકી હતી, એ ક્યાં ગઈ?'

કારણ?

પોતાની છાપવાળી ટપાલટિકિટો બહાર પાડ્યા પછી એક સરમુખત્યારે જાણ્યું કે એનું વેચાણ બરાબર થતું નથી ત્યારે એણે પોસ્ટમાસ્તર જનરલને બોલાવીને એનું કારણ પૂછ્યું.

'સાહેબ, ટિકિટો કવર પર ચોંટતી જ નથી'. પોસ્ટમાસ્તર જનરલે કહ્યું.

'એનો અર્થ કે ગુંદર સારો વાપર્યો નથી!'

'ના સાહેબ, વાંક ગુંદરનો નથી.' પોસ્ટમાસ્તરે કહ્યું, 'લોકો ઊંધી જ ચોંટાડે છે.'


એવરેસ્ટ પર ભારતીય આરોહણ

'મારા પિતાજી આ સમાચાર સાંભળીને કેટલા બધા રાજી થાત અને રોમાંચ અનુભવત એ વિચાર મારા મગજમાંથી ખસતો નથી'–પૃથિવી ઉપરના માનદંડ શા શોભતા નગાધિરાજ હિમાલયના સર્વોચ્ચ શિખર 'ચોમો લુન્ગ્મા' * (દેવી સમીર) પર ભારતીય પર્વતારોહકોએ સફળ આરોહણ કર્યાનું જાહેર થયું ત્યારે શ્રીમતી ઇંદિરા ગાંધીના મુખમાંથી આ શબ્દો સરી પડ્યા. એમાં માત્ર સ્વ. નેહરુની ભાવના જ પ્રતિબિંબિત નથી થતી, પરંતુ ભારતની સમગ્ર પ્રજાના આનંદોલ્લાસને પણ વાચા આપવામાં આવી છે.

આદિકાળથી હિમાલય ભારતના કવિઓ અને વિતરાગીઓનાં આકર્ષણનું કેન્દ્ર રહ્યો છે. આજથી ૧૧૩ વર્ષ પહેલાં ૧૮૫૨માં ભારતના મોજણીદાર રાધાનાથ સિકદારે હિમાલયમાં વિશ્વનું સૌથી ઊંચું શિખર હોવાનું જાહેર કર્યું ત્યારથી, પર્વતારોહકોનું આકર્ષણ એ જમાવતો રહ્યો છે. એના આરોહણના સાહસોમાં ભારતીય પર્વતખેડૂઓ પ્રમાણમાં મોડેથી જોડાયા એ ખરું. પરંતુ ગઇ ૨૦મી મેના દિવસે સવારે ૯॥ વાગ્યે એ ઉચ્ચોચ્ચ એવરેસ્ટ શિખર ઉપર પહેલું આરોહણ કર્યા પછી સતત ચાર વાર સફળ ચઢાણ કરીને નવ ભારતીય પર્વતારોહકોએ એક પ્રકારે વિક્રમ સર્જ્યો છે.

૧૨ વર્ષ પહેલાં ભારતીય પર્વતારોહક સંસ્થાની સ્થાપના થયા પછી એવરેસ્ટ પર આરોહણ કરવાના ભારતે ૧૯૬૦ અને ૧૯૬૨માં એમ બે પ્રયત્નો કર્યા હતા, પરંતુ પ્રતિકૂળ હવામાનને કારણે એ બંને વખતે એવરેસ્ટથી અનુક્રમે ૭૦૦ અને ૪૦૦ ફીટ જ દૂરથી આરોહકોને પાછા ફરવું પડ્યું હતું.

આ છેલ્લા આરોહણમાં લેફ. કમા. કોહલીની આગેવાની નીચે પંદર ચુનંદા પર્વતારોહકોની એક ટુકડી ૨૨મી ફેબ્રુઆરીએ દિલ્હીથી ઊપડી હતી. આરોહણમાં એમની સાથે ૪૪ શેરપાઓ અને ૮૦૦ મજૂરો હતા. ઑક્સિજન માટેનાં સાધનો, રેન્ડિયરના ચામડાનાં ખાસ પગરખાં અને બીજી ગણીગાંઠી ચીજો સિવાય બાકીની લગભગ બધી જ વસ્તુઓ ભારતીય બનાવટની હતી. વળી, ભારતીય લશ્કર માટે ઓછામાં ઓછી જગ્યામાં રહી શકે અને પકાવવામાં ઓછી વાર લાગે એવો ખાસ પ્રકારનો જે ખોરાક ભારતીય વિજ્ઞાનીઓએ બનાવ્યો છે એનો લાભ પણ આ ટુકડીને મળેલો.



આરોહકટુકડીમાં તબીબ, વાયરલેસ ઑપરેટર, નિષ્ણાત તસ્વીરકાર અને વિજ્ઞાનના વિષયોમાં પાવરધી વ્યક્તિઓનો પણ સમાવેશ કરેલો હતો. આ બધા તાલીમ પામેલા અને કસાયેલા હતા. એમાંના ૧૧ જણ તો ગયા નવેંબરમાં સિક્કિમ હિમાલયના રાથોંગ શિખર ઉપર જઇ આવેલા, અને ૮ જણને અગાઉના એવરેસ્ટ–આરોહણોનો પણ અનુભવ હતો. ૨૨મી માર્ચે ૧૭,૮૦૦ ફૂટની ઊંચાઇએ એમણે પહેલો પડાવ નાખ્યો.

ખુમ્બુ હિમપ્રવાહના ઉપર જતા માર્ગ પરની આ છાવણી મુખ્ય આરોહણ-છાવણી હતી. ત્યાર પછીનો પડાવ ૨૦ હજાર ફીટની ઊંચાઇએ નખાયો. સાધારણ રીતે આ ખુમ્બુ હિમપ્રવાહ સુધી પહોંચતાં ઘણો સમય લાગે છે. પરંતુ આરંભમાં અનુકૂળ હવામાનને લીધે માર્ચની ૨૭મીએ તો તેઓ અહીં સુધી પહોંચી ગયા. એ પછીના છાવણી ૨૧,૩૦૦ ફીટ ઉપર નખાઈ.

આહીંથી હવામાન બગડ્યું. ૩૦મી એપ્રિલે આરોહકોને થોડુંક પાછા ફરવું પડેલું અને એ ખરાબ હવામાનમાં યે કોહલી અને તેના સાથીદારો આગળ વધવા મથેલા, પરંતુ બહુ કારી ફાવી નહિ. અને પખવાડિયા સુધી પડ્યું રહેવું પડ્યું. ૧૭મી મેએ ચોથો પડાવ છોડી ૧૯મી મેએ એવરેસ્ટની પૂર્વ-પાંખ ઉપર ૨૭,૯૩૦ ફીટની ઊંચાઈએ એમણે આખરી પડાવ નાંખ્યો પોતાના પુરોગામી બ્રિટિશ, સ્વિસ અને અમેરિકન આરોહકોએ ખેડેલા માર્ગે જ આ ભારતીય ટુકડી આગળ વધેલી અને કુલ છ પડાવ નાખેલા. છેલ્લો પડાવ અગાઉના છેલ્લા પડાવો કરતાં વધુ ઊંચાઈએ નખાયો હતો. અગાઉ બ્રિટિશ ટુકડીએ પડાવ ૨૭,૯૦૦', સ્વીસ ટુકડીએ ૧૭,૫૦૦' અને અમેરિકનોએ ૨૭,૪૫૦'ની ઊંચાઈએ પડાવ નાખેલા.

આરોહકોએ અહીં પૂરતો આરામ લઇ બીજે દિવસે મળસ્કે એવરેસ્ટને આંબવા કમર કસી. અને પ્રયાણ કર્યા પછીના ૮૫મા દિવસે ૨૦મી મેએ સવારના ૯॥ વાગ્યે કૅપ્ટન એ. એસ. ચીમા અને નવાંગ ગોમ્બુએ એવરેસ્ટ ઉપર પહોંચીને અમેરિકનોએ ખોડેલા ધ્વજદંડ ઉપર નેપાળના ધ્વજ સાથે ભારતનો ત્રિરંગી ધ્વજ લહેરાવી દીધો.

પરંતુ આ એક આરોહણથી ભારતની ટુકડીને જાણે કે સંતોષ નહોતો થયો. અથવા તો એવરેસ્ટ ઉપરના વિદેશીઓના આરોહણો ઉપર નેપાળ સરકારે હવે પછી પ્રતિબંધ મૂક્યો છે એટલે એવરેસ્ટને આંબવાની પરાક્રમ–હોંશ લેવાય એટલી લઈ લેવા માટે કે પછી પર્વતારોહણના ઇતિહાસમાં આ એવરેસ્ટવિજયની ગાથાનાં આખરી પ્રકરણને ભારતને હાથે સુવર્ણરેખાથી મંડિત કરવાનાં હોય તેમ આ આરોહકોએ તો પોતાના સાહસને બેવડાવ્યે રાખ્યું. અને એવરેસ્ટનું આરોહણ સફળ થયાના ખબરો હજી હવામાં ગુંજતા હતા ત્યાં તો

* એવરેસ્ટ માટે શેરપા ને તિબેટીઓનો શબ્દ-Chomolungma.

૨૨મી તારીખે બપોરના ૧૨॥ વાગ્યે ટુકડીના બીજા બે સભ્યો સોનમ વાન્ગ્યાલ અને સોનમ ગ્યાત્સોએ ભારતીયોનું બીજું અને એવરેસ્ટ ઉપરનું આઠમું આરોહણ સિદ્ધ કર્યું. ૪૧ વર્ષના સોનમ ગ્યાત્સો અત્યાર સુધીના એવરેસ્ટ આરોહકોમાં સૌથી વધુ ઉમરના આરોહક છે. છેલ્લો પડાવ છોડયા પછી છ કલાકે એવરેસ્ટ પર પહોંચીને ૫૦ મિનિટ સુધી તેઓ શિખર ઉપર રહ્યા હતા. એવરેસ્ટના મથાળે પોતાના પ્રદેશનું ભાંગડા નૃત્ય કરવાની અધૂરી આકાંક્ષા સાથે પાછા ફરેલા પહેલી ટુકડીના કેપ્ટન ચીમાએ પોતાની માતાએ આપેલા રૂપાના સિક્કા એવરેસ્ટને મસ્તકે મૂકયા હતા એ આ બીજી ટુકડીએ જોયા. સર્વોચ્ચ ઊંચાઈએ ફરકતા ભારતના રાષ્ટ્રધ્વજનાં એમણે દર્શન કર્યાં. એ પછી એમણે એવરેસ્ટ ઉપર પહેલો ભારતીય ધ્વજદંડ રોપ્યો અને ફરી પોતાના વતી બીજો ત્રિરંગો લહેરાવ્યો.

આ બીજી ટુકડીને તો તોફાનવાળા પ્રતિકૂળ હવામાનનો પણ સારો એવો સામનો કરવો પડેલો. પાછળથી કદાચ જરૂર પડે તો કામ લાગે એટલા સારુ છેલ્લા પડાવમાં એમણે કેટલીક વખત ઑક્સિજનનો ઉપયોગ પણ નહોતો કર્યો. હજી બાકી હોય તેમ ૨૪મીને સોમવારે સી. પી. વોહરા અને નવાંગ ગોમ્બુના નાનાભાઈ આંગ કામીએ બપોરના ૧૧ વાગ્યે વળી ત્રીજું આરોહણ સફળ કર્યું.

પણ હવે હવામાન બગડી રહ્યું હતું અને દિવસો પણ વધુ વીતી ગયા હતા. છતાં બાર વર્ષ પહેલાં તેનસિંગે પહેલી જ વાર એવરેસ્ટ ઉપર માનવીના ચરણ ચાંપ્યા હતા તે ૨૯મી મેના દિવસે જ કૅપ્ટન આહલુવાલિયા, એચ. સી. રાવત ને સરદાર ફુદોરજીની ટુકડીએ ચોથી વાર એવરેસ્ટને પરાજીત કર્યો. ૨૮મીએ સવારના ૬॥ વાગ્યે સાઉથ કોલ છોડી ટુકડીના ચાર સભ્યો ઊપડયા. બે બે જણ વહેંચાઇને તેઓ છેલ્લા પડાવે ૧૧ અને ૧ વાગ્યે પહોંચ્યા અને ત્યાં જ આરામ લઇને બીજે દિવસે પરોઢીયે ૫-૧૦ વાગ્યે એવરેસ્ટ ઉપરનું ચઢાણ આદર્યું. પરંતુ કેપ્ટન એચ. વી. બહુગુણનું માર્ગમાં જ સ્વાસ્થ્ય બગડતાં એમને સાથે લઈ જઈ શકાયા નહિ અને પોણા અગિયાર વાગ્યે બાકીના ત્રણે આરોહકો એવરેસ્ટ ઉપર પહોંચી ગયા.

'સગરમથા' (એવરેસ્ટ)ના સૌંદર્યથી અભિભૂત માનવીને હમેશાં પડકારતા આ ગિરિશૃંગની ગોદમાં અનેકે પ્રાણ પાથર્યા છે, પરંતુ કદી હિંમત ગુમાવી નથી. માનવીની કષ્ટ સહેવાની ક્ષમતા, સાહસની ભાવના, સહયોગની તત્પરતા વગેરેની એ કસોટી કરતો રહ્યો છે. એમાં ભારતની ટુકડીએ પણ સફળ રહીને એવરેસ્ટના શાંત, સ્વચ્છ અને અનિંદ્ય સૌંદર્યને ૯ દિવસમાં ચારચાર વાર સ્પર્શીને કુદરતની પ્રતિકૂળતાઓ સામે ય પુરુષાર્થ વિમુખ ન બનવાની ખુમારી સાથે વિશ્વ સમક્ષ ભારતને ગૌરવભરી સ્થિતિમાં મૂકયું છે.

સાહસ પ્રચૂર મરજીવાઓની આત્મશ્રદ્ધા અને શૌર્યની તાવણી કરતા આ આરોહણોના પહેલા અને છેલ્લા દિવસો ભારતીય ઇતિહાસમાં ઉજ્જવળ અક્ષરે મંડાશે એ તો ખરુ જ, પરંતુ એમાં એક ઊણપ પણ રહી તે એ કે આ અગાઉ અમેરિકનોએ એવરેસ્ટ ઉપર જે ત્રણ વાર આરોહણ કરેલું એમાંનું એક તો પશ્ચિમ તરફના તદ્દન અજાણ્યા વધુ કપરા માર્ગે કરેલું. એ વિક્રમને વળોટવો હજી બાકી છે.

> **"અમને અનુદાનની ઇચ્છા નથી. દાનદ્રવ્ય ખાવાથી કદાચ પુરુષાર્થ હણાય છે. અમારી અપેક્ષા હોય તો માત્ર એટલી કે 'કુમાર' જો લાયક જણાતું હોય તો શિક્ષણ, સંસ્કાર કે ગ્રામસ્વરાજ્યની સર્વ સંસ્થાઓ 'કુમાર' મંગાવતી થાય. અકિંચન વિદ્યાર્થીઓ તથા સંસ્થાઓની વતી શ્રીમંતો તેમનાં લવાજમો ભરી મોકલે; સંપન્ન પેઢીઓ પોતાની જાહેરખબરો આપીને અમારા પ્રયત્નનો ખભો થાબડે."**
>
> મે માસના અંકમાં 'એક કુમાર-ચાહક'ના પત્ર નીચે મુકાએલી અમારી ઉપર્યુક્ત લીટીઓની કદર કરીને એક મિત્ર સૂચવે છે કે "આગામી ૫૦૦મા અંક માટે થનાર બહોળા ખર્ચમાં યથાશક્તિ ટેકો આપવા માટે જો તમે 'કુમાર'માં જાહેર વિનતિ કરશો તો એળે નહિ જાય." એમણે વ્યક્ત કરેલી એ શ્રદ્ધાને અમે દુહરાવીએ છીએ કે સંપન્ન પેઢી યા ઉદ્યોગ ધરાવનાર 'કુમાર'ના એટલા ચાહકો તો જરૂર નીકળી આવશે કે જે પોતાની એક પાનાની જાહેરાત ૫૦૦મા અંક માટે આપશે. એમની ફરમાયશ આવ્યે અમે એમને ભાવ વગેરેનું જરૂરી સાહિત્ય મોકલીશું.

એવરેસ્ટ-આરોહણની તવારીખ-નોંધ

ઈ. ૧૮૫૨ બ્રિટિશ હિન્દના સરકારી મોજણીખાતાના રાધાનાથ સિકદારે હિમાલયના ૧૫ નંબરના શિખરને દુનિયાનું સર્વોચ્ચ પર્વતશિખર જાહેર કર્યું. ખાતાના એ વખતના ઉપરી જ્યોર્જ એવરેસ્ટના નામ પરથી એ શિખરને 'એવરેસ્ટ' નામ અપાયું. ઈ. ૧૮૮૩માં વિલિયમ ગ્રૅહામે તથા ૧૮૯૨માં ઑસ્ટ્રેલિયન પહાડખેડૂઓએ આ શિખર પર આરોહણ કરવાના પ્રયત્નો કર્યાનો ઉલ્લેખ મળે છે, પણ એ બાબત વિશેષ માહિતી નથી.

૧૮૯૯ નેપાળ રાજ્ય પાસે એવરેસ્ટ-આરોહણ માટે ઓટો ઈ. ઈહલ્સ નામના એક જર્મન આરોહકે પરવાનગી માગીને સનસનાટી મચાવી દીધી, પણ પરદેશીઓને શંકાની નજરે જોતા રાજવીએ એની માગણી મંજૂર કરી નહિ. આ પહેલાં ૧૮૯૫માં મમ્મેરી નામક એક આરોહક આવા પ્રયત્નમાં મોતને ભેટયો હતો.

૧૯૦૭ માદામ વર્કમાનની આરોહક ટુકડી ૨૨૦૦૦ ફૂટ ઊંચે સુધી જઈ શકી. આ સિદ્ધિથી આરોહણો માટે ફરી પ્રેરણા મળી.

૧૯૦૫ ડૉ. લૉંગસ્ટાફ અને બ્રૉકરેલ દ કૅમોની ૨૦૦૦ ફૂટ સુધી જ જઈ શકયા. પ્રતિકૂળ હવામાનને કારણે પાછા ફરવું પડયું

૧૯૦૯ ઇટાલીના રાજાના ભત્રિજા આબ્રૂઝિયોના ડ્યૂક ૨૪,૭૦૦ ફૂટ સુધીનું ચઢાણ કરી નવો વિક્રમ સ્થાપ્યો. આ બધા પ્રયત્નોની કઠીનાઇ ને જીવહાનિ પછી આ શિખર લગભગ અજેય મનાવા લાગ્યું ને એટલે હવે એને સર કરવાના પ્રયત્નો કરવા કે નહિ એ વિચારવા ઇંગ્લંડમાં બ્રિટિશ આલ્પાઈન ક્લબ ને રૉયલ જ્યૉગ્રૉફિકલ સોસાએટીએ ફ્રાન્સિસ યંગહસબંડના પ્રમુખપદ નીચે એક સમિતિ નીમી. સમિતિએ સાહસો જારી રાખવાની ભલામણ કરી.

૧૯૨૧ કર્નલ સી. કે. હૉવર્ડબરી.ના નેતૃત્વ હેઠળ પ્રથમ બ્રિટિશ ટુકડીએ તિબેટ તરફથી એવરેસ્ટ પર આરોહણ આદર્યું. ૧૭,૨૦૦ ફૂટ ઊંચે એમાંના એક ડૉ. કેલાસનું અવસાન. જ્યૉર્જ લે મૅલરી અને બે બીજા આરોહકો ચાંગ-લા (નૉર્થ કોલ–૨૨,૯૦૦ ફૂટ) સુધી ગયા.

૧૯૨૨ બ્રિગે૦ જન૦ સી. જી. બ્રુસના નેતૃત્વમાં બીજી બ્રિટિશ ટુકડી નૉર્થ કૉલને માર્ગે ૨૧મી મેએ ૨૬,૯૮૬ ફૂટ ઊંચે પહોંચી. છ દિવસ પછી કૅપ્ટન જ્યૉફ્રી બ્રુસ અને જ્યૉર્જ ઈન્ગ ફિન્ચ ૨૭.૩૦૦ ફૂટ ગયા. આરોહણોમાં પહેલી જ વાર ઑક્સિજનનો ઉપયોગ આ પ્રયત્નમાં થયો. ઓચિંતા વરસાદથી સાતેક મજૂરો માર્યા ગયા.

૧૯૨૪ લેફ. કર્નલ ઈ. એફ. નૉર્ટનના નેતૃત્વમાં ત્રીજી બ્રિટિશ ટુકડી ૪થી જૂને ઑક્સિજન વગર ૨૮,૧૨૪ ફૂટ પહોંચી. ચાર દિવસ પછી મૅલરી ને ઍન્ડ્રયુ ઇરિવિન ઑક્સિજન સાથે આગળ ઊપડ્યા. ૨૮,૦૦૦ ફૂટ પર તેઓ દૂરબીનમાં દેખાયા પછી એમનો પત્તો લાગ્યો જ નહિ. અનુકૂળ હવામાન ને પૂરતો સમય હોઇ મનાય છે કે તેઓ કદાચ એવરેસ્ટ સુધી પહોંચ્યા પણ હોય, ને વળતાં ગૂમ થયા હશે.

૧૯૩૩ હ્યુ રટલેજની નેતાગીરીમાં ચોથી બ્રિ. ટુકડી નૉર્થ કૉલને માર્ગે મેની ૩૦મીએ ૨૭,૪૦૦ ફૂટ ઊંચે પહોંચી. ત્યાં શિખરની તળેટીમાં બરફના ચઢાણ માટેની એક કુહાડી મળી. ૧લી જૂને ફ્રૅન્ક સ્માઈથ ૨૮,૧૨૪ ફૂટ ઊંચે પહોંચ્યો.

૧૯૩૪ કૅપ્ટન મૉરિસ વિલ્સને એકલેપંડે સાહસ કર્યું. નૉર્થ કૉલને માર્ગે ૨૯મી મેએ એ તદ્દન એકલો આગળ વધ્યો. એ પછી એના કંઈ ખબર મળ્યા નહિ.

૧૯૩૫ એરિક શિપ્ટનના નેતૃત્વમાં પાંચમી બ્રિટિશ ટુકડી ઊપડી. એચ. ડબ્લ્યુ. ટિલમૅન સાથે નૉર્થ કૉલ સુધી ચઢાણ થયું. આ ટુકડી સાથે તેનસિંગ પણ હતો. ત્રીજા પડાવથી સહેજ આગળ એને કૅપ્ટન વિલ્સનનું શબ હાથ લાગ્યું.

૧૯૩૬ રટલેજ છઠ્ઠી બ્રિટિશ ટુકડીમાં ફરી આવ્યો. પ્રતિકૂળ હવામાનને લીધે આ ટુકડી પાછી ફરી.

૧૯૩૮ સાતમું અને તિબેટની દિશામાંથી છેલ્લું બ્રિટિશ સાહસ. ટિલમૅન સાથે નૉર્થ કૉલ તરફથી ૨૭,૨૩૦ ફૂટ સુધી પહોંચાયું.

૧૯૫૦ ચાર્લ્સ હાઉસ્ટનના નેતૃત્વમાં પહેલી અમેરિકન ટુકડીએ પ્રયાસ કર્યો. નેપાળ રાજ્યે પહેલી જ વાર પોતાના વિસ્તારમાંથી વિદેશીઓને આરોહણની મંજૂરી આપી. આ સાહસમાં ખુમ્બુ હિમપ્રવાહમાં થ્યાંગબોચેના બૌદ્ધ મઠની માહિતી મળી.

૧૯૫૧ એરિક શિપ્ટનના નેતૃત્વમાં ખુમ્બુ હિમપ્રવાહને માર્ગે સાઉથ કૉલ ને અગ્નિકોણ તરફથી એવરેસ્ટ પર પહોંચવાના નવા માર્ગોની શોધ.

૧૯૫૨ ઑક્ટોબરમાં ઉત્તર તરફથી ૪૨ રશિયનોએ પ્રયત્ન કર્યો. એમાંના છ જણ ૨૭,૦૦૦ ફૂટ સુધી પહોંચ્યા પછી પાછા જ ફરી શક્યા નહિ.

૧૯૫૨ પ્રથમ સ્વિસ આરોહણ. ડૉ. એડ્યુઅર્ડ વિસ્સ ડ્યુનાન્ટના નેતૃત્વ નીચે ખુમ્બુ હિમપ્રપાત માર્ગે સાઉથ કૉલ પર પહેલી વાર આરોહકોનો પડાવ પડ્યો. રેમન્ડ લૅમ્બર્ટ અને તેનસિંગે મેની ૨૮મીએ ૨૮,૨૧૦ ફૂટ – એટલે કે ત્યાર સુધીની વધુમાં વધુ ઊંચાઈ સિદ્ધ કરી. આ જ વર્ષે પાનખરમાં બીજો સ્વિસ પ્રયાસ થયો. ડૉ. ગ્રેબિયલ શેવૅલેના નેતૃત્વમાં સપ્ટેમ્બરમાં એવરેસ્ટના વિસ્તાર સુધી પહોંચાયું. બરફ તૂટી પડતાં શેરપા મિંગ્મા દોરજેનું અવસાન. ૧૯મી નવેમ્બરે સાઉથ કૉલ સુધી પહોંચાયું.

૧૯૫૩ કર્નલ જ્હૉન હન્ટના નેતૃત્વમાં બ્રિટિશ ટુકડીના ઈ. પી. હિલારી અને તેનસિંગે ૨૯મી મેએ એવરેસ્ટ સર કરી પર્વતારોહકોના વર્ષોજૂના સ્વપ્નને સિદ્ધ કર્યું. એમની પહેલાં ત્રણ દિવસ અગાઉ ટી. ડી. બોર્ડિલોન અને આર. સી. ઇવાન્સ ૨૮,૦૫૦ ફૂટ સુધી પહોંચી શકેલા.

૧૯૫૬ ૩૩ આરોહકોની સ્વિસ ટુકડીના અર્ન્સ્ટ શ્મિડ અને જર્ગ મારમેટે ૨૩મી મેએ તથા ઍડોલ્ફ રીસ્ટ અને હાન્સરુડૉફ વૉન ગુન્ટને ૨૪મી મેએ એવરેસ્ટ પર વિજય મેળવ્યો. ડૉ. આલ્બર્ટ એગ્લર એના નેતા હતા. આ રીતે બીજી અને ત્રીજી વાર એવરેસ્ટ પર માણસે કદમ મુક્યા.

૧૯૬૦ પહેલો ભારતીય પ્રયાસ. બ્રિગે. ગ્યાનસિંગની ટુકડીના કૅપ્ટન નરીન્દર કુમાર, સોનામ ગ્યાત્સો ને નવાંગ ગોમ્બુ મેની ૨૫મીએ ૨૮ ૩૦૦ ફૂટ પહોંચ્યા. ભયંકર ઝંઝાવાતોને કારણે માત્ર ૭૦૦ ફૂટથી એમને પાછા આવવું પડ્યું. એ જ વખતે મેની ૨૭મી તારીખે વાંગ ફુ ચાઉ, ચુ યિન હુઆ અને (તિબેટન) કોબુએ મેની ૨૫મી તારીખે એવરેસ્ટ સર કર્યાની જાહેરાત કરી. પણ એ સિદ્ધિની સચ્ચાઇનો કોઈ આધાર પ્રાપ્ય નથી.

૧૯૬૨ મેજર જ્હૉન ડિયાસની ટુકડી અત્યંત જોરદાર પવનોને કારણે ૨૮,૬૦૦ ફૂટથી પાછી ફરી. આ ઝંઝાવાતમાં લેફ. મોહન કોહલી, સોનામ ગ્યાત્સો ને હરિ દાંગે ગજબની હિંમત બતાવી. એ વખતના અત્યંત ખરાબ ગણાએલા હવામાનમાં મુશ્કેલી વેઠવાનો એમણે જે વિક્રમ સર્જ્યો એ હજી અજેય છે.

આ જ વર્ષમાં વૂડરો વિલ્સન, સૅયરે, નૉર્મ હાન્સન અને રૉજર હાર્ટ એ ત્રણ અમેરિકન તથા હાન્સ-પીટર ડફ્લ નામના સ્વિસે નેપાળ-તિબેટની સીમા પરના ગ્યાચુંગ કાંગ (૨૫,૯૧૦')ના આરોહણની મંજૂરી હેઠળ અનધિકૃત રીતે એવરેસ્ટ આરોહણનો પ્રયત્ન કર્યો. ખાસ મોટી તૈયારી વિનાનો આ પ્રયાસ ઓછો જાણીતો છે. આ પર્વતમાં ૧૯,૪૦૦ ફૂટ પર નુપ-લા નામે ઘાટમાં થઈ તિબેટની હદમાંથી એવરેસ્ટની ઉત્તર બાજુએ તેઓ ગયા હતા. શેરપાઓની સહાય અને ઑક્સિજન વગર તથા પર્વતારોહણનો ઓછો અનુભવ છતાં આ ચાર જણે રૉંગબક હિમપ્રવાહ અને પ્રપાતના અત્યંત વાંકાચૂંકા માર્ગે ૨૨,૦૦૦ ફૂટ ઊંચે જઈ ગજબ સાહસ કરી બતાવ્યું. ત્યાંથી નૉર્થ કૉલ થઇને અગ્નિ તરફ જઈ એમના નેતા સૅયરે એ ૨૫,૦૦૦ ફૂટથી વધુ ઊંચાઇનું ચઢાણ કર્યું.

૧૯૬૩ ૨૦ આરોહકોની એક અમેરિકન ટુકડીએ નૉર્મન ડાયહ્રફર્થના નેતૃત્વમાં એવરેસ્ટ પર ચઢાણ કર્યું. ત્રણ પ્રયત્નમાં એમના છ આરોહકોએ એવરેસ્ટના ઉપર વિજય મેળવ્યો. આમાંના બે આરોહકો તો પશ્ચિમ તરફની અતિ વિકટ બાજુએથી ચડેલા. એમના એ પ્રયત્નને તો હજી કોઈ આંબી શક્યું નથી. વળી, બિશપ, જર્સ્ટેડ, અન સોએલ્ડ અને હૉર્નબિને ઑક્સિજન, તંબૂ કે પથારી વગર જ ૨૮,૦૦૦ ફૂટ ઊંચે રાત ગાળીને નવો જ વિક્રમ સ્થાપ્યો.

છેલ્લા ભારતીય આરોહણ પછી વિદેશીઓને એવરેસ્ટ આરોહણ કરવા દેવા સામે નેપાળ રાજ્યે હવે પ્રતિબંધ મુક્યો છે.

ભારતીય આરોહક ટુકડીના વીરો (ડાબી બાજુથી અનુક્રમે): **લેફ. કમાન્ડર એમ. એસ. કોહલી:** વય ૩૪ વર્ષ. દિલ્હી યુનિવર્સિટીના અનુસ્નાતક. ભારતીય નૌકાદળમાં ઇન્સ્ટ્રક્ટર ઑફિસર તરીકે ૧૯૫૪માં કારકિર્દીનો આરંભ કર્યો. દાર્જિલિંગની હિમાલય પર્વતારોહક સંસ્થામાં તાલીમ લઈ મેજર જયલ સાથે કારાકોરમ પર, ૧૯૫૯માં નંદાકોટ પર, ૬૦'માં બ્રિગે. ગ્યાનસિંહની ટુકડીમાં એવરેસ્ટ ઉપર સાઉથ કૉલ સુધી, ને '૬૧ વણખેડાયેલા અન્નપૂર્ણા–૩ પર સફળ આરોહણ કરેલું. '૬૨ના બીજા ભારતીય એવરેસ્ટ-આરોહણમાં તે નાયબ નેતા તરીકે અને '૬૪માં નંદાદેવી–ત્રિશૂળીના આરોહણની નેતાગીરી લીધેલી. આ છેલ્લા એવરેસ્ટ-આરોહણના તેઓ નેતા હતા. **કૅપ્ટન એ. એસ. ચીમા:** વય ૨૬ વર્ષ. '૬૪માં વણખેડાયેલા પંચશૂલીના ચોથા અને પાંચમા શિખરોના સફળ આરોહણમાં હતા. એ જ વર્ષે તેમણે એવરેસ્ટ-આરોહણ પહેલાંના રાથોંગ ઉપરના પ્રાથમિક આરોહણમાં પણ ભાગ લીધેલો. (એમની સાથેના વિજેતા **નવાન્ગ ગોમ્બુનો** પરિચય આ અંકની માધુકરીમાં આપેલો છે.) **સોનમ વાન્ગ્યાલ:** ઉમર ૨૩ વર્ષ. લડાખી હિમાલય પર્વતારોહક સંસ્થામાં તાલીમ. '૬૨ના કાંગલોચા-આરોહણના એક સભ્ય. ૬૩'માં હાથી પર્વત (૨૨૦૦૦ ફૂટ) પર આરોહણ. રાથોંગ આરોહણમાં અને ભારતીય ટુકડીના બીજી વારના એવરેસ્ટ આરોહણમાં હતા. **સોનમ ગ્યાત્સો:** અત્યાર સુધીમાં એવરેસ્ટ ઉપર ચઢનારાઓમાં સૌથી મોટી ઉમર (૪૨ વર્ષ)ના આરોહક. મેજર જયલના નંદાદેવી પરના આરોહણમાં તેઓ હતા. '૫૮માં ચો-ઓયુના આરોહણમાં પાસાંગ દાવા લામા સાથે શિખર સર કરેલું. '૬૦માં એવરેસ્ટ–આરોહણમાં ૨૮,૩૦૦ ફૂટ સુધી પહોંચેલા. '૬૧માં લેફ. કમા. કોહલી સાથે તેઓએ પણ અન્નપૂર્ણા–૩ સર કર્યું. એ જ વર્ષે ખાન્ગ્રોચેંગૌ (૨૭,૦૦૦ ફૂટ)ના સફળ આરોહણની નેતાગીરી લીધી. પર્વતારોહણોની સિદ્ધિઓ બદલ '૬૧માં પદ્મશ્રી બન્યા. '૬૨ના એવરેસ્ટ-આરોહણમાં પણ હતા. રાથોંગના પ્રાયોગિક આરોહણમાં પણ સફળતા મેળવી હતી. [નીચે] **સી. પી વોહરા:** ૩૧ વર્ષ. '૫૬થી ભારતની ભૂસ્તરશાસ્ત્રીય મોજણીના કામમાં રહેલા છે. ૧૯૫૭-'૫૮ દરમ્યાન તેમણે કુમાઉં ગ્લેસિયરમાં કામ કરેલું. '૬૦ અને '૬૨ના ભારતીય એવરેસ્ટ–આરોહણોમાં જોડાએલા. '૬૪માં નંદાદેવી ઉપર સફળ આરોહણ કરેલું. **આંગ કામી:** દાર્જિલિંગની હિમાલય પર્વતારોહક સંસ્થાના એક સારા અનુભવી ઈન્સ્ટ્રક્ટર. ૨૪ વર્ષના આરોહક છે. તેનસિંગના એક કુટુંબી. '૬૯ના ભારતીય એવરેસ્ટ-આરોહણમાં સાઉથ કોલ સુધી ગએલા. નેપાળ અને સિક્કિમ-હિમાલય ખૂબ ખેડયા છે. રાથોંગના ચઢાણમાં પણ હતા. **કૅપ્ટન એચ. એસ. અહલુવાલિયા:** ૨૭ વર્ષ. હાઈ ઑલ્ટીટ્યુડ વેરફેર સ્કૂલમાં ઇન્સ્ટ્રક્ટર. '૬૨માં કોખતાંગનું વણખેડાયેલું શિખર (૨૧૦૦૦ ફીટ) સર કર્યું. રાથોંગના આરોહણમાં પણ હતા. **એચ. સી. એસ. રાવત:** ૩૧ વર્ષ. '૬૨માં લેહમાં કાંગલોચા (૨૦,૦૦૦') અને '૬૩માં હાથી પર્વત (૨૨૦૦૦') પર ચઢાણ કરેલું. '૬૪માં ત્રિશૂળી–નંદાદેવી (પૂર્વ) પર અને આ વર્ષે રાથોંગ ઉપર પણ ચડેલા. અને અહીં જેમની છબિઓ નથી આપી શકાઈ એ **ડૉ. મેજર નરીન્દર કુમાર** (આ ટુકડીના ઉપનેતા) અને છેલ્લા આરોહકોમાંના **સરદાર કુદેરજી કૅપ્ટન** અને **એચ. બી. બહુગુણ** ઉપરાંત, સરદાર ચીરિંગ, આંગ પેમ્બા (નુપ્ત્સેવિજેતા), નવાંગ દોરજે (ધવલગિરિ-૧ના આરોહક), દાવા નોર્બુ (નંદાદેવીના આરોહક) અને એવરેસ્ટ આરોહણોમાં છેલ્લા પડાવ સુધી ત્રણ વાર સામાન લઈ જનાર કુ દોરજી જેવા શેરપાઓનો પણ આ વિજયમાં ભાગ છે એ નકારી શકાય તેમ નથી. નેપાળ માર્ગે આરોહણ પર હવે પ્રતિબંધ છે.

બંધુસમાજ [3]

લેખક
હરસિદ્ધભાઈ
દિવેટિયા



ત્રીજા સભ્ય
શિવભાઈ બાપુભાઈ દુર્કાળ

બંધુસમાજના ત્રીજા સભ્ય શિવભાઈ દુર્કાળ એક અનેરી વ્યક્તિ હતા. એમનો અભ્યાસ પહેલેથી જ નબળો હતો એટલે અલ્લાહાબાદ યુનિ.ના મૅટ્રિક્યુલેશનની પરીક્ષા પાસ કર્યા પછી ગુજરાત કૉલેજમાં દાખલ થયા છતાં પ્રીવિયસ પછી ચારપાંચ વખત ઈન્ટરમાં નાપાસ થવાથી અભ્યાસ છોડી દીધો હતો. પરંતુ સંસ્કૃત અંગ્રેજી અને ગુજરાતી સાહિત્યવાચનના શૉખને લીધે એમની લેખનશક્તિ વિકસી. કૉલેજમાંથી જ એમને સાર્જન્ટરાવ(ભોગીન્દ્રરાવ)સાથે ગાઢ મૈત્રી થઇ હતી. એમને તે હેત અને રમૂજમાં 'નજરસા' (સારજન્ટ પરથી અવળું રૂપ) કહેતા. એમનું કુટુંબ અમારા સગપણમાં જ હતું. એમનું મન સાહિત્ય તરફ વધારે હોવાથી બંધુસમાજમાં પહેલેથી જ દાખલ થયા હતા. સ્વભાવે રમૂજી અને આનંદી હતા. ઠીંગણું, બાંધી દડીનું શરીર અને ગોળ મોં એમના વિનોદનો આવિર્ભાવ સ્પષ્ટ કરતાં. મારા મિત્ર પર્જન્યરાય મ્હેડના એ મામા હતા એટલે હું પજુભાઈને ઘેર એમના પરિચયમાં સારો આવ્યો હતો.

"એમનો જન્મ સંવત ૧૯૩૦ના શ્રાવણ સુદ ૧૨ (ને મંગળવાર તા. ૫ ઑગસ્ટ ૧૮૭૩)ના રોજ થયો હતો. એમના પિતા બાપુભાઇ પ્રતાપરાય કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટના શિરસ્તેદાર હતા અને પાછળથી બીલખાના દરબાર નાજાવાળાના ન્યાયાધીશ થએલા.

કૉલેજ-શિક્ષણની વારંવાર નિષ્ફળતાઓ પછી એમને, ખારાઘોડા સૉલ્ટ વર્ક્સમાં કામ કરતા એમના મામા છગનલાલ ધ્રુવ ગુજરી જતાં તેમની રૂ. ૩૫ની હકદારની જગ્યા મળી. પણ ત્યાંના નિર્જન વસવાટ અને 'તેલાટ'ની જગ્યાનો એમને ઘણો કંટાળો હોવાથી ત્યાં તેઓ ઝાઝું રહેતા નહિ. એક વખત છ માસની કપાતે પગારે રજા લઈ ઈન્ટરની પરીક્ષા આપવા આવ્યા, પરંતુ તેમાં સફળતા ન મળી.

વચ્ચે વડનગરમાં શિક્ષક તરીકે પણ કામગીરી કરી પણ ફરીથી ખારાઘોડા જવાનું આવ્યું. શંકરરાય વડોદરેથી આવ્યા અને 'બંધુસમાજ'માં સાતમા સભ્ય તરીકે જોડાયા ત્યારે વળી તેમણે સાર્જન્ટરાવ અને શંકરરાય સાથે મળીને એક આદર્શ શાળા કાઢવાની યોજના ઘડી હતી. તે પણ સફળ થઇ નહિ. થઈ હોત તો કદાચ ગાંધીજીના આદર્શો મુજબની તે સિદ્ધ થઈ હોત એવા એમના વિચારો હતા. પર્જન્યરાય મ્હેડ ઇંગ્લંડ ગયા ત્યારે તે ખારાઘોડાથી બે વરસની રજા લઈ અમદાવાદ આવેલા. એ દરમ્યાન 'ગુજરાતી પંચ'ના તંત્રી તરીકે થોડો સમય કામ કરેલું. (ચારેક વર્ષ 'સુંદરી સુબોધ'ના સંપાદક–સંચાલક તરીકે પણ સેવા આપેલી.) વળી થોડો સમય વડનગરના ભોગીલાલ શેઠને ત્યાં અંગત મંત્રી તરીકે રહેલા. તે વખતે તેઓ વડોદરાના નામદાર ગાયકવાડ તથા તેમના અમલદારોના સારા પરિચયમાં આવેલા. એ વેળા પહેરવા પડેલાં કોટ-પાટલૂન સિવાય તે પોશાકમાં સદા સાદા જ રહેતા. (પાટલૂનને તેઓ 'ખોડીબારું' કહેતા!)

વિચારે તેઓ ઊંડી ધર્મનિષ્ઠાવાળા હતા એમ તેમની ડાયરીઓ પરથી જણાય છે. તેમાંની સ્વાનુભવની નોંધો વાંચવા યોગ્ય છે. દર વર્ષે તે પ્રભુસેવા, દેશસેવા, સાહિત્યસેવા આદિના કંઈ ને કંઈ નિયમો લેતા. 'બંધુસમાજ'ની બેઠકોની નોંધો પણ તેમણે રાખેલી. સ્વભાવે તેઓ વિલક્ષણ અને ટીખળી હોવા છતાં હૃદયથી નિખાલસ અને નિર્મળ તથા કુટુંબ અને મિત્રવત્સલ હતા. ઉચ્ચ આનન્દ માટે તે ઘણાની સાથે સ્નેહસંબંધ ધરાવતા. જેમાં નરસિંહરાવ, રણજિતરામ, નાનાલાલ, કૃષ્ણલાલ ઝવેરી આદિ હતા."*

એમને વાર્તાઓ લખવાનો શૉખ પહેલેથી જ હતો, એટલે 'વાર્તાવારિધિ'માં વાર્તાઓ લખવી શરૂ કરી. 'ગુજરાતી પંચ'ની વાર્ષિક ભેટ તરીકે એમણે લખેલી 'અલક્ષ્યજ્યોતિ' નામની નવલકથા એમની સર્વ કૃતિઓમાં શ્રેષ્ઠ ગણાઇ છે. તે ઉપરાંત 'કપિંજલા', 'પદ્મનાભ', 'મધુકર', 'કુંજબાલા', 'મંજરી', 'નિરજન', 'રંજનકુમાર', 'વીણા', 'મુનિકુમાર', 'સુવર્ણ આશા' વગેરે કથાઓ પણ એમણે લખી છે, જેમાંની પહેલી 'સુન્દરી સુબોધ'ની તથા બાકીની બધી 'ગુજરાતી પંચ'ની ભેટ તરીકે પ્રસિદ્ધ થએલી. એમના વિચારો હિંદુ સમાજના સુધારા તરફ વિશેષ હતા, અને તે જમાનામાં ધર્મને નામે ચાલતાં ધતિંગોની એમની ટીકા સ્ત્રીઓ તથા યુવક વર્ગમાં રસથી વંચાતી. બાળ વિધવાના પુનર્લગ્નની એમણે કરેલી હિમાયતમાં ઘણાને જોકે વધારેપડતો સુધારો જણાતો, પણ યુવક વર્ગને તો એમના વિચારો પ્રગતિશીલ લાગતા અને તેથી એમની નવલકથાઓ લોકપ્રિય થઈ હતી. 'એમની શૈલી સરળ છતાં રસિક છે.'

"'વાર્તાવારિધિ' ઉપરાંત 'મેઘનાદ', 'નાગર-ઉદય' વગેરેમાં પણ તે લેખો, કાવ્યો આદિ લખતા. સ્વદેશ-સુધારણાની ઉચ્ચ વૃત્તિઓ અને જનસમાજનાં ચિત્રો ચીતરવાની સારી કુશળતા અને પ્રહસન તથા વાક્ચાતુર્યની નૈસર્ગિક શક્તિ એમનામાં હતી. એમની બધી કૃતિઓમાં રમૂજી ટુચકા તથા પ્રસંગો તો હોય જ."*

'વાર્તાવારિધિ'માં એ ઘણી વખત લખતા હોવાથી એના સંચાલક ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ સાથે પણ એમને સારો સંબંધ હતો. એમના નામની 'પૅરડી' કરી શિવભાઇએ એમને એક લેખમાં 'ભીણબત્તીરામ અગરબત્તીરામ'ના નામે ઉલ્લેખ્યા હતા. ગણપતિરામે એના જવાબમાં શિવભાઈની આકૃતિને સંબોધીને એમનું નામ 'ગોળમટોળ શર્મા' પાડયું હતું! આવા વિનોદો ચાલ્યા જ કરતા. 'બંધુસમાજ'ના સભ્યો ભેગા થાય ત્યારે વાતાવરણને રમૂજથી હળવું કરનાર શિવભાઈ મુખ્ય હતા. એમની વાર્તાઓમાં ન્યાતના જમણવારોના વર્ણનમાં દૂધી-ચણાની દાળનું વર્ણન તો હોય જ, એટલે અમે એમનું નામ 'દૂધી-ચણાની દાળ' પણ પાડયું હતું! છતાં એમની રમૂજ છીછરી નહોતી. સાક્ષર થવાના સંસ્કાર એમનામાં મૂળથી હતા જ. અમદાવાદમાં પ્લેગ આવ્યો ત્યારે એ ગામ બહાર રહેતા. એટલે જ્યારે અમને મળવા આવે ત્યારે પાછા જવાના વખતે કવિ દલપતરામના શબ્દોમાં ભુજંગી છંદમાં ગાઇને કહેતા કે આ રોગચાળાના વખતમાં તો—

જગન્નાથજી જીવતો રાખશે તો
હયાતી અમારી તમારી હશે તો

પાછા મળીશું! છેવટે થયું પણ એમ જ. ઈ. ૧૯૧૮ના ઇન્ફ્લ્યુએન્ઝાના રોગચાળામાં ૧૯મી ઑક્ટોબરે ૪૫ વર્ષની વયે એમનું અવસાન થયું અને એમની કારકિર્દીનો અકાળે અંત આવ્યો. એ જો વધારે જીવ્યા હોત તો એમની સાક્ષરતાનો વિકાસ જરૂર સારો થયો હોત. (ચાલુ)

* અવતરણો એમના મિત્ર કૃષ્ણદેવ પંડિતે લખેલી જીવનરેખામાંથી.

શબ્દકથા: 'દક્ષિણા', 'ફી'

વિનોદી ચાટૂકિત તરીકે, 'લાંચ' માટે 'ભૂરસી'નો કે 'દક્ષિણા'નો પ્રયોગ લાક્ષણિક છે. મુખ્યત્વે તો ધાર્મિક કે માંગલિક પ્રસંગે બ્રાહ્મણોને અપાતું દાન તે 'દક્ષિણા'.

વૈદિક સમયમાં યજ્ઞયાગમાં ઋત્વિજોને દક્ષિણા પારિશ્રમિક લેખે અપાતી. સારી દક્ષિણા આપનાર ઉદાર યજમાનની ગુણગાન કરતી 'દાનસ્તુતિ' તથા 'ગાથા નારાશંસી' નામની રચનાઓ વૈદિકસાહિત્યમાં મળે છે. દક્ષિણામાં ગાયો (કે ઘોડા વગેરે પશુ), વસ્ત્રાભૂષણ વગેરે અપાતાં.

દાનમાં આપવાની ગાયો ઋત્વિજની જમણી બાજુએ — 'દક્ષિણ' બાજુએ રખાતી માટે તે દાન 'દક્ષિણા' નામે ઓળખાયું.

'દક્ષિણા ગાય:' એ પ્રયોગમાંથી પછીથી માત્ર 'દક્ષિણા' શબ્દ એ જ અર્થમાં વપરાતો થયો.

'દક્ષિણા' એટલે મૂળ તો દાનમાં અપાતી ગાય વગેરે પશુ; પછી ધન, અને પછી 'ધાર્મિક ક્રિયાનું પારિશ્રમિક', એ રીતે અર્થ વિકસ્યો.

અંગ્રેજી શબ્દ 'ફી' (fee)નું મૂળ પ્રાચીન 'ફેહુ' (fehu)='ઢોરઢાંખરની બનેલી માલમિલકત' હોવાનું ઘણા માને છે. જર્મન શબ્દ 'ફી' (vieh)નો અર્થ 'ઢોર, પશુ' છે તે અહીં ટાંકી શકાય.

લૅટિન 'પેકુ' (pecu) અને સંસ્કૃત 'પશુ' મૂળે એક છે, અને 'પેકુ' ઉપરથી આવેલા 'પેકુનિયા'નો અર્થ 'ધન' થાય છે. અંગ્રેજી 'પેક્યુનીઅરિ' (=આર્થિક) શબ્દ તેના પરથી જ લેવાયો છે.

દસ, સો ને હજાર ગાયના માલિક માટેના સંસ્કૃત શબ્દો 'દશગુ', 'શતગુ', 'સહસ્રગુ', પણ ધનિકતા પશુસમૃદ્ધિ પરથી મપાતી એમ સૂચવે છે.

હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

કેટલાંક નવાં પ્રકાશનો

શતરંજ: શ્રી શિવકુમાર જોશીએ આ નાટક ચીની આક્રમણ અને ચીનતરફી સામ્યવાદીઓની રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓની ભૂમિકા લઇ લખ્યું છે. શ્રી શિવકુમારને રંગમંચનો પરિચય છે, વળી આ પહેલાં 'ઘટા ધીરી ધીરી આઈ', 'સુવર્ણરેખા', 'એક ટકોરે' જેવી નાટ્યકૃતિઓ તેમણે આપી છે. એમની પાસેથી 'શતરંજ' જેવી નબળી કૃતિ મળે ત્યારે નિરાશા ઉદ્ભવે છે. પહેલા અંક અને ચોથા અંકને સાંકળવા માટે વચગાળાની પરિસ્થિતિમાં આવતા બનાવોની કડીઓમાં જરૂરી દૃઢતા નથી. આખી કૃતિ સ્વાભાવિક ઉપક્રમે ચિત્ત પર સુશ્લિષ્ટતાની–અખંડિતતાની છાપને સબળ રીતે ઉઠાવ આપી શકતી નથી. શતરંજના પ્યાદા તરીકે મમતાના પાત્રને સર્વોપરી ઉઠાવ આપવામાં નાટકની ઘટનાઓએ એકાગ્રપણે જે રીતે ભાગ ભજવવો જોઈએ એ રીતે ભજવ્યો નથી. લેખક નાટ્યક્ષમ પરિસ્થિતિઓ ઊભી કરે છે, પણ તે સર્વનો સફળતાથી નિર્વાહ કરી શક્યા નથી. પ્રિયરંજનનો લેખકે કર્યો છે તેથી વધુ અસરકારકરીતે ઉપયોગ તે કદાચ કરી શક્યા હોત. નાટ્યકસબની લેખકની જાણકારી ને હથોટી, સર્જનશીલ દૃષ્ટિની લાક્ષણિકતા તેમજ અવારનવાર ઘટનાઓની સંકલના અને સંવાદોમાં પણ ચમકી જાય છે; છતાં આ નાટક માનવમનનાં ઊંડાણોને રંગમંચ પર છતાં કરવામાં ધાર્યું સફળ થયું નથી. પથરાટ અને ઉતાવળ, સંકુલતા ને વિચ્છિન્નતા અહીં કેટલેક અંશે જોવા મળે છે. સંવાદ પર ક્યારેક વધારે પડતો બોજો લદાતો વરતાય છે. નાટક કેટલી અઘરી કળા છે અને સર્જકે કલાકૃતિને કેટલી હદે સેવવી જોઇએ તે આ નાટકની નિષ્ફળતા બરોબર સમજાવે છે. આટલું લખ્યા પછી પણ પ્રાસંગિક નાટ્યકૃતિઓમાં ગુણવત્તાએ આ નોંધપાત્ર છે એ ટાંકવું જોઇએ.

ભરતી અને ઓટ: શ્રી રંભાબહેન ગાંધીના નવ નાટકોના આ સંગ્રહમાં 'વનશ્રીનાં વિટામિન', ઝેરનું મારણ ઝેર' 'બીજા બધા ભાઈબાપ'–એ ત્રણમાં હળવી રજૂઆત ધ્યાન ખેંચે છે. 'મિ. ઉધારચંદ એમ. ડી.' પ્રહસન છે. લેખિકામાં પ્રસંગને હળવી રીતે રજૂ કરવાની ફાવટ છે; જોકે 'બીજા બધા ભાઈબાપ'માં થયું છે તેમ ક્યારેક હાસ્ય નિષ્પન્ન કરવા જતાં સહૃદયને અરોચક લાગે તેવી અતિશયોક્તિ પણ તેઓ કરી બેસે છે. 'વનશ્રીનાં વિટામિન', 'ઝેરનું મારણ ઝેર', 'સ્નેહનાં ઝેર' અને 'બળે નહિ, કળે'માં નાટ્યતત્ત્વ તેઓ ઠીકઠીક ઉપસાવી શક્યાં છે. અને સાસુવહુના સંઘર્ષનું નિરૂપણ તે કંઈક તીવ્રતાથી કરી શક્યાં છે; જોકે એ સંઘર્ષમાં પણ તેમનું રીતિદાસ્ય (મૅનરિઝમ) છતું થઇ જાય છે. 'ભરતી અને ઓટ' અને 'કર કે કરિયાવર'માં ખાસ કોઈ અપૂર્વતા–વિશેષતા દેખાતી નથી. ક્યાંક બોધકતાનું તત્ત્વ પણ ઘૂસી ગએલું જોવા મળે છે. આ નાટકોમાં લેખિકાનું કોઇ વિશિષ્ટ દર્શન કે વિશિષ્ટ નાટ્યશૈલી નથી. પરંપરાગત ઢાંચામાં જ બધું કામ ચાલે છે. નાટકો એકંદરે વાચનક્ષમ ને અભિનયક્ષમ છે.

ભારતે કુરુક્ષેત્રે: ચીની આક્રમણ વેળા લખાએલી શ્રી રમણ પટેલની આ પ્રાસંગિક કૃતિમાં એ આક્રમણમાંની અમાનુષિતાને લેખકે સારી રીતે ઉપસાવી છે. શિવાનંદ સ્વામી, તેમનો પાલિત પુત્ર કૃષ્ણ–જેવાં પાત્રો દ્વારા આવી કટોકટીમાં સ્વદેશપ્રેમીનું શું કર્તવ્ય હોય તે લેખકે સ્પષ્ટ કર્યું છે. શિવાનંદ સ્વામી, કેવળ ધર્મવૃત્તિથી, સમયને પારખી, ભગવાં છોડી, છોડી દીધેલું શસ્ત્ર ફરીથી હાથમાં લે છે. સ્યાંગ જાતે ચીની છતાં માનવધર્મનો પક્ષકાર હોઇ શિવાનંદની પડખે રહે છે. પ્રેમ-શૌર્યના તાણાવાણામાં વણાએલા આ કથાપટમાં યુદ્ધના વાતાવરણને તાદશ ખડું કરવાનો સારો પ્રયત્ન છે. નાટકમાં તખ્તાલાયકી પણ છે અને ભારતીય જવાનોનાં પરાક્રમોનાં દર્શન તથા રહસ્ય ચમત્કૃતિ આદિ અંશોથી તે આકર્ષક બન્યું છે. સંવાદોમાં પાત્ર-પ્રસંગનું ઔચિત્ય જોવા મળે છે. શિવાનંદ, નંદન લામા, કૃષ્ણ, ગોયા, તુલસીરામ જેવાં પાત્રોમાં કલાનો ચમકાર જોવા મળે છે. આમ આ નાટક ઉત્તમ ન હોવા છતાં, એની ગુણવત્તાને બળે પ્રાસંગિક લખાણોમાં આગળ તરી આવે છે.

૬ બાલનાટિકાઓના આ સંગ્રહમાંના કેટલાક સંવાદો પરથી કહી શકાય કે શ્રી વનલતા મહેતા બાલજગતની વર્તમાન વાસ્તવિક પરિસ્થિતિથી ઠીકઠીક જ્ઞાત છે. બાળકોને નાટિકાઓમાં અમુક કારણોસર રસ પડે, પણ બાલમાનસને એ કેટલી ઉપકારક થઈ શકશે એ એક પ્રશ્ન છે, કેમ કે બાલમાનસને ખ્યાલમાં રાખીને વસ્તુની કલ્પના તેમજ તેનું આયોજન થયું હોય એવું સાદ્યંત જોવા મળતું નથી. 'સૂરજદાદાના દેશમાં' પ્રગટ થતી કટાક્ષલીલા બાળકોને કેટલી ઉપયોગી થશે એ વિચારવા જેવું છે. 'કૃષ્ણ પધાર્યા'માં લેખિકાનું ખાસ કોઇ પ્રદાન નથી. 'ઓડનું ચોડ'ના જાણીતા પ્રસંગમાં એમણે પ્રાસયુક્ત ભાષામાં જે નિરૂપણ કર્યું છે તે ધ્યાનપાત્ર છે. 'કોની જીત', 'ચોર', 'સાચો ગુણ'ના વસ્તુમાં કંઈક નાટ્યક્ષમતા અને ચમત્કારતત્ત્વ વરતાય છે. પણ લેખિકા તેનો પૂરતો લાભ ઉઠાવી

શક્યાં લાગતાં નથી. 'હમ ભી હૈ કુછ કામ કે!'માં ઢીંગલીઓવાળું દૃશ્ય રસજમાવટ કરી શકે એવું છે. છતાં સમગ્રતયા જોઇએ તો આ નાટિકાઓ, છે તે સ્વરૂપમાં-વિના કાપકૂપે બાળકો આગળ રજૂ કરવી કેટલી હિતાવહ. એ પ્રશ્ન છે. વસ્તુમાં અટપટાપણું ન આવે, ભાષા સરલ રહે, નૃત્ય સંગીત વેશભૂષા આદિને સારો અવકાશ રહે. અને બાળકો સહેલાઇથી અભિનય કરી શકે, એ બધી બાબતો તરફ લેખિકા સજાગ છે એ ખરું. પણ એનું જોઈએ તેવું પરિણામ અહીં આવ્યું જણાતું નથી. બોધતત્ત્વ પણ આમાં અકલાત્મક રીતે પેસી ગએલું જોવા મળે છે. બાલસાહિત્ય આમે ય આપણે ત્યાં ઓછું છે, એથી એ દિશાનો આ પ્રયત્ન અવશ્ય આવકાર્ય છે.

અજેય ગારીશિખર અને બીજાં એકાંકીઓ : **શ્રી** કે. કા. શાસ્ત્રી સંશોધનના જીવ છે. કલાસર્જન માટેની આવશ્યક એકાગ્રતા તેઓ સિદ્ધ કરી શક્યા નથી. આ સંગ્રહની ઐતિહ્યમૂલક નાટ્યકૃતિઓ આ વિધાનને સમર્થન આપે છે. અહીં તેનસિંગ, નરસિંહ, રામળ, મુઝફ્ફરશાહ, શાહે આલમ, ઝાલા કુળના જગન્નાથ, રુદ્રજી, ગોકુળજી આદિ કારભારીઓ, રસખાન વગેરેને અનુલક્ષીને ગૂંથેલા આમાંના નાટ્યપ્રસંગોમાં સંવાદતત્ત્વનો અતિરેક છે, પથરાટ છે; પરિણામે જોઇએ તેટલી ચોટ આવતી નથી. વસ્તુની કેવળ સંવાદરૂપ રજૂઆત નાટિકાના સર્જન માટે પર્યાપ્ત નથી. લેખકની લેખનરીતિ પર સંસ્કૃત નાટ્યશૈલીનો ઊંડો પ્રભાવ છે. પશ્ચિમની નાટ્યપદ્ધતિનો લાભ તે લઇ શક્યા નથી. વસ્તુની રજૂઆતમાં કોઈ નવીનતાનો સ્પર્શ થતો નથી. તેમ કલાગત સૂક્ષ્મતાનો પણ એકંદરે અભાવ છે. સંવાદોમાં પાત્રૌચિત્ય કે સમયાનુકૂળ વાતાવરણ પણ તે બધે જ જાળવી શક્યા નથી, જોકે એ માટે સભાન જરૂર છે. છતાં લેખક નાટ્યપ્રવૃત્તિમાં ઉત્સાહથી રસ લે છે એ આનંદવા જેવું છે.

કૌલ-પરાજય અને અન્ય આઠ એકાંકીઓના, એ જ લેખકના આ સંગ્રહમાં પૌરાણિક અને પુરાણાભાસી કૃતિઓ આપી છે. 'કૌલ-પરાજય'માં નાટ્યક્ષમતા સારી છે, અને લેખક એને છે તે કરતાં વધુ સારી કૃતિ કદાચ બનાવી શક્યા હોત. 'અમરમિલન'માં એમની સંવાદકળા કંઈક ખીલી છે, છતાં એકંદરે નાટ્યકાર તરીકે કશું વિશેષ સાધી શકાયું નથી. 'એક લોહીના'ને કોઈ સંવાદકૃતિ કહેવા પણ પ્રેરાય. 'વીરમૃત્યુને પંથે'માં રહેલાં નાટ્યબિન્દુઓનો જોઈએ તેટલો લાભ એમણે લીધો નથી. 'પ્રકૃતિના નાશની પાછળ'માં રૂપકની રીતે થએલી રજૂઆત ધ્યાન ખેંચે છે. 'સન્નિષ્ઠા'માં સાહિત્યકારોને નરકના વાતાવરણમાં દેખાડવા પડે એવી પરિસ્થિતિ ઊભી થાય છે એથી જરા વિચિત્રતાનો અનુભવ થાય છે. 'અનાદિ વાસના'નું વસ્તુ સર્વાંશે રોચક લાગતું નથી. લેખક સંવાદમાં હળવાશ લાવવાનો પ્રયત્ન કરે છે, પણ એમાં સફળ થતા નથી. આમ છતાં એકંદરે આ નાટ્યસંગ્રહ,–અજેય ગિરિશિખરવાળા સંગ્રહમાંની મર્યાદાઓથી યુક્ત છતાં વધુ આશાપ્રેરક લાગે છે. સાહિત્ય અને સંશોધનનો એમનો રસ સર્જનમાં કોઇ ને કોઈ રીતે મદદગાર થાય છે તે પણ અહીં નોંધવું ઘટે.

માસીની મ્હેરાં : 'એક ફ્રેન્ચ નાટકકારના અમેરિકન જીવન ઉપર લખાએલા, એક અંગ્રેજી નાટકમાં 'માસીની મ્હેરાં'નું બીજ સમાયું છે. એમાં આપણા દેશકાલને અનુરૂપ ફેરફારો આવશ્યક લાગ્યા તે કર્યા છે.' આ વાક્યો લેખકે ન લખ્યાં હોત તો ભાવકને આ નાટક લેખકનું જ સર્વાંશે મૌલિક સર્જન લાગત. અહીં લેખકે માત્ર બીજ બહારથી લીધું છે એ ખયાલમાં રાખવું ઘટે. એમાં લગભગ ૧૯૭૩નો સમય કલ્પ્યો છે. વળી નાટકના કથાનકને ધ્યાનમાં રાખી પારસી કુટુંબની પસંદગી પણ ઔચિત્યપુરઃસર થઇ છે. સંવાદોમાં પારસીઓની બોલીનીછાંટદ્વારા પારસીકુટુંબના કંઈક પશ્ચિમી સંસ્કૃતિ તરફ ઢળતા વાતાવરણને એમણે સજીવ કર્યું છે.

હિંદ સરકારના એક નિવૃત્ત મિનિસ્ટર હોરમસજી રોમરની, એમનાથી વીસ વર્ષ નાની પત્ની રોશન રોમર, મીનુ મહેતા નામના ચબરાક અને રોમર કુટુંબના વર્ષોના મિત્ર એવા એક વેપારી તેમજ રાજદ્વારી નેતા તરફ આકર્ષાય છે. હોરમસજીને આની ગંધ આવી ગઇ હોઇ, રોશન મીનુની ન થાય એ માટે તેઓ ધીરજ ને ગણતરીપૂર્વક એક પછી એક પગલાં ભરે છે. રોશન મીનુના અને એ રીતે પોતાના હિત માટે મ્હેરાંનો ઉપયોગ કરે છે જેમાં રોશનના પ્રયત્નોથી મીનુ અને મ્હેરાં સગવડિયું લગ્ન કરે છે. આ લગ્ન અને તેથી ઊભી થતી સમસ્યાઓ નાટકનું મોટું આકર્ષણ છે. જે મ્હેરાં દ્વારા રોશન પોતાનું કામ કઢાવી લેવા માગતી હતી એ જ મ્હેરાં દ્વારા હોરમસજી પોતાનું કામ કઢાવી લે છે. મીનુની પત્ની તરીકેનો પાઠ ભજવતી મ્હેરાં મીનુની નિષ્ઠાવાન પત્ની બની રહે છે. અને રોશન પણ જેમનાથી પોતે દૂર જવા માગતી હતી એ હોરમસજીનું જ સાન્નિધ્ય છેવટે સ્વીકારે છે.

આ નાટકમાં નાટ્યવસ્તુનું આયોજન કલાત્મક રીતે થયું છે. આંતરિક અને જાહેર જીવનની વિસંવાદિતા તથા રાજકારણની કુટિલતાની ભાતીગળ અને તેથી અસરકારક ગૂંથણી દ્વારા થતો પાત્ર ને પરિસ્થિતિનો ક્રમિક વિકાસ, વસ્તુના અંતસ્તત્ત્વને સરસ રીતે ધ્વનિત કરતો હોઇ આસ્વાદ્ય બની રહે છે. હોરમસજી અને રોશનના દાંપત્યજીવનની કરુણતા કંઈક હળવી ભાસતી જીવનરીતિના ઊંડાણમાં અવારનવાર સ્ફુરતી રહીને જીવનની સંકુલતાને સઘન કરે છે. સંવાદોમાં પાત્રૌચિત્ય જળવાયું છે અને એમાંના ભાવાનુસારી વળાંકો ધ્યાન ખેંચે છે. જોકે આખી કૃતિ વાંચતાં સંવાદોમાં થોડોક પ્રસ્તાર લાગે છે અને વાણીની ધાર પણ હજુ કાઢી શકાય. સમકાલીન પરિસ્થિતિ સાથે ભાવકનું અનુસંધાન કરી આપતું આવું રંગભૂમિ ભોગ્ય નાટક આપવા માટે આ નાટકના લેખક ધન્યવાદના અધિકારી ઠરે છે.

અંજોદીદી : હિન્દીના જાણીતા નાટ્યકાર **શ્રી** ઉપેન્દ્રનાથ (અશ્ક)ના નાટકોના આ અનુવાદ દ્વારા **શ્રી** હંસાબહેને એક અગત્યનું પુસ્તક ગુજરાતી સાહિત્યને આપ્યું છે. એક બાજુ જીવનના ઉલ્લાસ-લયને કુંઠિત કરી એને નીરસ કરી દેતો શિષ્ટાચારનો અતિરેક અને બીજી બાજુ ઉલ્લાસને નામે સ્વચ્છંદતા સુધી ધસી જતો બેજવાબદાર વર્તાવ – આ બંને વચ્ચેનો સંઘર્ષ અનુક્રમે અંજોદીદી અને **શ્રી**પત દ્વારા નિરૂપાયો છે. માનવી ઘડિયાળના જ એક ભાગ રૂપ – કાંટારૂપ બની રહે એવી અમાનુષી નિયમિતતા કે શરાબની પ્યાલીમાં ડૂબાડૂબ રહે એવી આત્મવિઘાતક બેપરવાઈ બંને જીવનવિદ્રોહી છે. ઈન્દ્રનારાયણને આ કંઇક સમજાયું છે. અંજોદીદીની ધૂને પોતાનું અહીં જીવવું અશક્ય કરી મૂક્યું; એ ગઈ; એની ધૂનમાં જે કંઈ જીવનોપકારક હતું તે જ ટક્યું અને ઇન્દ્રનારાયણને સ્પર્શ્યું. **શ્રી**પત વિધિ-નિષેધોની આંટીઘૂંટીમાં જીવનને રૂંધ્યા વિના સ્વૈર વૃત્તિથી જીવે છે. અંતમાં ઇન્દ્રનારાયણ મદ્યનો અસ્વીકાર કરે એ પ્રસંગ **શ્રી**પત માટે કોઇ નવું રહસ્ય બની રહે છે.

આ નાટક તેની રજૂઆત શૈલીને માટે ધ્યાનપાત્ર છે. પહેલા અને બીજા અંકના અંજોદીદી અને ઓમીના સમાંતરે ચાલતા એક જ પ્રકારના સંવાદો પાત્ર અને પરિસ્થિતિના રહસ્યને પ્રબળ રીતે ધ્વનિત કરે છે. **શ્રી**પતના વ્યક્તિત્વનો ઊંડો પ્રભાવ આ આખી વ્યવસ્થાના વિરોધમાં પ્રગટ થાય છે. સંવાદોમાં ચાતુર્ય, હળવાશ અને તીવ્રતા છે. લેખક જીવનમાં રહેલી સૂક્ષ્મ વિસંગતિઓને જાણે મૅગ્નીફાઇંગ

ગ્લાસથી અહીં મોટી કરીને બતાવે છે, છતાં આ નાટક તેથી અવાસ્તવિક બની જતું નથી; ઊલટું નાટ્યસૃષ્ટિની વાસ્તવિકતા વધુ આસ્વાદ્ય બને છે. સહેજેય ભારેખમ બન્યા વિના, વસ્તુને એના સ્વાભાવિક ક્રમમાં વિકસવા દઈ, બરોબર અણીની પળે એને ચમત્કૃતિજનક વળાંક આપી લેખક પોતાના હૃદ્ગતને સચોટ રીતે પ્રકાશિત કરે છે. એ ચમત્કૃતિના પ્રકાશમાં અંજોદીદી, ઈન્દ્રનારાયણ ને શ્રીપતનું વિશુદ્ધ અભિજ્ઞાન ભાવકને લાધે છે. માનવમનનું ઊંડું જ્ઞાન, રંગભૂમિની ક્ષમતાઓનો ખયાલ અને નાટ્યસર્જકની નિસર્ગદત્ત પ્રતિભા–આ ત્રણેયના સહયોગથી આ નાટક વિશિષ્ટ કલાકૃતિ બને છે. શ્રી હંસાબહેને મૂળ નાટકને હાનિ ન પહોંચે એ રીતે અનુવાદ કરવાનો સભાનપણે પ્રયત્ન કર્યો છે, અને એ અનુવાદ–ખાસ કરી નાટકમાં આવતા પદ્યાનુવાદને બાદ કરતાં – લગભગ સફળ છે.

માધવી : જેમ્સ બૅરી કૃત 'મેરી રોઝ'નું શ્રી. ભદ્રમુખરાય વૈદ્યે કરેલું આ રૂપાંતર છે. આ રહસ્યગર્ભ નાટકનું વસ્તુ અત્યંત વિસ્મયોત્પાદક છે. જીવનમાં જે કંઈ બને છે તે બધું જ બુદ્ધિગ્રાહ્ય હોય એવી અપેક્ષા ભલે રખાય, છતાં જીવનમાં કેટલીક વખત અકથ્ય, બુદ્ધિથી પામી ન શકાય એવાં તત્ત્વો કામ કરતાં હોય છે. આ નાટક એવાં તત્ત્વોની સાથે ભાવકનું અનુસંધાન કરી આપે છે.

નાટકની નાયિકા માધવી અગિયાર વર્ષની વયે એક 'અતિથિ ભૂખ્યા' નામના ટાપુ પરથી વીસ દિવસ માટે અદૃશ્ય થાય છે. ફરીથી, તે પોતાના બાવીસમે વરસે પચીસ વર્ષ માટે અદૃશ્ય થાય છે. પ્રથમ વાર એ અદૃશ્ય થઇ ત્યારથી એના મન પર ગૂઢતાની કોઈ સૂક્ષ્મ છાયા જાણે ફરી વળી હોય એવું લાગ્યાં કરે છે. પોતે અદૃશ્ય થઇ હતી એ વાતનું સ્મરણ એને નથી. ક્યારેક દૂરથી કોઇ ભણકાર જાણે એને આકંપિત કરી જાય છે. બીજી વખત તો એ લાંબા સમય માટે અદૃશ્ય થઈ હતી, છતાં સમયના એ ગાળાની એના શરીર પર કોઇ અસર વરતાતી નથી. માધવી કોઇ સ્વપ્ન જેવી છે એમ રતનબા કહે છે; પણ કોઇને–માનસિંહ, રતનબા કે શિશિર વગેરેને માધવીના અદૃશ્ય થવાનું રહસ્ય સમજાતું નથી. માધવીનો પુત્ર હરિન્ વર્ષો પછી એની પ્રેતાવસ્થામાં તેને મળે છે. ત્યારે તે હરિન્‌ને ઓળખી શકતી નથી.

આ નાટકમાં સમયનું પરિણામ અગત્યનો ભાગ ભજવે છે. વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના સંબંધોમાં આ સમયનું તત્ત્વ કેવો ભાગ ભજવે છે તેનો સચોટ ખયાલ અહીં આવી જાય છે. નાટકમાં 'સસ્પેન્સ'નું તત્ત્વ સારા પ્રમાણમાં છે. 'ફ્લૅશબૅક'નો પણ જે રીતે અહીં ઉપયોગ થયો છે એ ય આકર્ષક લાગે છે. નાટકના સમગ્ર સંનિવેશમાં જાણે કોઇ અપ ર્થિવતાનો સ્પર્શ થયાં કરે છે. જીવનની ચિરપરિચિત સૃષ્ટિથી દૂર જઇને ભાવક સ્થળ-કાળની મર્યાદાઓથી મુક્ત એવા કોઇ અપરિચિત સીમાડાને સ્પર્શતો હોય એવો અનુભવ થાય છે. શાસ્ત્રી, માનસિંહ અને રતનબાનો સંવાદ નાટકના રહસ્યસભર વાતાવરણને ઉપકારક થાય છે. એ સંવાદો દ્વારા ભાવક કેન્દ્રાપસારી ગતિનો અનુભવ કરીને પુનઃ દ્વિગુણિત બળે કેન્દ્રાભિમુખ ગતિનો અનુભવ કરે છે. માધવીના પ્રેત અને હરિન્ વચ્ચેના સંવાદમાંની સજીવતા, તીવ્રતા અને ભાવગતિ આસ્વાદ્ય છે. આપણા દેશની હવામાં આ નાટક પૂરેપૂરું નહિ જામ્યાનો વહેમ ખાસ કરીને માધવી-શિશિરના સ્નેહના ઉલ્લેખ કરતા આરંભના સંવાદો ને કેટલાક વાક્યપ્રયોગો વાંચતાં જાય છે, જોકે લેખકે પરભાષાના નાટકને પરાયું ન લાગે એ રીતે રૂપાંતરિત કરવાનો પ્રશસ્ય પ્રયત્ન તો કર્યો છે જ. રંગભૂમિ પર આ નાટક ભારે પકડ જમાવે એવું છે.

નાટ્યપ્રયોગ શિલ્પ ('ભારતીય સંગીત–નૃત્ય–નાટ્ય મહાવિદ્યાલય ગ્રંથશ્રેણી'નું આ દસમું પુસ્તક): નાટ્યકળામાં દિગ્દર્શનની કળાનું સ્થાન અગત્યનું છે. એડવર્ડ ગૉર્ડન ક્રેગ, કૅપો, સ્ટાનિસ્લાવસ્કી આદિ અનેક દિગ્દર્શકોએ એ દિશામાં સક્રિય ફાળો આપ્યો છે. આ પુસ્તકના બીજા ભાગમાં એવા કેટલાક મહત્ત્વના દિગ્દર્શકોનો ઉલ્લેખ કરી લેખકે દિગ્દર્શન-કળાના પશ્ચિમમાં કઇ રીતે જન્મ અને વિકાસ થયો તેની રૂપરેખા આપી છે. દિગ્દર્શન અંગેનાં વિવિધ મંતવ્યોની પણ તેમણે નોંધ લીધી છે. પુસ્તકના પહેલા ભાગમાં, રંગભૂમિ પર નાટક રજૂ કરતાં પહેલાં કેવા પ્રકારની સજ્જતા જોઇએ તેની વિચારણા રજૂ કરીને નાટકને રંગભૂમિ સાથે સાંકળતાં પરિબળોની ચર્ચા કરી છે. નાટક લખવા જેવું જ નાટક ભજવવાનું કામ પણ અઘરું છે તે વાત અહીં પ્રતીત થાય છે. પુસ્તકના ત્રીજા ભાગમાં દિગ્દર્શનની કળાનાં પાંચ મુખ્ય તત્ત્વોનો ઉલ્લેખ કરી તેની વિગતે ચર્ચા કરી છે. દિગ્દર્શન-કલાનાં પાંચ પ્રાણતત્ત્વોમાં તેમણે સ્થિતિ-સ્થાન રચના (કૉમ્પોઝીશન) ગતિ-ક્રિયા (મૂવમેન્ટ), ચિત્ર (પિક્ચરાઈઝેશન), લયસંવાદ (રિધમ) અને મૂક-અભિનયન દ્વારા નાટ્યનિરૂપણ-કાર્ય (પૅન્ટોમિમિક ડ્રામેટાઈઝેશન)ને ગણાવ્યાં છે.

રંગભૂમિ પર નાટક રજૂ કરવા માટે કેટલી સાવધાની, ચીવટ અને પરિશ્રમ જોઇએ છે તે આ પુસ્તક વાંચતાં સમજાય છે. નાટ્યવિદ્યાનો અભ્યાસ કરનારને ઉપકારક થાય એ રીતે વ્યવસ્થિત સ્વરૂપમાં જે તે માહિતી રજૂ કરવાનો લેખકનો પ્રયત્ન પ્રશસ્ય છે. પશ્ચિમમાં તો નાટ્યવિદ્યાને અનુલક્ષતા અભ્યાસ-ગ્રંથો ઠીકઠીક પ્રમાણમાં લખાય છે; આપણે ત્યાં પણ એ પ્રકારનું કામ, દીવાથી દીવો જલે–એ ન્યાયે શરૂ થયું છે તે આનંદની વાત છે. રંગભૂમિના અને નાટ્યસાહિત્યના વિકાસ વિના જેમાં મૌલિક વિચારણા પ્રગટ થતી હોય એવા નાટ્યવિદ્યાના અભ્યાસગ્રંથોની અછત જ રહેવાની. શ્રી જશવંત ઠાકરનું આ પુસ્તક રંગભૂમિના તેમના ઊંડા રસ અને પરિશ્રમનું દ્યોતક છે. એમના ગદ્યમાં જોકે જોઇએ તેટલી સુઘડતા ને પ્રવાહીતા જોવા મળતી નથી. વળી આ વિષયમાંની પરિભાષાગત મુશ્કેલી પણ એમને થોડી નડી હોય એવું લાગે છે. એમની પાસેથી આ પ્રકારનાં પુસ્તકો હજુ બીજાં મળે એવી અપેક્ષા છે. –ચંદ્રકાન્ત શેઠ

ચર્ચિલ-સાહિત્ય-પારિતોષિક

અંગ્રેજી ઐતિહાસિક વાઙ્મયમાં માગ મુકાવે એવા ઐતિહાસિક તેમજ અન્ય ગ્રંથો લખી જનાર સર વિન્સ્ટન ચર્ચિલની કૃતિઓમાં ઉચ્ચ કોટિનો સાહિત્યગુણ પણ હતો. એમનાં પુસ્તકોની પ્રકાશક સંસ્થા કૅસલ ઍન્ડ કંપનીએ તેમની સ્મૃતિમાં પાંચહજાર પાઉંડનું એક સાહિત્ય-પારિતોષિક આપવાનું જાહેર કર્યું છે. કોઈ પણ અંગ્રેજ પ્રકાશક પેઢી દ્વારા અગાઉ ક્યારે ય અપાયું ન હોય એવું આ સૌથી મોટું સાહિત્યિક ઈનામ 'વિન્સ્ટન સ્પેન્સર ચર્ચિલ લિટરરી ઍવૉર્ડ' નામે ઓળખાશે ને અંગ્રેજીભાષી પ્રજાના ઇતિહાસની ઉત્તમ કૃતિને બે વર્ષે એક વાર અપાશે. તેની સ્પર્ધામાં ૩૫ વર્ષ અંદર કોઈ પણ ઇતિહાસકાર ભાગ લઇ શકશે.

દુનિયાભરનું સૌથી મોટું લિલામઘર

'...એક વાર!....બે વાર!....ત્રણ વાર! શુક્રિયા, બાનુઓ અને ગૃહસ્થો! કહી લિલામ કરનારો પોતાની મોગરી હળવે રહીને ટેબલ પર મૂકે છે, ને હેલકરીઓ એક જંગી ચિત્રને આસ્તે અદાથી ઘોડી પરથી ઊઠાવી લે છે. કમરામાંની તંગ શાન્તિ મુક્ત થાય છે. એક ઉત્તમ કલાકૃતિનો સોદો ફેંસલ થાય છે.

આ દશ્ય છે લંડનના એક નામી કલાગૃહના લિલામખંડનું. સમય: કોઈ પણ બપોરનો.

લિલામખંડને અડીને જ આવેલી કલાવિથિઓમાં ગ્રાહકોની પસંદગી માટે અનેકવિધ સામગ્રી ભરી પડી છે: મધ્ય યુગનાં બખ્તરો અને શસ્ત્રાસ્ત્રો જાપાની યશબ (જેઈડ પથ્થર)ની કલાકૃતિઓ, ચીનના મિંગ કાળના પોર્સેલીનના રૂપકડા નમૂના, સત્તરમી સદીની ચિપ્પન્ડેલ શૈલીની ખુરશીઓ, કોતરણીથી ખચિત સૈકાજૂનાં રાચ, પુરાણા હસ્તલિખિત ગ્રંથો, જૂનાં જમાનાનાં હાથઘડતરનાં વાસણો, પુરાણા સિક્કાઓ, ચંદ્રકો, વ્યક્તિવિશેષોનાં હસ્તાક્ષરો ને પત્રો, મૂર્તિઓ, પ્રાગૈતિહાસિક માટીકામના નમૂના. વૈભવકાળની સોનાચાંદીની રોજિંદા વપરાશની ચીજવસ્તુઓ ને કીમતી ઝવેરાત સાથે ઉસ્તાદ કલાકારોની મોંઘી કલાકૃતિઓ ત્યાં સુઘડરીતે ગોઠવેલી છે. દર અઠવાડિયે આવી લગભગ બે હજાર કલાકૃતિઓ ભંડારમાંથી કાઢીને ત્યાં ગોઠવવામાં આવે છે. લગભગ ૬૦ કરતાં યે





'સૅાધબી'નો લિલામખંડ: વેચાઈ રહેલી કૃતિ વાન ગૅાઘની છે ને એ ૩૬,૦૦૦ પાઉન્ડમાં વેચાઈ ગએલી. હર્રાજી બોલાવનાર અહીંના નિષ્ણાતો ગ્રાહકના પ્રત્યેક મુખભાવને ચકોર નજરે પકડી શકે છે. નીચે: ટૅક્સીમાંથી દેખાતું સૅાધબીનું પ્રવેશદ્વાર.

વધુ દેશોના શૅાખીન ખરીદનારાઓ અહીં આવતા-જતા રહે છે ને એથી યે વધુ આવી જ કૃતિઓના વેપારીઓ પણ આવેજાય છે.

લંડનની સૌથી ફૅશનેબલ ગણાતી બૅાન્ડ-સ્ટ્રીટમાં આવેલું આ સ્થાન દુનિયાભરનું સૌથી મોટું લિલામઘર છે. એને ત્યાંના ઉસ્તાદ કલાપારખુઓ અને એમની પ્રામાણિકતાને કારણે આ પેઢી કલાકૃતિઓના વિક્રયમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે. એના નાનકડા બારણા ઉપર એનું નામ છે: 'સૅાધબી ઍન્ડ કંપની'. અહીં કંઈ જ નકામું કે નાખી દેવાનું નથી. દરેક ચીજની અહીં ઊંચી કિંમત અંકાય છે. હમણાં ગયા નવેમ્બરમાં અહીં વેચાએલી પુરાણી ચીજોમાં ઈ.સ. પૂર્વે અઢી હજાર વર્ષ પહેલાંની એન્ટોલિયન માતૃકામૂર્તિઓ, ઈ.સ. પૂર્વે પાંચમી સદીની આઇબેરીઅન કાંસ્ય પ્રતિમાઓ અને ગ્રીક મૂર્તિઓ તથા પાંચ હજાર વર્ષ પહેલાંની મીસરની એક માનવમૂર્તિ પણ હતી.

હર્રાજીથી વેચાણ કરનારી આવી પેઢીઓમાં વેચાણનું સૌથી મોટું પ્રમાણ સૈકાજૂની ચિત્રકૃતિઓનું રહે છે. છેલ્લા બે દાયકામાં આવી અનેક અતિ-મૂલ્યવાન કલાકૃતિઓ વેચીને સૅાધબી ઍન્ડ કંપનીએ દુનિયાભરના કલાસંગ્રાહકોનું લક્ષ્ય લંડન ભણી વાળ્યું છે. ૧૯૫૮માં ન્યૂ યૅાર્કથી આવેલાં જૅકબ ગૅાલ્ડશ્મીટ નામના એક જર્મન શાહુકારના 'ઈમ્પ્રેશનિસ્ટ' ચિત્રોના સંગ્રહે વેચાણમાં વિક્રમ સરજેલો. સેઝાંના રંગસુંદર ચિત્ર 'બૅાય ઇન એ રેડ વેઈસ્ટકોટ' નામના ચિત્રની અહીં ૨,૨૦,૦૦૦ પાઉંડ(લગભગ ૩૩ લાખ રૂપિયા) કિંમત ઊપજેલી. માનેતનાં ત્રણ ચિત્રોના અહીં ૨,૬૭,૦૦૦ પા. (૪૦ લાખ રૂપિયા)ને વાન ગૅાઘની એક કૃતિના ૧,૩૨,૦૦૦ પાઉન્ડ (૧૯॥ લાખ રૂ.) ઊપજેલા. તે પછીને વર્ષે ડ્યૂક ઑાવ વેસ્ટમિન્સ્ટરના સંગ્રહમાંથી રૂબેન્સના જગત્ખ્યાત ચિત્ર 'ઍડોરેશન ઑાવ ધ મૅગી'નું વેચાણ તો અત્યંત યાદગાર બની ગએલું. અગિયાર ફૂટ ઊંચું ને આઠ ફૂટ પહોળું એ ચિત્ર વેચાણખંડમાં લઈ જવા માટે એ



'ધી ઍડોરેશન ઑાવ ધ મેગી'. રૂબેન્સની આ કૃતિના સૅાધબીની હર્રાજીમાં પોણાત્રણ લાખ પાઉન્ડ ઊપજ્યા હતા. સૅાધબીના ઇતિહાસમાં આ એક ઘણો મોટો સોદો હતો. એ એટલું તો મોટું ચિત્ર હતું કે હર્રાજીના ખંડમાં લાવવા માટે દીવાલમાં બાંકું પાડવું પડ્યું હતું.

ખંડની દીવાલ તોડી નાખવામાં આવેલી. હર્રાજી વેળા ખંડ ચિક્કાર થઇ ગયો હતો અને ગણતરીની મિનિટોમાં જ એ ચિત્ર વેચાઈ ગયું; પોણાત્રણ લાખ પાઉંડે (લગભગ ૪૧ લાખ રૂપિયે) લંડનના એક વેપારીએ પોતાના એક ગ્રાહક માટે એ ખરીદી લીધું! એના એ ગુપ્ત ગ્રાહક મેજર ઈ. આલનાટે એ ચિત્ર કૅમ્બ્રિજની કિંગ્સ કૅાલેજને ભેટ આપી દીધું અને આજે એ ત્યાંના ખાનગી દેવળમાં સોહી રહ્યું છે. ત્યાર બાદ એ ડ્યૂક-સંગ્રહમાંનો એક હીરાજડિત તાજ પણ હર્રાજીમાં આવેલો ને એના ૧,૧૦,૦૦૦ પાઉન્ડ ઊપજેલા.

ભારે કિંમતમાં જતી વિખ્યાત કલાકૃતિઓમાં હર્રાજી વેળા ઘણો રસ જામે છે પણ ક્યારેક તો તદ્દન અજાણી પણ ભારે મૂલ્યવાન ચીજની હર્રાજી ને લેનાર વચ્ચે રોમાંચકતા ખડી કરી દે છે.

પોતાની પાસે વર્ષોથી પડી રહેલી કોઈ જરીપુરાણી ચીજની કદાચ કૈંક ઠીક કિંમત ઊપજે એમ સમજી ઘણા લોકો તે અહીંના નિષ્ણાત કલાપારખુઓને બતાવવા લઈ આવે છે ને પેલા નિષ્ણાતે કરેલા મૂલ્યાંકનથી સાનંદાશ્ચર્ય ચકિત થઇ ભારે ગજવે પાછા ફરે છે.

એક વાર એક માણસ એક ખોખામાં જૂનો પ્યાલો લઈ ને આવ્યો. સૅાધબીના નિષ્ણાતને એ બતાવતાં એણે કહ્યું: 'લગભગ ચારસો વર્ષથી અમારા કુટુંબમાં આ સચવાતો આવ્યો છે. એના દસેક પાઉન્ડે ઊપજે ખરા કે?'

પણ નિષ્ણાતની આંખે તરત પારખી લીધું કે એ પ્યાલો તો વેનીસના ખજાનાનું રતન હતું! દુનિયાભરમાં આ પ્રકારના માત્ર બે જ પ્યાલા જાણમાં હતા, તેમાં એક ત્રીજો ઉમેરાયો. એકાદ અધોળ વજનના એ પ્યાલાના સૅાધબીની હર્રાજીમાં લંડનના વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ મ્યૂઝિયમે ૪૬૦૦ પાઉન્ડ ચૂકવ્યા!

એક [illegible]સ એક બાઇ એક જૂનું ચિત્ર લઈ આવી. કોઈ ભંગારમાંથી એણે એકાદ ક્રાઉનમાં એ ખરીદેલું. તુક્કા ખાતર એણે એ ચિત્ર સૅાધબીના વિક્રેતાઓને બતાવ્યું. ત્યાંના નિષ્ણાતોએ જોયું તો એ ચિત્ર તો કૅાર્નેલિયસ કિઘોફની વર્ષોથી લાપત્તા બનેલી મોંઘી કલાકૃતિ હતી! [illegible]લી બાઈના આશ્ચર્ય વચ્ચે એના ૨૧૦૦ પાઉન્ડ ઊપજ્યા. જોકે આમ અહીં આવી પડતી બધી જ વસ્તુઓ મોંઘામૂલી હોય છે એવું નથી; પણ આ રીતે ઘણી દુષ્પ્રાપ્ય કે અજ્ઞાત ચીજો નસીબજોગે અહીં આવી ચડે છે.

જેમ્સ કિડેલ અહીંના એક નિષ્ણાત કલાપારખુ છે. એક વાર એ કોઇ મિત્રને મળવા ગએલા. પાછા ફરતાં બારણા આડે મૂકેલા એક પથરાની એમને ઠેસ વાગી. 'ઊફ, પેલા ટેકણિયાની ઠેસ વાગીને?' ઓશિયાળે મોંએ પેલા મિત્ર બોલી ઊઠ્યા ને ઉમેર્યું, 'ત્રીસેક વર્ષથી એ આ બારણા આડે રહેતું આવ્યું છે, ઘણી વાર અજાણ્યાને એની ઠેસ વાગી છે!

પણ કિડેલ તો વાગ્યાની પીડા ભૂલી એ પથરાને જોઈ જ રહ્યા. એમની ચકોર આંખે જોઈ લીધું કે બારણા આડે મુકાતો એ પથરો તો ચીનની મિંગ સલ્તનતના કાળનો યશબ (જેઇડ પથ્થર)નો કોતરેલો ભરાવદાર પાડો હતો. સૅાધબીની હર્રાજીમાં એમણે એના પૌ. ૬૦૦૦ ઉપજાવી આપ્યા!

એક ઑાસ્ટ્રેલિયન સ્ત્રી સૅાધબીમાં એક વાર એક પ્યાલો મૂલવવા આવી. વર્ષોથી ઘરની બારી પર પડી રહેલા એ પ્યાલામાં ઘરનાં માણસો બહાર જાય ત્યારે ચાવી મૂકતા જતા હતા. દેખાવે એ પુરાણો હતો એટલે બાઇ એનું કંઈ મહત્ત્વ હોય તો જાણવા આવેલી. નિષ્ણાતોએ જોયું કે ચાંદીનો ઢોળ ચડાવેલો એ પ્યાલો તો ઇંગ્લંડના રાજા જેમ્સ પહેલાનું સુરાપાત્ર હતું! બાઇએ એને હર્રાજીમાં આપી દીધો ને એના ૭૦૦ પાઉન્ડ ઊપજ્યા!

આવી જ રીતે કેટલાક જૂના કાગળોનું એક બંડલ સૅાધબીમાં આવ્યું. એમાં કોઈ વ્યક્તિવિશેષના હસ્તાક્ષરો હોય તો એ જોઇ જવા માટે એ અહીં લવાયા હતા. લાવનારને મન એની કંઈ કિંમત નહોતી. પણ એમાંથી વિખ્યાત સંગીતકાર હૅન્ડેલના 'કૅન્ટાના નં. ૧૩'

ની સ્વરલિપિની હસ્તપ્રતનાં છએક પાનાં નીકળી આવ્યાં. એ છ કાગળિયાંના ૩૮૦૦ પાઉન્ડ ઊપજ્યા.

સૅાધબીના કલાભન્તરની આવી તો અનેક વાતો છે. અહીંના નિષ્ણાત કલાપારખુઓની પ્રામાણિકતા ને સૂઝ તથા જ્ઞાનમાં લોકોને ઊંડો વિશ્વાસ છે. પોતાની પાસેનું છૂપું કોઇ કલારત્ન અહીં યોગ્ય અને પ્રામાણિક મૂલ્યાંકન પામશે જ એવી એમને શ્રદ્ધા હોય છે. આ શાખ એ જ એ કંપનીની ખરી મહત્તા છે.

અહીં આવેલી અનેક અણમોલ ચીજો વેપારીઓ ને સંગ્રાહક ગ્રાહકો માટે પ્રદર્શિત થએલી હોય છે. ખરીદનાર સૌકોઇ એ છૂટથી જોઈ શકે છે. એમની વચ્ચે, માયાળુ પણ ચાંપતી નજરે અહીંનાં છૂપાં માણસો એ બધી કિમતી ચીજોની ચોકી કરતા હોય છે.

રાચરચીલું, ચિત્રો, કાપડ પર ભરેલા ચિત્રપટો, ચાંદીનાં વાસણો, પૅાર્સલીનની રૂડી પીજો, ઝવેરાત તેમજ મસાલો ભરેલાં પ્રાગૈતિહાસિક મૃત મગરો સુદ્ધાં અહીં હર્રાજી માટે આવે છે. હર્રાજી પહેલાં ગ્રાહક રસ દાખવે તો તુરત સૅાધબીના નિષ્ણાત એને સહાય કરવા હાજર થઈ જાય છે ને એ ચીજ હર્રાજીમાં કેટલી કિંમતે જાય તેમ છે એનો લગભગ ચોક્કસ અંદાજ પણ ગ્રાહકને આપે છે.

હર્રાજી વેળા ખંડમાં પૂરી શાંતિ જળવાય છે—જ્યારે કોઈ મહામૂલી ચીજની કિંમત બોલાઈ રહી હોય ત્યારે તો ખાસ. વળી, આવે પ્રસંગે અત્યંત ભીડ ન થઈ જાય એટલા સારુ અહીં પ્રવેશ-ફી પણ રાખવામાં આવે છે. બાકી સામાન્ય પ્રસંગે તો સૌ છૂટથી હર્રાજીમાં આવી શકે છે.

ગ્રાહકો હર્રાજીવાળાની આંખે ચડે એ રીતે કંઈક બેપરવાઈ દેખાડતા ગોઠવાય છે. વેચાણમાં ઉસ્તાદ એવો હર્રાજી બોલનાર પણ તદ્દન શાંત ને તટસ્થપણે કિંમત બોલતો જાય છે, ને આમ કંઈક માથાં ધૂણતાં જાય છે, કંઈક હાથ ઊંચા થતા જાય ને કિંમતનો ચડાવો બોલાતો જાય છે. બાહ્ય નજરે જાણે કે રોજિંદો વહેવાર ચાલતો હોય એવી શાંતિ દેખાય છે, પણ એ થોડાક ઝડપી શબ્દોની આપ-લેને પરિણામે હજારો પાઉન્ડની લેવડદેવડ થઈ જાય છે.

આમાંની કોઇ અત્યંત મોટી રકમની હેરફેર છાપે પણ ચડે છે. પણ ઘણાને તો ખયાલ પણ નથી આવતો કે આવી તો સેંકડો કલામય, ઐતિહાસિક કે સુંદર રસપ્રદ ચીજોની હેરફેર હર્રાજીના ટેબલ પરની મોગરીના ઠબકારાના અવાજ પર રોજ થતી રહે છે.

દુનિયાભરની કળા ને પુરાતન મહત્ત્વની ચીજવસ્તુઓના વેપારની નાડ લંડનમાં અહીં ધબકારા લેતી રહે છે. અહીં વેચનાર અને લેનાર બંનેને લાગે છે કે પોતાની ચીજની અહીં ખરી કિંમત અંકાઈ છે.

સ્ત્રીની આંતર કે બાહ્ય સુકોમલતાનું વર્ણન કરવા માટે સંસ્કૃત કવિઓએ શિરીષનાં ફૂલનો વિનિયોગ કર્યો છે. વળી પ્રાચીન સમયમાં શિરીષફૂલનો ઉપયોગ સ્ત્રીઓ કર્ણકુસુમ (એરિંગ) તરીકે કરતી હશે કે કેમ પણ રસિક સંસ્કૃત કવિઓએ તો 'ચારુકર્ણે શિરીષમ્'ને ઝૂલતું બતાવ્યું છે. રઘુવંશના સોળમા સર્ગમાં વારિવિહાર વખતે કાનમાંથી નીકળી ગએલાં શિરીષફૂલોને શૈવાલશોભીન માછલીઓ પકડવા માટે પ્રયત્ન કરે છે એનું કાલિદાસે સરસ વર્ણન કર્યું છે.

શિરીષનાં વૃક્ષો મોટાં શહેરોમાં ઠેરઠેર શોભાવૃક્ષ તરીકે જોવા મળે છે. આમલી જેવાં ઝીણાં પાનવાળાં એનાં ૪૦ થી ૭૦ ફીટ ઊંચાં વૃક્ષો પરથી તીવ્ર મધુર વાસ, ચામર જેવાં સૂક્ષ્મ તંતુ ને લીલી ઝાંય વેરતાં ફૂલો, એક વાર જોયા પછી ભૂલાતાં નથી. શિરીષને ગુજરાતીમાં સરસડો કહે છે. પ્રાચીન કાળથી આયુર્વેદજ્ઞા એનો ઔષધીય ઉપયોગ કરતા આવ્યા છે.

વૈદ્યકીય ગુણધર્મો

શિરીષ (અપભ્રંશે સરસડો) તૂરો, કડવો, ઉષ્ણવીર્ય, લઘુ, ત્રિદોષહર, વર્ણપ્રદ, વેદના મટાડનાર, શિરોવિરેચન, ઝેરનો નાશ કરનાર તથા વાયુ, પિત્ત, કફ, કુષ્ઠ, ખુજલી, શ્વાસ (દમ) તથા ખાંસીને મટાડનાર છે. વધુ-ડૅા. વા. ગ. દેસાઇ તેને પૌષ્ટિક, કામશક્તિ વધારનાર અને ગ્રાહી માને છે.

ગાંઠ

શિરીષનાં પાંદડાં કોઈ પણ પ્રકારની ગાંઠ પર ઉત્તમ કામ કરે છે. ગાંઠ થઇ હોય અથવા થવાની હોય અને અંદર દુખાવો થતો હોય તો શિરીષનાં પાંદડાંને છૂંદીને સહન થઈ શકે તેટલાં ગરમ કરી એની પોટીસ બાંધવી. ઠંડી પડી જાય એટલે બદલી નાખવી. સવારે બે કલાક અને સાંજે બે કલાક આ રીતે બાંધવાથી ગાંઠ અંદરથી પાકી જાય છે અને દોષ ઉપરના ભાગમાં ખેંચાઈ આવે છે. અને ગાંઠ ફૂટી જતાં વિકૃતિ બહાર ફેંકાઇ જાય છે.

સિફિલિસની ચાંદી

શરીર પર સિફિલિસની 'ટાંકી' કે ચાંદી પડી ગઈ હોય એના ઉપર શિરીષનાં પાંદડાંની ભસ્મનો ઘીમાં કાલવેલો મલમ લગાવવાથી રૂઝ આવી જાય છે. સ્વ. વૈદ્યરાજ તિલકચંદ તારાચંદનું આ અનુભૂત કથન છે.

આગન્તુ વ્રણ

એવો જ એક અન્ય પ્રયોગ શરીર પર બહારથી થએલા ઘા માટે સ્વ. વૈદ્યરાજે નોંધ્યો છે: શિરીષના ઝાડના થડમાં ઊંડો ખાડો ખોદીએ એટલે પોચી રૂ જેવી છાલ આવે છે. તે પોચી છાલને લઇ, વાટી, વસ્ત્રગાળ ચૂર્ણ કરી રાખવી. કોઇને વાગ્યું હોય, માથું ફૂટયું હોય, કાપ પડયો હોય ને તેથી લોહી વહેતું હોય, તો આ ચૂર્ણ દાબી દેવાથી લોહી બંધ થાય છે ને એક જ પાટે રુઝાઈ જાય છે.

સોજા, લોહીવિકાર વગેરે

કોઇ જંતુ કરડવાથી આવેલો સોજો, વ્રણશોથ, ચામડીના વિકાર વગેરેમાં શિરીષની છાલનું ચૂર્ણ થોડા ઘી સાથે મેળવી સહેજ પાણી નાખી, સારી પેઠે લસોટી તૈયાર કરેલો મલમ ચોપડવાથી ઉત્તમ પરિણામ આવે છે.

લોહીવિકારમાં શિરીષની છાલના ૦। તોલા ચૂર્ણમાંથી બે પડીકાં બનાવી સવાર-સાંજ મધ સાથે ચાટી જવાં. ચારેક અઠવાડિયાં આ પ્રયોગ કરવાથી લોહીમાં રહેલી વિકૃતિ દૂર થાય છે. કંઠમાળના દર્દી માટે પણ આ પ્રયોગ લાભદાયી છે. કોઈ વૈદ્યની દેખરેખ નીચે લાંબા સમય સુધી તે કરવો જોઇએ.


દશાંગ લેપ

આ પ્રસિદ્ધ લેપનો પાઠ આ પ્રમાણે છે: શિરીષની છાલ, જેઠીમધ, તગર, રતાંજળી, જટામાંસી લોદર, દારૂહળદર, એલચી, કઠ અને વાળો દશે ચીજને સમભાગે લઇ ખાંડી બનાવેલું ચૂર્ણ પાણી સાથે લસોટીને વાપરવું. તાવમાં સખત પીડા થતી હોય તો કપાળમાં આ લેપ ચોપડવાથી ઠંડક થાય છે અને શિરોવેદના મટે છે.

વ્રણની આજુબાજુ આ લેપ લગાવવાથી સોજો ઊતરી જાય છે. જે સોજા કે ગાંઠમાં અંદર બળતરા અને વેદના થતી હોય એમાં દશાંગ લેપનો ઉપયોગ વિશેષ હિતકર છે. દશાંગથી બળતરાનું શમન થાય છે.

કાવ્યપ્રસિદ્ધ શિરીષ ગુણપ્રસિદ્ધ પણ છે. સામાન્ય પ્રજા શિરીષને ઓળખતી થાય અને થોડાક ઉપયોગી ઔષધપ્રયોગો જાણતી થાય તે ઈષ્ટ છે.

લાભશંકર ઠાકર



ચીતરવાનું સહેલ છે (૨): આ બીજા મહાવરામાં બતાવેલી આકૃતિઓને નાની કે મોટી છૂટે હાથે દોરવા માંડો. એનો યે મહાવરો ફૂલ્સ્કૅપ કાગળો પર રોજ રાત્રે અને સવારે તેમજ ફુરસદ મળ્યે ગમે ત્યાં મનથી કર્યા જ કરવો. આને આધારે તમે જેટલી નવી આકૃતિઓ ઉપજાવી શકો તે પણ ઉપજાવો. ફાવે તેટલા નવા અખતરા કરો. તમારી પેન્સિલ રમતી રાખો. જેટલા બુટ્ટા ઊઠે તે બધાને આકારમાં લાવો. પેન્સિલ ચલાવવાનો ડર બધો કાઢી નાખવો. જુઓ કે તમારી પેન્સિલ કેટલું બધું કરી શકે છે! એક બે મહિનામાં તમે હાથનો ચમત્કાર જોશો.

કુમાર
પચ્ચીસ વર્ષ પહેલાં



આજે તો ઉત્તર ધ્રુવનો સમગ્ર પ્રદેશ માનવીએ ખૂંદી વાળ્યો છે, ને અમેરિકા તથા રશિયાએ મિસાઈલ-કેન્દ્રો અને અન્ય યુદ્ધવિષયક મથકો પણ ત્યાં ઊભાં કર્યા છે, પરંતુ વર્ષો પહેલાં એક યેક તરુણ એકલપંડે ને અલ્પ સાધનો સાથે સુવર્ણાવર્તના એ પ્રદેશમાં ગએલો એટલું જ નહિ પણ ધ્રુવવાસીઓ જોડે એ ચાલીસ વર્ષ સુધી રહેલો પણ ખરો! પચીસ વર્ષ પહેલાંના 'કુમાર'માં આવેલી એ ખતરનાક સફરની કથા કેવી રોમાંચકારી હતી એનો ખયાલ આપતા હિસ્સા જ માત્ર અહીં ઉતારવા શક્ય છે:

"કોઈ તરુણના દિલમાં ધ્રુવપ્રદેશોની વાતો સાંભળીને ત્યાં પહોંચવાની તાલાવેલી જાગે ને બીજું બધું છોડી, પારાવાર મુસીબતો ઓળંગી એ કરાળ વેરાનનો વસાહતી બને, એ વાત માન્યામાં નહિ આવે. પણ ઇર્કુટ્સ્કના એ લુહાર યાન વેલઝલે તો એ રંગદર્શી ભૂમિની વાસ્તવિકતા આકંઠ પીધી છે. ૧૮૮૪માં લુહારકામ શીખીને પગપાળા જીનોઆ, ટ્રીએસ્ટે, બોસ્નિયા, સર્વિયા ને રૂમાનિયા સુધી રખડી તે એટલાંટિક પાર કરીને ઉત્તર અમેરિકામાં ને પછી પશ્ચિમ આફ્રિકામાં ટેબલ પર્વત સુધી ઘૂમ્યો. પછી હિંદી મહાસાગર પણ પાર કરી લાડિવૉસ્ટૉક, પોર્ટ આર્થર ને ઠેઠ બાઈકલ સુધી ભટકી તે ઈર્કુટસ્ક પહોંચ્યો હતો.

સાઇબીરિયાના ઠંડા વેરાનમાં એ જ્યાં લુહાર તરીકે કામ કરતો હતો તે પૂલનું કામ પૂરું થયું કે એ ઊપડયો. બેવડા તળિયાની એક ઘોડાગાડીમાં એણે જોઈતાં ઓજારો ને સામાન ભરી લીધાં. ઉત્તરમાં જવાનું છે–એ દિશાએ જ આગળ વધતા રહેવાનું છે, એટલો જ માત્ર ખયાલ તેને હતો. આંખ ઓળંગી પણ ન શકે એવાં સૂકાં ઘાસનાં બીડો વીંધી પચીસ દિવસે તે કીરેન્સ્ક પહોંચ્યો. વચ્ચે વિટિમ નદી આવી એ નાની નદી પાર કરતાં પણ બે કલાક લાગ્યા, એટલી વેગભેર તે ધસતી હતી. આગળ વધતાં ટુન્ડ્રના ખરબચડા વિસ્તારમાં પથરાએલી ટેકરીઓ પર ગાડી આમતેમ ઊલળતી રહેતી. ક્યારેક એ પાણીમાં સમાઈ જતી ને ઘણી વખત તો પાણી બગલ સુધી પહોંચતું! આમ ટીચાતો તે લીનાને કાંઠે ઓલેકમિન્સ્ક પહોંચ્યો. ત્યાંથી અનંત જંગલ શરૂ થયું. બીવર, વરૂ, શિયાળ ને જરખ હવે દેખાવાં શરૂ થયાં. મંગોલ ભરવાડો ક્યાંક ક્યાંક ભેટતા. એમના ઉટજગ્રામના મહેમાન થઈ, સુરોવાર (ઘોડીનું દૂધ) તથા દાંત ભાંગી નાખે એવા રોટલાની મહેમાનગત ચાખતો તે યાકુટસ્ક થઈ શિગાલાવા તરફ વળ્યો. રસ્તામાં ચુકચી, ચાઉચી, કુર્તેત, યાકુત, લામુત વગેરે મંગોલ જાતિઓનો ભેટો થતો જ રહ્યો. એક જાતિ વચ્ચે તે ઊતર્યો ત્યાં તેના મુખીએ એક સ્ત્રીને તેની પત્ની બનાવી સાથે લઈ જવા કહ્યું. વેલઝલે ના પાડતાં એ લોકોએ એ સ્ત્રીનું પેટ ચીરી નાખી તેને નદીમાં ફેંકી દીધી! એક ઠેકાણે તે ઊતર્યો ત્યાં સૂતી વખતે ત્યાંના રિવાજ મુજબ તેને બધાં કપડાં કાઢી નાખવાં પડયાં. ઊંઘવાનો ઢોંગ કરી એ પડયો હતો ત્યાં તો આખા યજમાનકુટુંબે ભેગા થઈ એની પેટી ઉઘાડી, બધી વસ્તુઓ તપાસી, ને તે પર આશ્ચર્ય ને વખાણ વરસાવી પાછી જેમની તેમ બરાબર ગોઠવીને મૂકી દીધી: એટલે સુધી કે દીવાસળીની એક પેટી યે ગેરવલ્લે નહોતી ગઈ.



આગળ વધતાં કલ્પના યે ન આવે એવી જબરી નદી યાના આડી આવી. ઊછળી ઊછળી એનાં મોજાં ઉપર તરફ ધસ્યે જતાં હતાં. હવે? પણ એ હારી ખાય એવો ન હતો. એણે ઓજારો સજ્યાં. ઝાડ કાપી કાપી, છોલી છોલીને, લાકડાની ખીલીઓ વડે જ ત્રેવડા તળિયાનો એક મોટો તરાપો કર્યો, જેથી ઘોડો ડૂબેલો ન રહે. ચાલીસ વાર લાંબાં લાકડાં વડે તૈયાર કરેલા એ તરાપા પર ચડી શાર્તીનાક નજીક તે ઊતર્યો ત્યારે એવો તો થાકી ગયો હતો કે એનાથી ઊભા પણ રહી શકાતું નહોતું. ઘોડાને ચરવા મૂકી એ ઊંઘવા પડયો તે પડયો. વચ્ચે કોળિયા બે કોળિયાની ઉદરપૂર્તિ સિવાય સતત પાંચ દિવસ ને પાંચ રાત ઊંઘ્યો ત્યારે શરીરમાં પાછી સ્ફૂર્તિ જણાઈ! આરામ થતાં એ ઊપડયો. સીલવિતાર પહોંચતાં કોલીમા નદી આવી એટલે ફરી કુહાડી સજ કરી ને પહેલાં કરતાં યે મજબૂત તરાપો બનાવી કાઢયો. કોલીમ્સ્ક પહોંચીને ત્યાં ત્રણ મહિનાના સાથીદાર તરાપાને તજવો પડયો; પણ એથી યે વધુ જૂના સાથીદાર તેના ઘોડાથી યે વિદાય લેવી પડી, કારણ કે આગળ આવતો પટ ઘોડાથી સહ્યો જાય એમ ન હતો. આંસુભીની આંખે ઘોડાને વિદાય આપી, ને રેનડીઅરોની ગાડીમાં મજલ આગળ લંબાવી. રેનડીઅરો ઘોડા કરતાં પાંચગણી ઝડપે બરફની પડથાર પર જાણે વહેતાં જતાં હતાં.

એ કોલ્યુચિન પહોંચ્યો ત્યાં સુધીમાં દરિયો થીજી ગયો હતો એટલે વ્હેલોના શિકારી કોઈ વહાણ પર જગ્યા મેળવી આગળ વધવાની મુરાદ બર આવે એમ ન લાગ્યું. આથી તે સેન્ટ લૉરેન્સ ટાપુ તરફ ગયો. ત્યાં મળેલા એસ્કીમો લોકોએ ન્યૂ સાઈબીરિયા ટાપુઓની આકરી મુસાફરી રેનડીઅરોથી સહન નહિ થાય એમ જણાવી એને બેર ટાપુઓ પર પહોંચવા કહ્યું. ત્યાં તો ન મળે એક ઝાડ કે ઝરણું. બરફ ને ખામોશી બધે વ્યાપી રહેલી. સૂકાં માછલાં ખાઇને બરફ ચૂસીને એણે વખત ગુજારવા માંડયો. ઠંડીથી બચવા માટે શરીર શેકવા બળતણ ન મળે, એટલે નાચી, કૂદી, દોડીને તેને શરીરને ગરમી આપવી પડતી! એ શાપિત ટાપુ પર રઝળી રઝળીને પગની તાકાત પણ ઓસરવા આવી. 'શું આ જ અંજામથી ફેંસલો થશે?' એમ તે વિમાસતો હતો ત્યાં માછલી રંધાવાની વાસ આવી! બૂમો પાડતો એ આગળ વધતો ગયો ત્યાં બરફ નીચેની એક બખોલમાંથી રૂંવાટીએ લપેટેલો એક એસ્કિમો બહાર નીકળ્યો. તેણે એને કોલસાનો ગંજાવર જથ્થો દેખાડયો. એ મદાર પર એક ખડક પરની ગુફામાં તે સ્થિર થયો.

આખરે બરફ કડાકા કરતો તૂટવા લાગ્યો ત્યારે એક રશિયન વ્હેલર જહાજ આવી પહોંચ્યું. વેલઝલ લુહારકામ જાણતો હોઈ કપ્તાને તેને સાથે લીધો, ને બદલામાં ખોરાકી, પોશાક તથા આવતા શિયાળા માટેનો બધો સરંજામ આપી, વળતી સફરે એને ન્યૂ સાઇબીરિયા ટાપુ પર ઉતારી દીધો.—અને વેલઝલની જિંદગીમાં નવો સફો શરૂ થયો.

બસો ફૂટ ઊંચા ખડકો વચ્ચે આવેલી એક ખાઈના પડખામાં ગુફા કોરી તેને મજબૂત બારણાં જડી દીધાં. પછી સગડી માટે ગુફાની વચ્ચોવચ એક વાર ઊંડો ને એક વાર પહોળો ખાડો ખોદી કાઢ્યો ને તેમાં તળિયે લાકડાં, ઉપર કોલસા ને મથાળે સૂકું લિચન ગોઠવી દીધું. ઑક્ટોબરનો વચગાળો આવતાં સુધીમાં હવામાં ઠંડીનું પ્રમાણ વધી ગયું. ધ્રુવશિશિરની શરૂઆત થઈ ચૂકી હતી. સાગરનો ઘુઘવાટ હવે ગર્જના મટી જઈ માત્ર સિસકારારૂપે રહ્યો હતો. ભયંકર ધુમ્મસ પડવા માંડ્યું. ધુમ્મસમાં પારો નીચે ને નીચે ઊતરતો ગયો તેમ દરિયો વધુ ને વધુ શાંત થતો ગયો. હવે તેના પર બરફ જામતો જતો હતો. અને એ વખતે ધ્રુવક્ષિતિજના પલટાતા દૃશ્યનું બયાન તો ગમે તેટલું આબેહૂબ છતાં અનુભવ વગર કલ્પનામાં ઊતરવું મુશ્કેલ છે. આખો વિસ્તાર ધીમે ધીમે અંધારાની ચાદરમાં લપેટાવા લાગ્યો. નવેમ્બરમાં પહેલવહેલો ઔદીચ્યપ્રકાશ (Northern Lights) દેખાયો. થોડો વખત દેખાઈ તે અદૃશ્ય થતો. ચોથી વાર ડિસેમ્બરના પ્રારંભમાં એ પ્રકાશ દેખાયો ને પછી સદાનો અદૃશ્ય થયો. થોડા દિવસ રહી જુદા જુદા રંગો આકાશમાં ફૂટવા માંડ્યા ક્ષિતિજ પરના એ રંગો જેમજેમ સ્પષ્ટ થતા ગયા તેમતેમ તેમાં જુદીજુદી આકૃતિઓ દેખાવા લાગી. ક્યારેક સામસામાં લશ્કરો કૂચ કરતાં લાગે, ક્યારેક ગજદળો દોડાદોડ કરતાં લાગે! ખરેખર એ દૃશ્ય અવર્ણ્ય હતું. પછી એ બધું જ અદૃશ્ય થઈ ગયું ને એવો શિયાળો બેઠો કે પારો ૮૬ ડિગ્રી ફેરનહાઈટ નીચે પહોંચી ગયો!

ને હવે ઝંઝા શરૂ થઈ. જરાક બારણું ઉઘાડતાં જાણે તડાતડ ગોળીઓ ફૂટી રહી હોય એમ બહારના અવાજો કાનમાં તમરાં બોલાવી દેતાં. અંધારું એટલું તો ગાઢ બન્યું કે પોતાનો હાથ પણ જોઈ ન શકાય! એ આખી રોમાંચક રંગકથાનો અહીં તો શતાંશ ભાગ પણ ઉતારી શકાય એમ નથી. માર્ચની ૨૦મીએ આઠ વાગ્યે સૂર્ય દેખાયો. આગના રક્તવર્ણા એ ગોળામાંથી જાણે રુધિરનો પ્રવાહ વહી નીકળ્યો હોય તેમ સઘળી જમીન પણ રક્તવર્ણી બની ગઈ. સાડા બારે એ આથમી ગયો. દિવસાનુદિવસ તે ઊંચો આવતો ગયો ને વધુ વધુ વખત પ્રકાશવા લાગ્યો. અને મે મહિનામાં તો તે દિવસ ને રાત પ્રકાશવા લાગ્યો!

દુનિયાની હસ્તી આરંભાઈ ત્યારથી વરસાદનું એક ટીપું જ્યાં નથી પડ્યું, જ્યાંનું આકાશ એકે વાદળું નથી સંઘરતું ને ગર્જનાની તો કલ્પના પણ જ્યાં નથી આવતી, એવા આ સુવર્ણાવર્તના વિશેષ અનુભવો ખુદ વેલઝલની જબાનમાં સાંભળવામાં વધુ લિજ્જત આવશે. એ પહેલાં શિયાળો ઊતરતાં એણે એ પ્રદેશ રખડી કેટલાક એસ્કિમોને મિત્રો બનાવી લીધા. તેમની પાસેથી રૂવાં ખરીદી, આવતાં જહાજોને તે વેચી, બદલામાં જોઈતો માલ ખરીદીને એ આખી ધ્રુવકંઠારના વેરવિખેર વસાહતીઓને પૂરો પાડવાનો વેપાર એણે શરૂ કરી દીધો. એ દરમિયાન એણે જે જહેમતો ધીરજપૂર્વક વેઠી છે એ અજબ જ છે. હવે એનું બયાન સાંભળો:

'ઉદાસ ધ્રુવરાત્રિ ઓગળીને ઉષાની નિશાનીઓ જણાવા માંડે કે અમારી આંખો ક્ષિતિજ પર ધ્રુવપક્ષી (arctic bird) ને જોવા તલપાપડ થઈ રહે. અમે ભૂમિવાસીઓ હજુ અંધારામાં હોઈએ ત્યારે આ પક્ષી સૂર્યનાં પહેલાં તેજ ઝીલે છે. વસંતનાં પહેલાં કિરણો અમે એ પંખીની પાંખો પર જ જોઇએ છીએ. અહીંના લોકો એને બહુ મોટો દેવ માને છે, કારણ તેઓ માને છે કે સૂર્યને તે જ દોરી લાવે છે. વસંત બેસતાં હું મારા એસ્કિમો મિત્ર જોડે શિકારે ઊપડતો. એશિયાના પૂર્વતમ ચુકચી પ્રદેશથી તે પશ્ચિમમાં આલાસ્કા ને હર્શેલ ટાપુઓ સુધીનો પટ હું ખૂંદતો.

એસ્કિમો લોકોની રહેણી ખૂબ ગંદી હોય છે. એમના નિવાસોમાંથી ઉકરડા જેવી બદબો ઊઠતી હોય છે. બધી કુદરતી હાજતો તેઓ અંદર જ કરવાના. એ ગંદકીમાંથી જન્મતા કેટલાક કીડા ક્યારેક એમને શરીરે ચડી ચોંટી રહે ને ચામડી કોરતા ઠેઠ હાડકા સુધી પહોંચે. સ્કર્વીનો રોગ પગથી શરૂ થઇ ક્યારેક તો જડબાં સુધી પહોંચે. એ રોગમાં શરીર પરનું માંસ ગળતું જ જાય છે. એવો જ ઉપદ્રવ અહીં ન્યુમોનિયાનો છે. વાતો કરતા કે નાચતાકૂદતા હોઈએ ત્યાં તો ઓચિંતો કોઈ એસ્કિમો ચીસાચીસ કરી મૂકે ને થોડીવારમાં તો તરફડીને મરી જાય! અહીંના કરાલદંષ્ટ્રા ઝાકળદંશ (frost-bite)ની દારુણતા તો રોમાંચ ખડાં કરનારી હોય છે. પગે એનો દંશ લાગે છે તો નળા સુધીનો ને ક્યારેક ઘૂંટણ સુધીનો ભાગ અક્કડ થઈ જૂઠો પડી જાય છે. દંશ પામેલાનો મોટો ભાગ તો આખી જિંદગી રીબાવા કરતાં મોત જ પસંદ કરે છે ને આપઘાત કરી મરી જાય છે!

એક વખત અમે બેઠા હતા ત્યાં એક સ્વીડ આવીને મને કહે, મારા આંગળાં વળતાં નથી ને અંદર દરદ થયા કરે છે. મેં શિખામણ આપી કે ટેબલ પર હાથ પછાડ. એણે એ પછાડ્યો તે સાથે બધાં આંગળાં ઊડીને ખંડમાં વેરાઇ પડ્યાં! ઝાકળદંશનું એ પહેલું દૃશ્ય હું કદી નહિ ભૂલું! એક જણનું તો એ દંશથી નાક ખરી પડ્યું ને પછી નકટું જીવન એને એવું તો ઝેર જેવું લાગ્યું કે ગોળી ખાઇ મારી સામે જ એણે આપઘાત કર્યો. અકુદરતી મોતની અહીં નવાઇ નથી. કાચા બરફમાં ગરક થઇને કે જંગલી જાનવરોથી ચીરાઇને આ વિસ્તારમાં અનેક જિંદગીઓ ખત્મ થઈ છે. અશક્ત માણસ દુનિયાના બીજા ભાગોમાં મોડીવહેલી પણ મદદ મેળવી શકે, પણ અહીં તો એને સીઝાઇને તરફડી મરવાનું જ રહે. આ મુલકમાં કોઈ વ્યક્તિ મરણને કાંઠે આવતાં જ લાવરીના કદનું એક કાળું પંખી દેખા દે છે, જેને અહીંના લોકો કાલપક્ષી (death-bird) તરીકે ઓળખે છે. મરણાસન્ન વ્યક્તિના મુકામ પર તે બેસે છે, ત્રણ તીણી ચીસો પાડે છે ને પછી ઊડી જાય છે. અને એના ઊડવા પછી થોડી જ વારે પેલી વ્યક્તિના પ્રાણ પણ ઊડી જાય છે!

આ સુવર્ણાવર્તનું સ્વાતંત્ર્ય, જગતમાં સાચામાં સાચું સ્વાતંત્ર્ય છે. ગમે ત્યાં જાઓ, ગમે ત્યાં ઘૂમો, ગમે તે કરો, કોઇ પૂછનાર કે રોકનાર નહિ. પરંતુ માણસના સ્વાર્થે આ પ્રદેશમાં પણ પગપેસારો કર્યો છે. ભોળા એસ્કિમોના લોહીના પિપાસુ ઘણા ગોરા નીકળ્યા છે. એસ્કિમો લોકો પાસેથી થોકબંધ રૂવાં તેઓ ખરીદી લે છે અને પછી ભાવ ચૂકવતી વેળા સલ્ફ્યુરિક ઍસિડ અને મેથીલેટેડ સ્પિરિટ મેળવેલી બ્રાન્ડી તેને પીવડાવે છે. એ પીતાં વેંત બિચારા એસ્કિમોનું પેટ ફૂલી જાય છે, મોંમાંથી ફીણ નીકળવા માંડે છે, તેનું ચિત્તભ્રમ થઈ તે દોડાદોડ કરી મૂકે છે.'

વેલઝલની વસાહતનું આ પ્રસંગોચિત બયાન પૂરું થયું. ચાળીસ વર્ષ લગી, કોઈ ધ્રુવર્ષિ પેઠે આ સુવર્ણાવર્તનો તે વસાહતી બની રહ્યો.

૧૯૨૪માં માલ ભરીને સફર કરતો નીકળ્યો. તે યુનાઇટેડ સ્ટેટ્સના પાસિફિક કાંઠે એનું જહાજ ભાંગ્યું. ત્યાંના સત્તાધિકારીઓને એની પાસેની કશા દસ્તાવેજો કે વીઝા ન મળતાં તેમણે તેને તેના દેશ ચેકોસ્લોવાકિયા ધકેલી દીધો, જે હવે સ્વતંત્ર થઈ ગયો હતો તેની વેલઝલને જાણ પણ ન હતી!"

લેખક • ધીરેન્દ્ર મહેતા

પ્રભાત

'ચૂં...ઉંઉંઉં...' રામસંગે ઝડપ ઘટાડ્યા વિના એકદમ સ્ટીઅરિંગ વ્હીલ ફેરવીને ઍની બીસન્ટ સ્ટ્રીટમાં વળાંક લીધો અને બ્યૂકનાં જમણી બાજુનાં બે વ્હીલ અદ્ધર થઈ ગયાં.

તેનાથી અચાનક આરસીમાં જોવાઈ ગયું. દર વખતે સહેજ ઝડપ વધે કે જેમનો પિત્તો ઊછળે એ ડરપોક ધરમસી શેઠ કંઈ પણ બોલ્યા વિના સંજયનાં બંધ પોપચાં તરફ ચિંતાતુર આંખે જોઈ રહ્યા હતા. તેમને જાણે આસપાસનું કશું ભાન જ નહોતું. સંજયના હોઠ હજુ વંકાએલા હતા અને હેડકી ચાલુ હતી.

'શેઠિયો સા...' રામસંગનો નીચલો હોઠ ઉપલા દાંત તળે દબાયો. તેના જમણા પગના પંજાએ ઍક્સિલરેટર દબાવ્યું અને બ્યૂકની ઝડપ વધી ગઈ. તેની આંખો ઝીણી થઈ અને મોટરની બત્તીના પ્રકાશમાં સામેનો આસ્ફાલ્ટનો રસ્તો સ્પષ્ટ થઈ ગયો...

...હવે દેસાઈ સ્ટ્રીટમાં વળાંક લેતાં પચ્ચીસેક મિનિટ બાદ બે રસ્તા આવશે–ટેમિંગન રોડ અને બર્મિંગહામ રોડ. ટેમિંગન રોડ પર થઈને જતાં તરત જ ડૅા. કાણેકરનું નર્સિંગ હોમ આવે, પણ...

બાજુમાંથી એક 'ટ્રક' ફૂલ સ્પીડમાં પસાર થઈ ગઈ ને બ્યૂકનું અંગેઅંગ જાણે ધ્રૂજી ઊઠયું. બારીમાંથી ધસી આવેલી પવનની થપાટો બેએક પળ સુધી મોટરમાં ઘૂમરાઈ રહી. 'શેતાન!' રામસંગે મોં મચકોડયું અને પછી જાણે પોતાના જ શબ્દોથી ચોંકી ગયો. તેની નજર સ્પીડોમીટર પર ગઈ. કાંટો પચાસની ઝડપ બતાવતો હતો.

રામસંગે આરસીમાં જોયું. ધરમસી શેઠ એમ ને એમ સંજયની છાતી પર હાથ રાખીને બેઠા હતા. ડૅાક્ટરે કહ્યુ હતું કે હેડકી શરૂ થાય તો તરત જ તેને નર્સિંગ હોમમાં ખસેડવો નહિ તો...

'પૂં ઊઊઊ!'

રામસંગે હૉર્નના બટન પર જોરથી હાથ પછાડયો અને રસ્તાની વચ્ચે ચાલ્યો જતો એક ડોસો હાંફળોફાંફળો થતો બાજુ પર સરકી ગયો.

...હં! ટેમિંગન રોડ પરથી જતાં તરત જ ડૅા. કાણેકરનું નર્સિંગ હોમ આવે; પણ બર્મિંગહામ રોડ પરથી જતાં ઓછામાં ઓછી દસેક મિનિટ વધારે ને...રામસંગે ઘડિયાળ સામે જોયું. ડૅાક્ટરે કહ્યુ છે કે હેડકી શરૂ થાય તો જરા ય વિલંબ કર્યા વિના...

'વા...ઉ!' મોટરના વ્હીલ નીચે રસ્તા પર સૂતેલા કૂતરાની પૂછડી આવી ગઇ.

...કંઈ કરવાનું નથી! બર્મિંગહામ રોડ પર થઈને જતાં થોડી મિનિટ વધુ! ડૅાક્ટરે કહ્યુ છે કે બિલકુલ વિલંબ કર્યા વિના...એટલે બધું આપમેળે થઇ જશે!

'રામસંગ?' 'જી!'

'તારા મોહનને શું થયું'તું?' 'કોણ જાણે.'

બહાર પાછલી રાતનું ધુમ્મસ ઓગળવા માંડયું હતું. ઝાકળનાં ટીપાં મોટરના કાચ પર બાઝી ગયાં હતાં. રામસંગે વાઈપરની સ્વિચ ખેંચી ને સામેનો કાચ સાફ થઈ ગયો.

'ત્યારે મોહનને છેલ્લી ઘડીએ...'

'મને કાંઈ જ ખબર નથી શેઠજી...' રામસંગ અકળાઈ ઊઠયો. તેને થયું, શેઠ હવે એ વિષે વધુ કંઈ ન પૂછે તો સારું. '...હું એને છેલ્લે છેલ્લે મળી જ નહોતો શક્યો.' 'કેમ?'

'એ સીરિયસ હતો, છોટાબાબુ છે એમ જ.'

રામસંગનું માથું ભમતું હતું. સામેના કાચની આજુબાજુ લટકેલાં ઝાકળનાં ટીપાંમાં તેને મોહનની દીન આંખો દેખાઈ.

'ડૅાક્ટરે કહ્યુ હતું બે'ક કલાક માંડ કાઢશે; પણ હું ન જઇ શક્યો. આપને કાંઇક મોટો સોદો કરવા બહાર જવું હતું ને, એટલે.' રામસંગે હોઠ કરડયા.

દોઢેક વર્ષ પર રામસંગનો દીકરો મોહન એકદમ સીરિયસ થઈ ગયો હતો ને તેને ઑસ્પિટલમાં ખસેડવાની જરૂર ઊભી થઈ હતી. ત્યારે રામસંગ રજા લેવા આવ્યો હતો. પણ પોતાનો ત્રીસ હજારનો સોદો જોખમમાં હતો અને પોતાને જલદી ઝરિયાવાળાને ત્યાં પહોંચવું હતું. રામસંગની આજીજીને અવગણીને પોતે ચોખ્ખી ના પાડી દીધી હતી...એમને બધું યાદ આવ્યુ.

બાજુમાંથી 'Slow'નું પાટિયું ઝડપથી પસાર થઈ ગયું. રામસંગે ઍક્સિલરેટર દબાવીને મોટરની ગતિ વધારી મૂકી દેસાઈ સ્ટ્રીટમાં વળાંક લેતાં બ્યૂકને ફરી હાંફ ચડી.

પાછળથી કંઇક અવાજ આવ્યો. રામસંગથી આરસીમાં જોવાઈ ગયું. ધરમસી શેઠની સૂકી આંખોમાંથી આંસુ ટપકતાં હતાં. છેક પાછલી ઉંમરમાં થએલા તેમના એકના એક દીકરા સંજયની હેડકી ઘણી વધી ગઈ હતી. તેનું આખું શરીર કંપતું હતું. ધરમસી શેઠે બીજું ડુસકું મૂકયું.

'ખટર્...ખટર્...ખટર્' વાઇપર જોરથી ઘૂમતું હતું. કાચ પર લટકતાં ઝાકળનાં ટીપાં ટપોટપ નીચે ટપકતાં હતાં. રામસંગને એમાં ઘડીક મોહનની તો ઘડીક સંજયની આંખો જણાવા લાગી...સામેની આરસીમાંથી શેઠની ચૂતી આંખો દેખાતી હતી...રામસંગને કંપારી છૂટી. તેણે આરસી નીચે ઢાળી દીધી.

'...ત્યારે મોહનને છેલ્લી ઘડીએ...' છેક પાછલી ઉંમરમાં થએલા શેઠના એકના એક દીકરાને હેડકી...ડૅાક્ટરે કહ્યુ છે કે તરત જ નર્સિંગ હોમમાં ખસેડવો નહિ તો...

રામસંગના લમણાંની જાડી જાડી નસો ફૂલી ગઈ. ત્યાં તો 'ટેમિંગન રોડ'.. ...'બર્મિંગહામ રોડ.' સામેનાં સાઇન-બોર્ડ સ્પષ્ટ વંચાવા માંડ્યાં.

...માત્ર ટેમિંગન રોડને બદલે બર્મિંગહામ રોડ પરથી જતાં થોડી મિનિટ વધુ ને...શેઠને તો આસપાસનું કશું ભાન નહોતું...

રામસંગના હાથ ધ્રૂજી ઊઠ્યા. તેણે માંડમાંડ સ્ટીઅરિંગ વ્હીલની પકડ મજબૂત કરીને બ્યૂકને એકદમ ઝડપથી ટેમિંગન રોડ પર વાળી દીધી.

રસ્તાની બાજુ પર એક હારમાં ઊભેલા 'લૅમ્પ પોસ્ટ' પરની લાઈટોની કતાર વચ્ચે એક લાલબત્તી ચમકી રહી! 'આ...આ...ડૅા. કાણેકર...રામસગ!'

'ચર્‌ર્‌ર્' રામસંગે જોરથી બ્રેક મારી દીધી.

મોટરનો દરવાજો ખોલીને એક ઊંડો શ્વાસ લીધો ટોપીને પાછળ ધકેલી દઈને તેણે કપાળ પરનો પરસેવો લૂછી નાખ્યો. પાછલો દરવાજો ખોલીને સંજયને ઊંચકી લીધો અને લૉંગ કોટની બાંય વડે આંખો લૂછતા શેઠની પાછળ પાછળ ઉતાવળે ઉતાવળે પગથિયાં ચડવા માંડ્યાં ત્યાં—

ધુમ્મસ બિલકુલ ઓગળી ગયું હતું અને પૂર્વાકાશમાંથી પ્રભાતનાં કિરણોની ટશરો ફૂટવા માંડી હતી.

ચન્દ્રવદન ચી. મહેતા


ઓપેરાગૃહનું નવનિર્માણ

રંગગઠરિયાં ૫૮

ઓપેરા નવેસરથી બંધાયા પછી રોજ સવારે સો દોઢસો પ્રેક્ષકોનો મેળો ભરાય છે. સવારે પ્રેક્ષકો? હા, ઓપેરા હાઉસ જોવા આવનારાનો. બે અલાયદી બારીઓ પાસે એ માટે 'ક્યૂ' થાય (એમાં ઑસ્ટ્રિયાની છ શિલિંગની ટિકિટ વેચાય): બરાબર નવ વાગ્યે અને અગિયાર વાગ્યે બે ફેરામાં. દર ફેરામાં બે ટોળી: એક અંગ્રેજી જાણનારી, બીજી ફ્રેન્ચ જાણનારી. દોઢસોની, બે ભાગમાં વહેંચાએલી એ ટોળીને ઓપેરામાં કામ કરનારા ખાસ ભોમિયા અંદર લઈ જાય: કેવળ ઓપેરા હાઉસનું મકાન જોવા માટે. અને દેશદેશાવરથી આવેલા એ પ્રવાસીઓ, રસિકો અને જિજ્ઞાસુઓને પોણા બે કલાક અંદર ઘુમાવી એની બાંધણી, રચના, રંગભૂમિ, એની સગવડ, રોશનીની સજાવટ તથા સંચાલન બતાવવામાં આવે. કોઈ કહેશે 'એટલી ટિકિટમાં તો નાટક જોવાય!' ભલે ભાઈ; પણ હું જોવા ગયો તે દિવસે મારી ટિકિટનો નંબર (હજી એ ટિકિટ મેં સાચવી રાખી છે) ૩૩૭૭૪૧મો હતો! આ ત્રણ લાખ ને પોણી આડત્રીસ હજાર પ્રેક્ષકો, મોટા ભાગના પરદેશી, એમાંના મોટા ભાગના રંગભૂમિના રસિયા, એ બધા તદ્દન મૂર્ખા તો નહિ જ હોય ને?

જૂની બાંધણીનો એક દાદર બચ્યો છે; એના થંભા ઉપર મૂકેલાં મોટાં પૂતળાં બચ્યાં છે. એક મૂર્તિ લાસ્ય નૃત્યના માર્દવથી ભરેલી છે એ છે 'બાલે'; બીજી ગીત અભિનય સાકાર કરે છે એ 'ઓપેરા'; અને બાજુની ભીંતે મઢેલા કૅનવાસ ઉપર ત્રણ મ્યૂરલ(ભીંત)ચિત્રો ડોબિયાચોફસ્કીનાં ચીતરેલાં; વળી સાત સપ્તકલાનાં પ્રતીક સમી–શિલ્પ, સ્થાપત્ય, કવિતા, નૃત્ય, સંગીત, નાટ્ય અને ચિત્રકળા એમ સાત કળાને રજૂ કરતી—મૂર્તિઓ, તે બહારના ફુવારાના ઘડવૈયા જોસેફ ગાસરની સર્જેલી. ચિત્રોમાં 'કૉમિક' અને 'ટ્રૅજિક' ભાવ રજૂ કરતાં કાલ્પનિક ઓપેરાનાં સુંદર દૃશ્યો. ભીતરમાં છત ઉપરનું એક સુંદર ચિત્રકામ પણ અકસ્માત બચી ગયું છે, તે 'ફૉર્ચ્યૂન સ્કૅટરિંગ હર ગિફ્ટ્સ' (પ્રસન્ન નસીબની દેવી પોતાનો કૃપાપ્રસાદ વહેંચે છે તે) ખૂબ ઊંચે, ઊંડાણમાં નક્કર ભીંતો વચ્ચે આવેલું છે. એ બચેલું જોવા મળતાં જ સૌ કોઇને છ શિલિંગ ખર્ચ્યા સાર્થક લાગે છે.

અને હવે જોઈએ તેની આધુનિક બાંધણી, એ માટે કેટલા સ્થપતિઓને પૂછ્યું, કેવી હરીફાઇઓ યોજી, એના વિગત વાર ઇતિહાસમાં નહિ ઊતરીએ. પણ એ એક માણસનું કામ નથી. દસબાર સ્થપતિઓને ભાગે એ નવી રચનાનો યશફાળો જાય છે: બે જણાને પ્રેક્ષકોની બેઠકો અને નીચેનો ભાગ, બીજા બે જણાને ફાળે ત્રણેચારે મજલા, કોકને ફાળે અંદરની રંગભૂમિ, એમ જુદાજુદા વિભાગો વહેંચી લઈ, એમના નકશા એકઠા કરી, ચર્ચી, સમન્વય કરી, કામ જેમ બને તેમ વહેલું પાર પાડ્યું. અસલ ઓપેરા હાઉસમાં હતા ત્રણ રંગો: લોહિયાળા લાલ, સોનેરી અને હાથીદાંતીઓ ધોળો; એને એ જ પ્રમાણે કાયમ રાખ્યા. બેઠકો ૨૩૨૪ને બદલે ૨૨૦૯ કરવી પડી. ઍકોસ્ટિક માટે વાયોલિનમાં વપરાતું લાકડું લાવી, વાયોલિનનો રણકો પડે એ રીતે, આખા આંતરઘરમાં એ જ લાકડાનો કુનેહપૂર્વક ઉપયોગ કર્યો. જૂના ઝુમ્મરને ઠેકાણે 'ક્રિસ્ટલ'ના હાર જેવું ૬૬૧૪ રતલનું નવું ઝુમ્મર ગોઠવ્યું. પ્રશ્ન, કે આ આવડા મોટા તોતીંગ અને આટલે ઊંચે ગોઠવેલા ઝુમ્મરને સાફ કેમ કરવું? તો એ માટે, એ આપોઆપ સાફ થઈ જાય એ રીતનો ફરતો સફાઇનો સંચો ગોઠવી દીધો! 'સેફ્ટી' પરદો નવેસરથી ચીતરાવ્યો. ગ્લકની ઓપેરા 'ઑર્ફ્યૂસ અને યુરિડાઈસ'માંનું એક દૃશ્ય રૂડૉલ્ફ આઈસનમંગરે ચીતરી દીધું. આસપાસની ફરતી ગૅલેરીમાંની તો નહિ પણ નીચેની સ્ટૉલ્સની ખુરશીઓ જોતજોતાંમાં ખસેડી શકાય, ઓર્કેસ્ટ્રા બેસે તે જગ્યા કરામતથી ઊંચી લાવી શકાય ને આખી રંગભૂમિ સાથે સાંકળી શકાય એવી ગોઠવણ કરવામાં આવી. કેમ? તો કે આ વીએના છે. એટલે? વીએનામાં સૌ વૉલ્ટ્ઝ (કુદરડી નૃત્ય) તો કર્યા જ કરે છે. ક્યારે? ગમે ત્યારે; ઓપેરા પછી પ્રેક્ષકોને ત્યાં વૉલ્ટ્ઝ નૃત્ય કરવું હોય તો ત્યાં ને ત્યાં નૃત્ય કુદરડીઓ ફરી શકે એ માટે આ યોજના! છત ઉપરનું કીમતી ચૂનાકામ જોવા જેવું છે, એમાં ગિલિટ કામમાં ૨૨ કૅરેટ સો.નું વાપરવામાં આવ્યું છે; અને ચીતરામણો ચીતર્યાં બાર: વેબર, રૉસિની, શૂબર્ટ, મોત્સાર્ત, બેટોવન વગેરે સંગીતના ઉસ્તાદોની કૃતિઓમાંથી; એ દરેક કૃતિની નીચે એના સર્જકનું સુંદર પૂતળું ગોઠવી શોભામાં ઓર વધારો કરવામાં આવ્યો છે.



ઓપેરાના વિશ્રામખંડની છતમાં ચીતરેલાં આલેખનોમાંથી મોત્સાર્તની કૃતિ 'ધ મૅજિક ફ્લ્યુટ' વિષેનું એક આલેખન.

આવો, આહીં વચ્ચે ઊભા રહો. ચાર તો ફરતી ગૅલેરીઓ છે, એમાંની સજાવટ, રોશની, રંગરોગાન, બધું આંખ તથા જીવને બહલાવે છે. આટલામાં થાકી ગયાં? આ તો હજી પ્રેક્ષકોની બેઠક જોઈ, રંગશીર્ષ અને રંગભૂમિ અને નેપથ્ય તો જોવાનાં બાકી છે, આવો. આ એક આરસ-ખંડ ચા-કૉફી પીવા માટેનો. એમાં શ્વેતનકોર ભીંત વચ્ચે બારણું ખોલી કોઈ દાખલ થતું હોય એવા આકારો અને આકૃતિઓ; તો કપડાં બદલવાના ખંડો છે એમ સૂચવતાં પણ ચિત્રો જ છે. અરે! રખે એમાં જતા, નહિતર ભીંત સાથે અફળાશો, પણ આ દરવાજેથી અંદર ચાલ્યા જઇશું તો જોડા સીવનાર, વાળ-ઝુલ્ફાં-અંબોડા-ચોટલા બનાવનાર, કપડાં સીવનાર, સુથારી કામ કરનાર, એવા કારીગરોના ખાસ અલાયદા ઓરડાઓ આવશે; નથી જોવા? હાં, શા માટે? આપણે ત્યાં, જ્યાં પૂરાપાધરા મેકઅપ રૂમ પણ નહિ, અને ગ્રીન રૂમ એટલે 'ઓરડો લીલો ચીતરી' મૂકવાની વાત કરનારા 'નિષ્ણાત' સરકારી ઈજનેર સાહેબો થીએટરની બાંધણી જ્યાં સમજાવે, ત્યાં આ યોજનાઓ જોઇને પણ શું કામ છે? તો પછી પાછળના સિનેરી ચીતરનારાઓના વિશાળ ખંડો, રીહર્સલ અને બજવૈયા માટે સૂર મેળવવા સારુ શાસ્ત્રીય પદ્ધતિએ બનાવેલા ખાસ ખંડો પણ જોઇને શું કામ છે?

હા, આ વીજપિંજર—ચાંપોનું માળિયું. એમાં શાની ચાંપ નથી એ જ પૂછો ને? આટલી આલીશાં નાટકશાળા, એમાં ઉપરના ઝુમ્મર-





'કલ્પના' ઓપેરાગૃહની પરસાળમાંની પૂર્ણકદની એક સુંદર કાંસ્ય પ્રતિમા

ઓપેરાગૃહના વિશ્રામખંડમાં ૨૨ કેરટના સોનાના શણગાર વચ્ચે વિખ્યાત ઓપેરાનાં સુંદર ચિત્રો છે. અને એ ચિત્રોની વચ્ચે છે એના સર્જકની આવડી પ્રતિમાઓ. અહીં (ઉપર ડાબી બાજુ)મોત્સાર્તની પ્રતિમા ને એની એક વિખ્યાત કૃતિ 'ધ મૅજિક ફ્લ્યુટ'નું એક બીજું ચિત્ર.

થી માંડી ચારે અટારીઓ અને રંગભૂમિના ખૂણેખૂણા અજવાળવાને સહેલાઇથી હાથ ધરી શકાય એવી એમાંની ચાંપ કરામતો. ઉપરાંત, અહીં ભજવાતી ઓપેરાને ટેલિવિઝનમાં બહાર ઘરઘરમાં બતાવવી છે, સાથે સંભળાવવી પણ છે, એ માટેની પણ એમાં ચાંપ-અરમારી. છાનાછપના દશ કૅમેરાની આંખો પ્રેક્ષકોની બેઠકમાં પોપચે ઢાંકી જડી દીધી છે. ચાંપ દબાવો કે એની પાંપણો ખૂલે અને કાન ઊઘડે, કે જોતજોતામાં બહારની સૃષ્ટિમાં, ઘર-બંગલા-હોટેલ રેસ્ટોરાંમાંના નાના ચોકઠાના પરદા ઉપર અહીંનાં પાત્રો ગાતાં દેખાતાં થઈ જાય. નહિ? આપણે એની જરૂર નથી! તો છોડો વાત; ચાલો આગળ.

આ આપણે અહીં આવ્યા એ નવેસરથી રચેલી રંગભૂમિ: બ્રહ્માએ સૃષ્ટિ સરજી, એમાં સર્જનહાર દિવસના અરાપરા અજવાળાથી માંડી મધરાતના કાળાઘોર અંધારાની, ફૂલછોડ-તરુવરો. વન-જંગલો, ગિરિ-ગહ્વરો, સાગર-સરોવરો, વસંત-વર્ષાનાં વિવિધ ઋતુપર્વો, પશુપંખી અને નર-નારીઓની કંઈક રંગીલી કદીક કરુણ, કદીક હાસ્યજનક, કદીક ભયંકર, કદીક રૌદ્રસ્વરૂપની એવી અવનવી અલબેલી લીલા સરજે છે; એમ જ આ, પ્રમાણમાં નાની પણ રંગભૂમિઓની સરખામણીમાં અદકી મોટી એવી આ રંગભૂમિ ઉપર,—આ પગ નીચે જુઓ છો તે ફેરવવી હોય તો વગર અડચણે અને વિના અવાજે ફરે એવી ગોળ રંગભૂમિ ઉપર, ઉપયોગમાં લેવી હોય તો લ્યો, ન લેવી હોય તો, ચાંપ દાબ્યે આપમેળે એની બેવડી ઘડી થઈ, એક લાખ બેંતાળીસ હજાર પાઉન્ડના હાઇડ્રોલિક દબાણ થકી ઊંચકાઈ, પાછળના ભાગમાં અનામત રાખી શકાય એવી કંઈક કરામતોથી ભરેલી આ રંગભૂમિ ઉપર સર્જનહાર જેવી જ અદાથી, રોમાંચક, રંગીલી સર્જત સરજી શકાય છે.

આ આખી રંગભૂમિને આ રીતે ત્રણ ગુણ્યા અઢાર મીટરને હિસાબે બીજા છ ટુકડામાં ભાંગી, દરેક ટુકડો ૨૭ મીટરની ઊંચાઈ સુધી લઈ જઈ શકાય છે! એ સાથે વારાફરતી વાપરવાને ઊંડાણમાં બે સાઇક્લોરામા, ૫૭×૨૬ મીટરના માપના, ઘડ્યાં પ્રમાણે ફેરવી શકાય છે! ૯૧ ઉપરાંત તો ચકરડીઓ—પુલિ-લાઇન્સ, અસંખ્ય વીજળીના રંગબેરંગી ગોળાની હાર, એમાંની કેટલીક તો માગો તે પ્રમાણેની બત્તીઓના ગુચ્છ ઊંચે નીચે લઈ જઈ શકો એવી. ઝાલર પરદા મરજી પ્રમાણે એટલે કે જરૂરિયાત પ્રમાણે ટાંગવાની સગવડ છે. ઘડીના છઠ્ઠા ભાગમાં સાગરને તળિયે ભમતાંરમતાં મચ્છલાંઓની જેમ માનવીઓ બતાવવાં હોય તો તે, યા હિમગિરિ કે આલ્પ્સની બખોલોમાં શિખરિણીઓને ઘૂમતા બતાવવા હોય તો તે, યા ફૂલફૂલેલ વસંત, વા ઝરમરથી માંડી પ્રપાતમાં પડતી વર્ષા, યા હાડ થીજે એવી શિશિર, યા પીળા પલાશે પથરાતી પાનખર, નદીતટ, અસ્તોદય, ઉત્તર ધ્રુવ, વા કલ્પનાસૃષ્ટિમાંની પરીભોમ, પંખીઓનો પ્રદેશ, તિલસ્મ તી ભંડાર, અલાદીનના દીવાની સર્જત કે બાબરાભૂતે ઊભી કરેલી ભૂતાવળ, જેવી કૃતિ તેવાં દશ્યો રજૂ કરવાની અહીં સગવડ છે. ઘરબાંધકામ કરનારી ૨૫ ઉપરાંત પેઢીઓએ અહીં સરંજામ આપ્યો, ૨૦ ઉપરાંત કંપનીઓએ ભેગી મળી અંદરની સજાવટ માથે લીધી; જરૂર પડ્યે 'એર કંડિશન' કરી આખું થીએટર ઠંડું કરવા યા કડકડતે શિયાળે ગરમ કરવા માટેના સંચાની જોગવાઇ કરવા ૧૭ વેપારી પેઢીઓએ સાથ આપ્યો; એમ લોખંડી માલથી માંડી સુથારી કામ, ઇલેક્ટ્રિક ફીટિંગ્સ વગેરે માટે ઓસ્ટ્રિયાની કુલ્લે ૧૫૦ ઉપરાંત જુદીજુદી વેપારી કંપનીઓએ મળી, કોઈ પણ પ્રકારના ઝગડા-ટંટા વિના આખું કામ પાર ઉતાર્યું.

થાકી ગયા, ખરું? ઓથેલો નાટક તો ઘણા જણે વાંચ્યું-જોયુ હશે જ. એનું એક સેટિંગ અને ઓથેલોનો પોશાક જરા જોઈ લઇએ. રંગની મિલાવટ કહો, કે એનું આયોજન કહો, દેશદેશના આટલા પ્રયોગો પછી પણ અહીંનું આ નાવીન્ય આપણને અચંબામાં ગરકાવ કરી મૂકે છે. પણ બસ; એવાં દરેક પાત્રના પહેરવેશનાં આલ્બમો જોવા બેસીશું તો દિવસોના દિવસો જોઈશે.

વીએના આવતાં જ આપણે સૂર સંગીત અને નૃત્યની વાતો કરી હતી. એની હવાના તાણાવાણામાં વૉલ્ટ્ઝ પ્રમાણ્યો હતો. પણ એટલો જ ભર્યો છે. અહીં નાટક ને અભિનય અહીંની નાટકશાળાને શિલરના કાવ્યથી, વાગ્નરના સંગીતનાટકથી અને અદાકારોની અભિનયકલાથી સભર બનાવી મૂકી છે. આપણે એક 'ઓપેરા'ના પ્રવાસથી જ થોડો ઘણો ખ્યાલ લઈ લીધો એથી સંતોષ લેવો ઘટે. જોકે સાથે જીવ પણ બળે છે. એ બળતરા શી રીતે મટે? બાવીશ કૅરેટનું સોનું અહીં નાટકશાળાના રંગરોગાનમાં શાહી જમાનામાં વાપર્યું, તેમ આજે લોકશાહીના જમાનામાં પણ વાપર્યું. અને એમાંથી રતિભાર ચોરાતું નથી.

એ કેમ બને? આગ્રાના તાજમહાલમાંથી, સિક્રીનીં ઈમારતોમાંથી સોનું ને નંગ ચોરાયાં એ આપણે નજરોનજર જોઇએ છીએ. કહે છે કે અંગ્રેજો ઘણું લઈ ગયા. માનો કે બનવાજોગ છે; છતાં આજે અતિ પવિત્ર ગણાતાં મંદિરોમાંથી સોનાની મૂર્તિઓ, એના દાગીના, મંદિરની છત-કમાનમાંથી પથ્થરની મૂર્તિઓ છાશવારે ક્યાં નથી ચોરાતાં? છાપાંમાં બધી જ ઘટના તો ખોટી ન આવે ને? અને ખોટી હોય તો યે મંદિરમાં જઈ નજરે જોતાં પણ ત્યાં ચોરોની નિશાનીઓ તો દેખાય છે; એટલે આવી આવી સરખામણીમાં જીવ બળવા માંડે છે, ત્યાં કરોડો રૂપિયાનાં થીએટરો બાંધવાની વાત કરવાની હિંમત શે ચાલે?

—અને ઑસ્ટ્રિયા જેવા ગરીબ દેશે પોતાનાં ઘરબારનો વિચાર કર્યા વિના, આટલું અઢળક નાણું નાટકશાળા પાછળ ખર્ચ્યું, એનું કારણ આપતાં એક મહાનુભાવ કહેતા હતા કે એમને તો જિંદગી એટલે આનંદ, શૉખ ઉપભોગ; આપણે ભલે પૈસાદાર હોઇએ, તવંગર હોઇએ, પણ આપણા જીવનમાં આદર્શ છે તપ અને ત્યાગ; એટલે આવા મોજશૉખ આપણને ન શોભે! બરાબર છે, આપણે કશે જ કશો ખર્ચ કરતા નથી; ન લગ્ન-સમારંભોમાં, ન જમણવારોમાં, ન સરઘસો-દેખાવોમાં, ન રસાલાના ઠાઠમાઠોમાં...આપણે તો અત્યંત સાદાઈ, સચ્ચાઈથી, બ રે કલાક ઇશ્વરસ્તવનમાં મન પરોવી, જીવન ગુજારીએ છીએ, એ હકીકતને સાચી માની સંતોષ લેવો રહ્યો!

હવે અહીંથી યુરોપને વિદાય. આહોહો......રોમથી માંડી આ પણે ક્યાં ઉત્તરધ્રુવ અને પણે સ્પેનમાં મલાગા સુધી હરીફરી, અહીં વીએનાથી બપોરે ઊપડી સાંજે એશિયા ઊતરી, રાતે આફ્રિકા પહોંચવાના! વીએનાથી ઈસ્તંબુલ ને કૈરો. અનિતા બોઝને મળતાં સુભાષ બોઝને મળ્યાનો આનંદ, સુભાષ ધારને મળતાં એક જૂના જિગરજાન દોસ્ત મળ્યાનો આનંદ, માર્થાને મળી એક નવી મીઠી દોસ્તી બાંધવાનો આનંદ, અને ત્રણેથી, એ જ ઓપેરાની બીજી બાજુમાંથી કે. એલ. એમ.ની બસમાં ઊપડતી વખતે વિખૂટા પડવાનું દુઃખ; યુરોપની ભૂમિ ઉપરથી—અહીંથી પગ ઉપાડીશું તે હવે એશિયામાં મૂકીશું. યુરોપથી વિખૂટા પડવાનું દુઃખ...

બપોરે બારે બસ ઊપડે. પોણા બારે અમે એર ટર્મિનસ આગળ ઊભા છીએ. બારમાં બે કમે હું બસમાં બેસવા જાઉં છું ત્યાં—ધારને ભેટી છૂટા પડી અનિતાને માથે આશીર્વાદનો હાથ મૂકી, માર્થા સાથે હાથ મિલાવવા જાઉં છું ત્યાં—એ એક નાનકડી સોનેરી તાસક મારા હાથમાં ભેટ તરીકે મૂકે છે. ઉપરનો ઝીણો કાગળ ઉઘાડી જોઉં છું તો એમાં સુવર્ણરેખા થકી એ ઓપેરા'ની કૃતિ ચીતરી છે! માર્થાથી છૂટા પડતાં છેલ્લું આંસુ એ ઓપેરા ઉપર–તાસકમાં જ ટપકે છે. (ચાલુ)

ટિકિટ સંગ્રહ

ગયા મેની ૨૭મી તારીખે સ્વ. નેહરુજીના મૃત્યુની પ્રથમ સંવત્સરીએ ભારતે બહાર પાડેલી ટપાલ ટિકિટ હવે તો બધાએ જોઇ હશે. જવાહર જ્યોતિ અને નેહરુજીને પ્રિય ગુલાબના એના પરના બેરંગી આલેખનમાં અતિ ઉતાવળે કરેલા કાર્યની સ્પષ્ટ અસર જોવા મળે છે. એક જ ઢાંચામાં ઢળતી આવતી દેશની અગાઉની અન્ય ટિકિટોના મુકાબલામાં પણ ઊતરતી કક્ષાની આ ટિકિટ દીવાસળીની પેટીના લેબલ જેવી છે એમ સખેદ નોંધવું પડે છે. રંગનું કે આલેખનનું એમાં કોઈ પણ પ્રકારનું પ્રમાણભાન જળવાયું લાગતું નથી. સ્વ. કૅનેડીની સવત્સરીની અમેરિકાની ટિકિટ અહીં યાદ આવી જઈ આપણા આ કાર્ય માટે રંજ પેદા કરે છે. નીચે આપણી એ ટિકિટ ને તે દિનની રદ્દીકરણની છાપ આપી છે.





મેની ૧૩મી તારીખે અમેરિકાએ એક ખાસ ટપાલટિકિટ બહાર પાડી બ્રિટનના વિખ્યાત સર વિન્સ્ટન ચર્ચિલને માન આપ્યું છે. બ્રિટને પણ સર વિન્સ્ટનને પોતાની ટપાલટિકિટ પર નવાજ્યા છે. મેની ૨૪મી તારીખે કૉમનવેલ્થદિન નિમિત્તે બહાર પાડેલી ટિકિટ પર રાણીની છબિ સાથે એમની પણ છબિ મૂકીને એમને એ માન આપ્યું છે. આ રીતે બ્રિટને રાજવી સાથે અન્ય વ્યક્તિની છબિ નહિ મૂકવાની પ્રણાલિ ફરી એકવાર તોડી છે. જમણી બાજુ ઉપર અમેરિકાની ને નીચે બ્રિટનની એ ટિકિટો આપી છે. જમણી તરફની નીચેની છેલ્લી ટિકિટ અમેરિકાની છે. ઇંગ્લંડના ઉમરાવોએ રનિમીડના મેદાનમાં એમના મનસ્વી રાજા જ્હૉનને જે દસ્તાવેજ પર મહોર પાડી આપવાની ફરજ પાડી ને રાજા પરના પ્રજાના અધિકારની સ્વીકૃતિ કરાવી હતી એ મૅગ્નાકાર્ટને આ જૂનની ૧૫મીએ ૭૫૦ વર્ષ થાય છે એ નિમિત્તે એ બહાર પડી છે. એના ઉપરના અર્ધભાગમાં સોનેરી ભોંય પર પતાકા લઈ જતા ઉમરાવોના કાળાં આલેખનની નીચે તેજ જાંબલી ભોંય પર કાળા રંગમાં શાહી તાજને મૂકીને રાજઅમલ પર કાનુનનું વર્ચસ્વ હોવાનું દર્શાવ્યું છે. નીચે મૅગ્નાકાર્ટના દસ્તાવેજની સાલ ૧૨૧૫નો ઉલ્લેખ પણ છે. (મૅગ્નાકાર્ટ વિષે હવે પછી)

ટિકિટ પરની સર વિન્સ્ટનની છબિ ઓટાવાના પ્રખ્યાત ફોટોગ્રાફર કાર્શે લીધેલા ફોટોગ્રાફ પરથી લેવામાં આવી છે. ચરૂટ વિનાના ચર્ચિલની એ અત્યંત લાક્ષણિક છબિ છે.








શતરંજ

શતરંજનો કોયડો

સુરેશ મોદી

A. A. Troinzky



White to play and win

સ્થિતિ: 8/7N/1K2pp2/3P4/16/2r5/5K1R.

કોયડો: સફેદે રમવાનું અને જીતવાનું.

આ કોયડામાં સફેદ પાસે કાળાના એક પ્યાદાના બદલામાં એક ઘોડો વધારે છે. પણ ઉકેલમાં શરૂઆતની થોડી જ ચાલમાં સફેદે પોતાના હાથીનો ભોગ આપવો પડે છે. અને પછી સફેદ રાજા અને કાળા હાથીનું દ્વંદ્વ ચાલે છે. એ દ્વંદ્વમાં સફેદ રાજા જે રીતે સફળ થાય છે તે રાજાની ખરી શક્તિનો ખયાલ આપે છે.

(ઉકેલ નીચે અવળો છાપ્યો છે.)


ઇંડિયન થીમ

કોલકાથી શ્રી સુરેશ ભટ્ટે 'સોવિયેત લૅન્ડ' માંથી એક કાપલી મોકલી છે. એમાં એક ભારતીય કોયડાનો ઉલ્લેખ છે. શતરંજના શૉખીન અન્ય વાચકોને પણ એમાં રસ પડશે એમ ધારી એ કોયડાની સમજણ તથા એ વિષેની બીજી માહિતી આ સાથે આપી છે.

૧૮૪૫માં પ્રસિદ્ધ થએલો આ કોયડો આજના ધોરણે અઘરો ન ગણાય તેમ જ બહુ સારો પણ ન ગણાય. તેનો મધ્યવર્તી વિચાર 'ઇંડિયન થીમ' છે. આ મધ્યવર્તી વિચાર ત્રણ ચાલના કોયડામાં દર્શાવી શકાય છે. એટલે તેને દર્શાવવા ચાર ચાલ લીધી છે તે એક ખામી પણ ગણી શકાય. વળી, 1 ..., P-N3 ચાલ પછી સફેદ 2 P-N4 રમે તો પણ કોયડો ઉકેલી શકાય છે. તે પછી 2..., P-N4; 3 R Q2, K-B5; 4 R-Q4 mate થાય. આને Dual કહેવાય. તે પણ એક ખામી છે.

આમ છતાં આ કોયડો આટલો લોકપ્રિય કેમ થયો અને તે વખતમાં આ કોયડો એટલો અઘરો કેમ ગણાયો એનાં ત્રણ કારણ છે: (૧) તે વખતે કોયડાઓનું ધોરણ નીચું હતું; (૨) મધ્યવર્તી વિચારથી અપરિચિત હોય તેમને આવા કોયડા હમેશાં અઘરા લાગે છે એ સ્વાભાવિક છે; અને (૩) આ મધ્યવર્તી વિચાર તદ્દન નવો હતો અને એ પ્રકારનો આ પહેલો જ કોયડો હતો.

આ રીતે આ કોયડો ખામીવાળો હોવા છતાં તેણે નવો ને આકર્ષક મધ્યવર્તી વિચાર આપીને શતરંજના કોયડાઓમાં એક નવો ચીલો પાડ્યો હતો. અને તેથી તે શતરંજના સૌથી પ્રખ્યાત કોયડાઓમાંનો એક ગણાયો છે.



(કોયડો: ચાર ચાલમાં મહાત કરો.)

ઉકેલ: 1B-QB1! P–N3; 2R–Q2, P-N4; 3 P-N4, K-B5; 4R-Q4 mate

આ કોયડાના રચયિતા એક અંગ્રેજ પાદરી હતા. થોડા વખત માટે તેઓ ભારત આવેલા. તેમનું નામ હતું H. A. Loveday: તેમણે 'શાગિર્દ' ઉપનામથી ભારતથી કોયડો પ્રસિદ્ધ થવા મોકલ્યો હોવાથી તે કોયડો 'ભારતીય કોયડા' તરીકે અને તેનો મધ્યવર્તી વિચાર 'ઇંડિયન થીમ' તરીકે જાણીતા થયા.

એ કોયડામાં કાળું પ્યાદું QN2 ઉપર છે તેને QN5 પર મૂકીએ તો કોયડો ત્રણ ચાલમાં ઉકેલી શકાય અને ઉપર જણાવેલી બન્ને ખામી પણ દૂર કરી શકાય.(આનો ઉકેલ: 1 B-QB1,P-N6;2 R Q2, K-B5;3 R-Q4).

શતરંજના કોયડાનો ઉકેલ

ઉકેલ: 1 P×P, R–B8ch;

અહીં કાળો 1 ... R,–B1થી સફેદ પ્યાદાને વજીર થતાં અટકાવી શકે તેમ નથી કારણ કે 1...,R–B1 પછી 2 N×Pની ચાલ જીતવા માટે બસ છે.

2 K–B2!

અહીં 2 K–N2? R×R; 3 K×R, K–B3, પછી સફેદનું પ્યાદું પડે છે અને તેથી રમત ડ્રૉ થાય.

2..., R×R; 3 P–K7, અને હવે રાજા હાથીનું દ્વંદ્વ શરૂ થાય છે. 3..., R–R7ch; 4 K–B3, R–R6ch; 5 K–B4, R–R5-ch; 6K–B5, R–R4ch; 7 K×P, R–R3ch.

કાળાના BPને મારવાની આવશ્યકતા હતી તે આગળ ઉપર સમજાશે. હવે રાજાને Q6 ઉપર જવું છે, પણ તે K2 ઉપર થઇને જ જઈ શકે તેમ છે. B6– K5–Q6થી ન જઈ શકાય કારણ કે જેવો સફેદ રાજા K5 (કે પછી K4, K3) ઉપર જાય કે તુરત કાળો હાથી R8 ઉપર જઇને પછી K8 ઉપર ચાલે અને કાં તો પ્યાદું કે પછી નવો જન્મેલ વજીર મરી જાય. 8 K–B5, R-R4ch; 9 K–B4, R-R5ch; 10 K-B3, R-R6ch; 11 K-K2, R-R7ch; 12 K-Q3, R-R6ch; 13 K-Q4, R-R5ch; 14 K-Q5, R-R4ch; 15 K-Q6.

જો કાળાનું BP હજી ત્યાં જ હોત તો હવે કાળો R–K4 રમીને રમત ડ્રૉમાં લઇ જઇ શકત. 15..., R-R3ch; 16 N-B6!

અહીં 16 K-Q7 ન રમી શકાય કારણ કે 16..., R×N પછી સફેદ જીતી શકે નહિ.

16..., R×Nch;

અહીં કાળો 16..., R–R1; રમે તો 17 N–Q7ch, પછી 18 N–B8 અને એ પ્યાદું વજીર થાય જ. 17 K-Q5! આ સિવાય બીજી કોઈ ચાલ ચાલી શકાય નહિ. કારણ કે 17...; K-Q7? પછી 18 R–B2! અથવા 17..., K-K5? પછી 18 R-B8 અને 19 R-K8થી કાળો ડ્રૉ મેળવી શકે તેમ છે.

17..., R-B4ch; 18 K-Q4, R-B5ch; 19 K-Q3, R-B6ch; 20 K-K2 અને હવે કાળું પ્યાદું નક્કી વજીર થશે અને રાજા તથા હાથી વિરુદ્ધ રાજા અને વજીર જીતે છે માટે સફેદની જીત નક્કી છે.

આ કોયડામાં સફેદ રાજા કાળા હાથીને રાજાની પંક્તિ ઉપર આવતાં જે રીતે અટકાવે છે તે રીત ખાસ શીખવા જેવી છે.

હીરાલાલ ત્રિ. પારેખ (અનુ. પૃષ્ઠ ૨૧૦થી) પ્રબળ બનતો જ ગયો. પછી તો દર શુક્રવારે તે અમદાવાદમાં ભરાતી ગુજરીમાં જઈ કંઈકંઈ જૂની હસ્તપ્રતો ખરીદી લાવતા. કોઈક વાર નરસિંહ મહેતાની 'હારમાળા' શોધી લાવે તો કોઇ વાર કોઇ પ્રાચીન કવિનાં પદનું પુસ્તક પ્રાપ્ત કરી આવે. કોઈ વાર 'બાળપોથી' જેવું ગુજરાતી-દેવનાગરી ભેદ બતાવતું પુસ્તક પણ ઉપાડી લાવે. એમની રોજનીશીમાં આ વિષેની નોંધો મળે છે. એક નોંધમાં લખ્યું છે: 'શુક્રવારમાંથી નરસિંહ મહેતાના પુત્રવિવાહ, હારમાળા વગેરે હસ્તલિખિત પુસ્તકો રૂ. ૧ આપી ખરીદ કર્યાં.' ડૉ. ભોગીલાલ સાંડેસરાએ તેમને યોગ્ય રીતે જ 'ધૂળધોયાનો ધંધો કરનાર' તરીકે બિરદાવ્યા છે. તેમનો ઘેલછાની હદે પહોંચેલો હસ્તપ્રતો એકત્ર કરવાનો આ શૉખ જોઇને તેમના મિત્રો ડૉ. હરિપ્રસાદ દેસાઈ, દાદાસાહેબ માવળંકર વગેરે મજાકમાં કહેતા કે 'તમને લાકડાંથી નહિ પણ હસ્તપ્રતોથી બાળવાના છીએ!'


ઈ. ૧૯૦૭માં તેમણે સર ગ્રાન્ડ લી. જૅકબ યુનિવર્સિટી નિબંધ-સ્પર્ધામાં ભાગ લઈ 'The Influence of English Education upon the methods of History and criticism in India' નામનો નિબંધ લખી મોકલ્યો હતો. તેમાં આરંભે લખેલા Written by—'Faith in God Ever Hopeful' એ શબ્દો તેમની જીવનભાવનાના દ્યોતક છે. એ સ્પર્ધાનું જૅકબ ઈનામ પ્રાપ્ત કર્યાં પછી તેમણે ઈ. ૧૯૧૦માં 'પંડિત ભગવાનલાલ ઇન્દ્રજી નિબંધ-સ્પર્ધા'માં' History of the Kshratrapa Princes of Kathiawar and Ujjayani and of Maharashtra, and their relation with the Satavahans' પર લખીને સો રૂપિયાનાં પુસ્તકોનું ઈનામ મેળવ્યું હતું. ઈ. ૧૯૧૩માં તેમણે 'History of Gurjaras' નામનો નિબંધ પણ લખ્યો હતો. એ ઉપરાંત કેળવણી તેમજ સામાજિક પ્રશ્નો વિષે પણ ઘણા લેખો લખ્યા હતા. ઇતિહાસ વિષેનાં તેમના અવતરણોની નોંધો તો હજુ સદ્ભાગ્યે મોજૂદ છે, તે તેમના આ વિષયના વિશાળ વાચન અને ઉત્કટ રસની સાક્ષી પૂરે છે. રાજકોટની ત્રીજી સાહિત્ય પરિષદમાં તેમણે 'The Numismatic evidence in the History of Gujarat' એ નિબંધ મોકલ્યો હતો અને તેમનું ઇતિહાસ-જ્ઞાન જોઈને પરિષદમાં તેમને મિસ મેબલ ડફ કૃત 'Indian Chronology'નો અનુવાદ કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

ગ્રૅડ્યુએટ થયા તે દરમ્યાન ઈતિહાસની સાથે સાહિત્યનો રસ પણ વૃદ્ધિ પામતો ગયો, એટલે તેમણે એમ. એ. માટે 'ગુજરાતી' વિષય રાખ્યો. એ વિષયના પોતાના બહોળા વાચનને લીધે જ તેમણે આ હિંમત કરી હતી, અને એ વિષયમાં તે સફળ પણ નીવડ્યા, પરંતુ સરવાળે છ માર્ક ખૂટવાથી એમ. એ.ની ઉપાધિ મળી શકી નહિ.

કૅાલેજની વિદ્યાપ્રવૃત્તિ દરમ્યાન સદ્ભાગ્યે તેમને આચાર્ય આનંદશંકર ધ્રુવ, ડાહ્યાભાઈ દેરાસરી, કેશવ હર્ષદ ધ્રુવ વગેરે સાક્ષરોના સંપર્કમાં આવવાનો લહાવો મળેલો. આચાર્યઆનંદશંકરને એમની અભ્યાસનિષ્ઠા વિષે આદર હતો. તેમણે મારા પિતાશ્રીને '......his love of antiquities in general and his been interest in numismatics in particular' માટે પ્રમાણપત્ર પણ આપ્યું હતું. આચાર્ય ધ્રુવે તેમને અંજલિ આપતાં નોંધ્યું છે: 'ગુજરાતી સાહિત્ય અને ઇતિહાસના પ્રેમે એમને ગૂ. વ્હ. સોસાઇટી તરફ દોર્યા. એ સંસ્થાના આસિ. સેક્રેટરી તરીકે એમણે એ સંસ્થાની અનેકવિધ સેવા કરી; એટલું જ નહિ પણ એને એક જીવન્ત સંસ્થા બનાવી તથા એનો પ્રભાવ ગુજરાતમાં વિસ્તાર્યો આ સંસ્થાનું પ્રમુખપદ મ્હેં સ્વીકાર્યું તે



ઈ. ૧૯૦૬માં કૉલેજકાળમાં 'લિટરરી ક્લબ'માં: ઊભેલા (ડાબેથી): ૧. ઇચ્છાશંકર હ. ત્રિપાઠી, ૩. ભાલચંદ્ર કૃ. ઝંબેકર, ૫. નટવરલાલ હ. દેસાઈ (વકીલ), ૬. ગણેશ વા. માવળંકર; ખુરશીમાં: ડાબેથી: ૧. રામશંકર હ. ત્રિપાઠી, ૨. હીરાલાલ ત્રિ. પારેખ, ૩. ડાહ્યાલાલ પી. દેરાસરી, ૪. પ્રો. પી. એ. વાડિયા, ૫. જાલમભાઈ દેરાસરી, ૭. હરિપ્રસાદ પી. મહેતા; જમીન પર બેઠેલા ડાબે: મંગળદાસ સી. દોલતજાદા (મુનસફ)



કારકિર્દીને મધ્યાહ્ને

એમની મદદથી હું એ સંસ્થાની સેવા કરી શકીશ એવી આશાએ જ.'

કેશવલાલ હ. ધ્રુવ પણ તેમના પ્રત્યે ભારે સદ્‌ભાવ રાખતા. તેમની સંશોધકવૃત્તિને ખીલવનારા ને તેમનું ઘડતર કરનારા તે એક અગ્રણી સાક્ષર હતા. તેમને મારા પિતા 'કાકા' કહેતા ને તેમનો ખૂબ આદર કરતા.

શ્રી ડાહ્યાભાઈ દેરાસરીને ત્યાં તો પિતાશ્રી ખૂબ ખીલતા. તેમની ઑફિસે કે ઘેર વારંવાર ડેરા નાખતા. એમની કિશોરાવસ્થામાં ત્યાં એમને સારો વિસામો મળી ગયો હતો. શ્રી દેરાસરી વિદ્યા અને વયમાં પ્રૌઢ અને મારા પિતાશ્રી તો સાવ મુગ્ધાવસ્થામાં, છતાં ડાહ્યાભાઈને તેમની વિદ્યાપ્રતિભા, તેમનો સરળ નિખાલસ સ્વભાવ, તેમની કાલીકાલી વાણી, તેમનું સુરતીપણું એ બધાં લક્ષણો અનુકૂળ આવી ગયાં. ડાહ્યાભાઈમાં નાના સાથે નાના થઇને ખીલવાની કળા તો હતી જ, એટલે વયના કશા બાધ વિના આ મૈત્રી જામી. શ્રી દેરાસરી મારા પિતાશ્રી તથા તેમના મિત્રો સાથે ઉજાણીઓ તેમજ ઉતરાણ વગેરે ઉત્સવોની મોજ માણતા અને સાથેસાથે તરુણોનાં હૈયાંમાં ઊછળી રહેલી ભાવનાઓને પોરસ ચડાવતા. શ્રી ડાહ્યાભાઈના ચિરંજીવી નાનુભાઈ દેરાસરી તેમજ જાલમભાઈ, ચિનુભાઈ વગેરે સાથે તેમની ફરસાણની મેહફિલ હમેશની હતી. એક 'સુરતી-ભરૂચી મંડળ'માં આ બધી જ્યાફતો થતી અને ત્યાં જ સમાજસેવાની તેમની ભાવનાઓ વિકાસ પામતી. એ વડીલ સાથે મારા પિતાશ્રી ગુજરાત વર્નાક્યુલર સોસાએટીની 'બુદ્ધિપ્રકાશ'ના સંચાલનની, સાહિત્ય તેમજ શિક્ષણ-સંસ્થાઓની અને બીજી અનેક વિદ્યાપ્રવૃત્તિની મોકળે મને ચર્ચા કરતા. એમનું તરુણ ભાવનાશાળી હૃદય આ સ્નેહાળ સૌજન્યશીલ વડીલ સમક્ષ નિઃસંકોચ ઊઘડી જતું. શ્રી દેરાસરીને તે 'બાપુભાઈ'ના એમના ઘરુકા નામથી જ બોલાવતા. કેશવલાલ તથા ડાહ્યાભાઇ એ બંને સાક્ષરોનો હૂંફાળો સહવાસ મારા પિતાશ્રીને ખૂબ પ્રેરક અને માર્ગદર્શક નીવડ્યો. મારા પિતાશ્રીની છેલ્લી માંદગી ચાલતી હતી તે વખતે જ એક એક દિવસને અંતરે આ બંને વડીલો વિશ્વની વિદાય લઈ ગયા. એથી મારા પિતાશ્રીનો જીવનમાંથી રસ ઊડી ગયો અને એ બોલી ઊઠયા: 'હવે આ બે મુરબ્બીઓની સેવા કરવા જવું છે.' અને એમની એ ભાવના સત્ય ઠરી!

કૉલેજની કારકિર્દી પૂરી કર્યા પછી પિતાશ્રીની ઇચ્છા પુસ્તકવિક્રેતા અને પ્રકાશક થવાની હતી, એમ એ અંગે છપાવેલા નોટપેપર પરથી જણાય છે. ઇ. ૧૯૦૯ સુધી તેમના ચિત્તમાં ઘુમરાયા કરતી આ યોજના તેમની વિદ્યા તથા સાહિત્યની અભિરુચિ સાથે સુસંગત હતી પરંતુ કંઈક કારણોસર તે અમલમાં મૂકી શકાઈ લાગતી નથી. બી.એ. થયા પછી તેમની સમક્ષ કુટુંબનિર્વાહનો પ્રશ્ન વાટ જોતો ઊભો જ હતો. એવામાં સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજમાં કંઇક જગ્યા ખાલી પડી તે માટે અરજી કરતાં તેમને પસંદ કરવામાં આવ્યા. આ નોકરી ભવિષ્ય માટે ઊજળી કહી શકાય તેવી હતી. કોઈ સરકારી શાળામાં તે હેડમાસ્તર થઈ ચારસો-પાંચસોની આમદાની મેળવી શકે તેવી સંભાવના આ નોકરીમાં હતી અને આર્થિક દૃષ્ટિએ વર્તમાનમાં પણ તેમને માટે એ ખોટી નહોતી. પરંતુ એમનું ભાગ્ય ત્યાં નિર્માણ થએલું નહિ એટલે એ વધુ સમય ત્યાં રહ્યા નહિ.

ઈ. સ. ૧૯૧૦માં ગુજરાત વર્નાક્યુલર સોસાએટીમાં સહાયક મંત્રીની જગ્યા ખાલી પડી અને તેની ઉમેદવારીમાં તે સફળ નીવડ્યા. એમની રુચિ અને સ્વભાવને અનુકૂળ મળેલી આ જગ્યા તે એમનું એક બીજું સદ્‌ભાગ્ય ગણાય. તેમના હૃદયમાં ઊછળતાં સ્વપ્નોને સાકાર કરવાની તક આપતી જગ્યા હવે તેમને મળી. પરંતુ આરંભનો થોડો સમય તેમણે અભ્યાસ અને અવલોકનમાં જ ગાળ્યો.

સોસાએટીના કાર્યમાં તેમજ એમના જીવનઘડતરમાં સોસાએટીના તે વખતના પ્રમુખ શ્રી લાલશંકર ઉમિયાશંકરની તેમને પાકી તાલીમ મળી. એમનો ઉલ્લેખ જ્યારે પણ થાય ત્યારે તે ઉપકારવૃત્તિથી કહેતા: 'એ ખિજાઈ જાય ત્યારે આપણા ઉપર બધું ફેંકી દે, ને તૈયાર કરીને લઈ જઇએ એટલે ખોડા કાઢે; પણ એ બધું શીખવવાની વૃત્તિથી જ. મને એમણે ખૂબ ઘડ્યો છે.' એ લાલશંકરભાઈનું તો જીવનચરિત્ર લખ-

વાની તેમની ઉમેદ હતી, પણ એ બર ન આવી; પરંતુ ઈ. સ. ૧૯૧૮-માં તેમની જયંતી વખતે વ્યાખ્યાનમાં એમના પ્રગતિશીલ માનસને તેમજ એમની કાર્યનિષ્ઠાને ભાવભીની અંજલિ આપી હતી.

લાલશંકરભાઈની જેમ દી. બ. અંબાલાલ સાકરલાલે પણ તેમને કાર્યદિશા સુઝાડવામાં ઠીક ઠીક સહાય કરી અને રૂડી પેરે કાર્યપદ્ધતિની કેળવણી આપી. અંબાલાલભાઇએ ત્યારે 'ગુજરાત કેળવણી મંડળ' નામની સંસ્થા કાઢી હતી. ગુજરાત વર્નાક્યુલર સોસાએટીની ઑફિસે તેઓ રોજ સાંજે બેસતા. તેમની સાથે ચર્ચા કરનારાઓમાં મુખ્યત્વે બે જુવાનો જ હતા: દાદાસાહેબ માવળંકર અને મારા પિતા. બંને મુક્ત મને આ વડીલ પાસે શિક્ષણસંસ્થાઓ, વિદ્યાપ્રસાર, સાહિત્યસર્જન વગેરેની ચર્ચાઓ કરતા, પ્રાચીન ઇતિહાસના સંશોધનની પણ ખૂબ વાતો કરતા અને તેમનું મમતા ભર્યું માર્ગદર્શન પામતા.

પરંતુ પિતાશ્રી ઉપર સૌથી વિશેષ ઋણ તો રા. બ. રમણભાઈ નીલકંઠનું. સોસાએટીની નોકરીના આરંભકાળથી જ તેમની પ્રીતિ ને વિશ્વાસ એમને મળ્યાં રમણભાઇની ઝીણવટ, એમની કાર્ય કરવાની પદ્ધતિ, એમનું સૌજન્ય, સાથીઓ પ્રત્યે વિશ્વાસ રાખી તેમના સહકારથી કામ કરવાની ભાવના—આ બધાં દ્વારા તે સોસાએટીના કાર્ય માટે સારી પેઠે સજ્જ થયા. એમના અવસાન પછી શ્રી વિદ્યાબહેન નીલકંઠે પણ એવી જ મમતા અને શ્રદ્ધા મારા પિતા પ્રત્યે જાળવી રાખી અને મારા પિતાએ આજીવન વિદ્યાબહેનની દોરવણી નીચે પૂરા સંતોષ અને સંનિષ્ઠાથી સોસાએટીની સેવા કરી. સોસાએટીની સેવા અને તેના કલ્યાણના જ વિચારો કરતાંકરતાં જ્યારે મારા પિતાનો દેહ પડ્યો ત્યારે શ્રી વિદ્યાબહેન અમારે ઘેર ખાસ દિલાસો દેવા આવ્યાં હતાં. તેમની આંખો આંસુથી ઉભરાઈ ગઈ અને રુંધાએલા સ્વરે એ બોલ્યાં: 'મારા તો હાથપગ કપાઈ ગયા છે!'

સોસાએટીમાં સહાયક મંત્રી તરીકે નિમાયા પછી ગુજરાતી સાહિત્યનો વિકાસ, કેળવણીનો પ્રસાર, સર્વસંગ્રહ, જ્ઞાનકોશ, શબ્દકોશ તેમના ચિત્તમાં ઘણા સમયથી પડેલી યોજનાઓ સળવળાટ કરવા માંડી. 'બુદ્ધિપ્રકાશ'ને પોતે કલ્પેલું નવું સ્વરૂપ આપવાના પણ ઉપાય હાથ ધરવા માંડયા, છતાં સોસાએટીના બંધારણની મર્યાદામાં રહીને તેમજ સૌ સભ્યોને સંતોષ થાય એ રીતે તેમને પોતાની યોજનાઓ પાર પાડવાની હતી; રૂઢિચુસ્ત અને પ્રગતિશીલ બંને પ્રકારનાં માનસને અનુકૂળ રહીને કામ કાઢવાનું હતું. અને તે આસાન નહોતું. વચમાં થોડોક સમય તેમની કારકિર્દીમાં એવો પણ આવી ગયો કે તે અકળાઈ ઊઠયા. કેટલાક સભ્યો તેમનાં કાર્યોની ટીકા જ કરવામાં પ્રવૃત્ત રહ્યા; તેમના પ્રત્યે અવિશ્વાસનું વલણ ઊભું થવા માંડયું; તેમનું સ્વમાન હણાયું. તરત જ રાજીનામું ધરી દેવા તે તૈયાર થઈ ગયા. પરંતુ મિત્રોએ મહામુસીબતે વાર્યા. સદ્ભાગ્યે એ વાદળાં થોડા સમયમાં જ વિખરાઈ ગયાં અને તેમનો કાર્યમાર્ગ ફરી સરળ બની રહ્યો.

સોસાએટીના પ્રમુખ તથા સભ્યોનો વિશ્વાસ હોવા છતાં વારંવાર સભ્યોની ચિત્રવિચિત્ર સૂચનાઓ કાર્યમાં અવરોધ ઊભા કરનારી નીવડતી હતી. પરિણામે તેમને ઘણી વાર પોતાના કાર્યમાં પાછા પડવું પડતું. એક પ્રસંગે તેમણે આ સંદર્ભમાં નોંધ કરી છે: 'કેટલીક વાર કેટલાંક કામો નાહક ચુંથાઈ જાય છે. હરેક સભાસદ ચાલુ ધોરણ ધ્યાનમાં રાખ્યા સિવાય ગમે તેમ સૂચનાઓ કરે છે. એથી કામ સુધરતું નથી, આગળ વધતું નથી અને કેટલીક વાર ટીકાપાત્ર થાય છે.' કોઈ વાર અંગત વિચાર પણ અંદર આવી જાય છે અને પછી એનો ઉપાય પણ પોતે જ વિચારીને નોંધે છે: 'સારી વાત તો એ છે કે હવેથી મારે જ આગળપડતો ભાગ લેવો અને તેનું ધોરણ ઘડવામાં, અમલમાં મૂકવામાં પૂરતો હિસ્સો આપવો. તટસ્થતાની નીતિ હવે કામમાં નહિ આવે.' અને એમ વિચારીને પોતાનાં કાર્યોની રૂપરેખા આંકી છે: '૧) કૅટલૉગ તૈયાર કરાવવું, છપાવવું; ૨) હસ્તલિખિત પુસ્તકોની યાદી; ૩) લાયબ્રેરી માટે માસિકો પુસ્તકો વગેરેનો લાભ લેખક મંડળ સ્થાપી તેમને અપાવવો; ૪) વાર્ષિક ભાષણ; ૫) પ્રાચીન કાવ્યગ્રંથોનું સંશોધન; ૬) બુ. પ્ર. ને વજનદાર અને ઊંચા પ્રકારના લેવલ પર જાન્યુઆરીથી મૂકવું; તે પર ખાસ ધ્યાન આપવું: સાહિત્યવિભાગને મહત્ત્વ આપવું, લેખોની પસંદગી સારી, અને વિચારવા યોગ્ય લેખોની નોંધ અને પુસ્તક સમાલોચના કરવી.'

વિવિધ પ્રકારની સાંસ્કારિક પ્રવૃત્તિઓ દ્વારા ગુજરાતની અસ્મિતા ખીલવવી એ તેમનો પ્રધાન જીવનઉદ્દેશ હતો. પરદેશમાં પ્રગટ થતા અનેકવિધ સાહિત્યપ્રકારો પર તેમજ કેળવણી, વિજ્ઞાન, ધર્મ, રમત (સ્પોર્ટ્સ), કળા, સાહિત્ય, વિવેચન વગેરે વિષયનાં સામયિકો પર તેમનું સતત લક્ષ રહેતું. એવાં સામયિકો ગુજરાતી ભાષામાં પણ પ્રગટ થાય તે જોવાની તેમની અભિલાષા હતી. એટલે ગુજરાતમાં ક્યાંક પણ કોઈક સાહિત્યકારમાં તેમને ચમકારો જણાય, કળા કે સાહિત્યનો પ્રયોગ કરતું એકાદ સામયિક પણ તેમની નજરે ચડે તો તેમના ઉમળકાનો પાર ન રહેતો. નવોદિત સાહિત્યકારોને કે સામયિકોને પ્રોત્સાહન આપી પ્રકાશમાં આણવા તે હમેશાં તત્પર રહેતા. પોતે ભલે સાહિત્યસર્જન નથી કર્યું, પરંતુ કેટલાય સર્જકોને જાહેરમાં લાવી આંગળી ચીંધ્યાનું પુણ્ય તેમણે અવશ્ય કર્યું છે અને શ્રી હસમુખલાલ કાજીએ નોંધ્યું છે તેમ 'ગુજરાતી સાહિત્યના અમુક કાર્યક્ષેત્રમાં pioneer તરીકે તે અમર રહેશે.' ગિજુભાઈ બધેકા શાંતિથી એક ખૂણે બાળકેળવણી દ્વારા ભાવિપ્રજાના ઘડતરની મૂગી પ્રવૃત્તિ કરતા હોય કે સૌરાષ્ટ્રનાં ગામડાંમાં ઘૂમીને ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય માટે ભેખ ધરીને ફરતા હોય,—પિતાશ્રીની સતત નજર તેવી પ્રવૃત્તિ પર મંડાએલી જ હોય, એમનો આત્મા એથી પ્રસન્નતા અનુભવતો જ હોય. આવા મૂગા સેવકોને કોઈ પણ પ્રકારની મદદ આપવા તે બધું કરી છૂટતા. તેમને આ બધી પ્રવૃત્તિ પોતાની લાગતી. પોતે રહી ગયા અને બીજા જશ ખાટી ગયા એવી સંકુચિતતા તેમનામાં નહોતી. સંસ્કારસેવકોમાં કે સાહિત્યકારોમાં રહેલું ઝવેરાત પારખવાની તેમની શક્તિ અદ્ભુત હતી. આ શક્તિને અંજલિ આપતાં શ્રી મેઘાણીએ નોંધ્યું છે: 'આંખોની પણ ઓળખાણ વગરના એક યુવાનને કાઠિયાવાડમાંથી એણે કરેલા કામ બદ્દલ ચંદ્રકને માટે શોધી કાઢનાર શ્રી પારેખ ગુજરાતી હતા, એ વિચાર આજે પણ મને વિસ્મય પમાડે છે.' શ્રી મેઘાણીની આ વાત તદ્દન સાચી છે. પિતાશ્રીની દૃષ્ટિ સદા ગુણગ્રાહી, એટલે વાડાબંધીમાં સપડાયા વિના ગમે ત્યાંથી તે રત્નો ખોળી લાવતા અને તેનો પ્રકાશ ગુજરાતમાં પ્રસરે તેવી સદૈવ કોશિશ કરતા.

કોઈક નવોદિત લેખક પોતાની કોઈ રચના 'બુદ્ધિપ્રકાશ' માટે લઇને તેમની પાસે જાય કે કોઈ પુસ્તકની સમાલોચના કોઈક ઊગતો વિવેચક તેમના અભિપ્રાય માટે લાવે તો તેમના ઉમંગનો પાર ન રહેતો. કંઈક પણ દૈવત જોતાં જ તેમની ડોક આનંદથી ડોલી ઊઠતી. શ્રી યશવંત શુક્લે એક એવું સ્મરણ આ લખનારને કહ્યું હતું: એ એમની આરંભની કારકિર્દીમાં કોઈક પુસ્તકનું વિવેચન લઈને પિતાશ્રી પાસે અભિપ્રાય માટે ગયા. એ વિવેચન વાંચતા જ તેમની પ્રસન્નતાનો પાર ન રહ્યો–અને એવા બીજા લેખો લખવાનું તેમણે ખૂબ પ્રોત્સાહન આપ્યું. 'બુદ્ધિપ્રકાશ'માં નવા તથા પીઢ લેખકોનો સહકાર સાંપડે તે માટે તેમણે પુરસ્કારની પ્રથા દાખલ કરી અને કેટલા ય પ્રતિભા-

શાળી લેખકોની પ્રસાદી તેમણે ગુજરાત સમક્ષ રજૂ કરી.

ગુજરાતી પ્રજામાં વાચનનો શોખ કેળવાય તે માટે તે હમેશાં ઉત્સુક રહેતા અને એ હેતુથી પુસ્તકોનો પ્રજામાં બહોળો પ્રસાર કેમ થાય તેની યોજનાઓ ઘડતાં તે કદી થાકતા નહિ. પુસ્તકાલયો ઊભાં કરવા અને તે સમૃદ્ધ કરી પ્રજાને તેનો અમૂલ્ય લાભ આપવો એ તેમનું ધ્યેય હતું. ગુજરાત પુસ્તકાલય પરિષદ યોજવાના પ્રયાસો પાછળ પણ તેમની આ જ દૃષ્ટિ હતી. આ અંગે ચરોતરના એવા જ ભેખધારી શ્રી મોતીભાઈ અમીન સાથે તે કૈં કૈં યોજનાઓ ચલાવ્યા કરતા અને એ મનોરથો સિદ્ધ કરવા માટે બંને હમેશાં કટિબદ્ધ રહેતા.

વિદ્યાદાન એ મારા પિતાની દૃષ્ટિએ ઉત્તમ પ્રકારનું દાન હતું. તેમણે અનેક ગરીબ વિદ્યાર્થીઓને ટ્રસ્ટમાંથી, ન્યાતમાંથી કે બીજી સંસ્થાઓમાંથી તેમજ પોતાના તરફથી શિષ્યવૃત્તિઓ આપીને વારંવાર સહાય કરી હતી. કોઈ ગરીબ કે શ્રમજીવીને પુસ્તકવાચનમાં જરાક રસ લેતો જુએ કે તરત તેને વિનામૂલ્યે પુસ્તક વાંચવાની જોગવાઈ તે કરી આપતા. શ્રી બચુભાઈ રાવતે એમના આ સ્વભાવને યોગ્ય રીતે પ્રગટ કરતો એક પ્રસંગ નોંધ્યો છે. આજથી પચાસેક વર્ષ પર બચુભાઈના અમદાવાદના એક સંબંધી ને મિત્ર આર્થિક તંગીને લીધે ત્રણ રૂપિયાના પગાર માટે રેલવે સ્ટેશનમાં બુક સ્ટૉલ પર ચૌદ કલાક નોકરી કરતા. તેને વાંચવાનો ભારે શોખ. તેની આશ્ચર્યજનક વાચન પ્રવૃત્તિ જોઈ સહજ તપાસ કરી કે તરત કૃતજ્ઞતાથી એ ભાઈ બોલી ઊઠયા: 'અહીં વર્નાક્યુલર સોસાએટીના સેક્રેટરી એક હીરાલાલભાઈ કરીને નિયમિત આવે છે. તેમણે મને કુરસદને વખતે વાંચ્યા કરતો જોઈ પોતાની સોસાએટીની લાયબ્રેરીમાંથી તેમજ ઘેરથી જે જોઈએ તે વાંચવા લઈ જવાની છૂટ આપી છે. એમણે તો મને અંગ્રેજી ભણવાની મરજી હોય તો પોતાના તરફથી મદદ કરવાનું પણ કહ્યું છે.'


મને બરાબર સ્મરણ છે કે અમારે ત્યાં ઘાશીરામનીપોળમાં માધુ નામનો નોકર હતો. એને પણ વાંચવાનો ભારે શોખ. વાર્તાની ચોપડી દેખે કે કામ રહે પડયું ને ચોપડીમાં પરોવાઈ જાય. અને એમાં એવો મગ્ન થઈ જાય કે પછી કશું ભાન ન રહે. આથી ઘરનાં બધાં માણસોનો તેને ખૂબ ઠપકો સાંભળવો પડતો. પણ મારા પિતા કદી તેને આ પ્રવૃત્તિમાંથી રોકતા નહિ કે એક હરફ પણ ઠપકાનો કહેતા નહિ.

અમારે માટે તો તે થોકબંધ માસિકો, પાક્ષિકો, પુસ્તકો વગેરે લાવતા. 'બાલમિત્ર', 'બાલજીવન', 'ગાંડીવ', 'બાળક', 'બાલસખા' વગેરે જાણીતાં બાલ માસિકોની અમે આતુરતાથી વાટ જોયા કરતાં, નાનાભાઇ ભટ્ટનાં મહાભારતનાં પાત્રોનાં પુસ્તકો, બાળરામાયણ, મહાભારત, સંતોની ચરિત્રકથાઓ, અરેબિયન નાઈટ્સ, બાવલાનાં પરાક્રમો અને એવી સેંકડો કૃતિઓ દ્વારા તેમણે બચપણથી જ અમારામાં સંસ્કારસિંચન કરવા માંડયું હતું. અમે કોઈ વાર કહીએ: 'મોટા શેઠ, બાલમિત્રની ફાઈલ લાવશો?' અને સાંજે ફાઈલ આવી જ ગઈ હોય! અમે છેક નાના હતા ત્યારે ઘાશીરામની પોળમાં ઉનાળામાં રાતે સૌ પતરાં પર સૂતા. ત્યારે અમારામાંથી કોઈક કહે: 'મોટા શેઠ, વાર્તા કહોને!' એટલે તરત એમની વાર્તા શરૂ થાય: 'એક હતા ભૂરાભાઈ. એનાં કપડાં ભૂરાં, એનો રંગ ભૂરો...' અને અમે કુતૂહલથી વાર્તા સાંભળ્યા જ કરીએ. એમણે આમ કેટલીયે વાર્તાઓ અમને કહી હશે. એ કહેતાં કહેતાં એમનો જે ઉમળકો હતો તે હજુ સ્મરણમાં જળવાઈ રહ્યો છે. અમારાં બા માંડ બેચાર ચોપડી ભણેલાં. પરંતુ તેમને માટે પણ તે 'ચંદ્રકાન્ત', 'સ્વર્ગની સીડી', 'રામાયણ', 'મહાભારત' વગેરે પુસ્તકો લાવી આપતા. કોઇક વાર તો પોતે પણ વાંચી સંભળાવતા. એમની આ પ્રેરણાને પરિણામે જ મારાં બાનો વાચનશૉખ હજુ પણ જળવાઈ રહ્યો છે અને આ વયે એમને તો એ મોટો વિસામો બની રહ્યો છે.

મોટા શેઠનાં અમે ત્રણે લાડકાં સંતાનો. શરૂઆતમાં બાળકો જીવતાં નહિ. અમે પાછલી વયનાં, એટલે લાડકોડ સારી પેઠે પામ્યાં. તેમાં સૌથી મોટો ભાઈ ગમન હમેશનો માંદો, એટલે મોટા શેઠને તેનો ઉચાટ ભારે. તેની પાછળ આંખ મીંચીને તે દવાદારૂના પૈસા ખર્ચતા. તેમના પરમ મિત્ર ડૉ. હરિપ્રસાદ દેસાઇને ત્યાં તેની રોજ મુલાકાત હોય જ. અમારામાં રણજિત (ટેણી) સૌથી નાનો એટલે ખૂબ લાડકો. આ લખનાર વચેટ, એટલે તેને માટે ખાસ વિશિષ્ટ અધિકારો પ્રાપ્ત કરવા મુશ્કેલ! પણ ના, ત્રણે ય સંતાનો માટે તેમનો અત્યંત ઉમળકો વરતાઇ આવતો. ગમન માંદો જ રહે એટલે સવારના પહોરમાં અમને ત્રણેયને તે માધવબાગમાં ફરવા લઈ જાય. ત્યાં કૈં ફળ અપાવે. અમારાં બધાનાં આરોગ્ય એકંદરે નબળાં એટલે કૉડલીવરના બાટલા અને પાછળથી તો ડબ્બા આવ્યા જ કરે! અમારામાં તેમનો ખૂબ જીવ હતો! અમને માગી ચીજ મળતી.

જેઠાભાઈની પોળમાં રહેતા અમારા નાના કાકા(ફીકાભાઇ) કદીક એમનાં છોકરાં સાથે રાતે મળવા આવે કે તરત મોટા શેઠ છાપાં-ચોપડી બાજુએ મૂકી વાર્તાવિનોદમાં પરોવાઈ જાય, અને બિસ્કિટ પીપરમિન્ટની બધાંને મિજબાની મળી જાય. શ્રી બચુભાઇ રાવતે એક લેખમાં અમારું સંબોધન પકડી લઇને તેમને 'મનમોટા મોટા શેઠ' કહ્યા છે તે યોગ્ય જ છે. માત્ર અમારે માટે જ નહિ કોઇને પણ માટે કંઈક કરી છૂટવાની ઊલટ એ એમના જીવનનો પ્રધાન ગુણ હતો. મોટા શેઠે અમને ખૂબ લાલનપાલનથી ઉછેર્યાં. એમના હાથનો 'પ્રસાદ' તો ભાગ્યે જ કોઈ પામ્યું હોય; છતાં તેમનો ધાક ભારે હતો. અમે ત્રણે ભાઈઓ કોઈ વાર કોઈ વસ્તુ માટે 'ઝપાઝપી' કરતા હોઈએ અને કોઈનો 'આર્ત પોકાર' મોટા શેઠ પાસે પહોંચે કે તરત તે નીચે આવે અને એકાદ જણનો કાન પકડીને ઉપર લઈ જાય! મામલો થાળે પડી જતો! એમનો પ્રભાવ જ એવો હતો કે એ ઘેર આવે એટલે 'બિલાડીનાં બચ્ચાં ગૂપચૂપ'ની રમત અમારે રમવી પડતી.

અમને એમનો ખાસ ડર તો દર મહિનાની ત્રીજી-ચોથી તારીખે લાગતો. હાઈસ્કૂલ (પ્રોપ્રાયટરી)માં અમે સાથે જ ભણતા હતા. ત્યાંથી દર મહિને અમારા અભ્યાસનું પ્રગતિપત્રક આવે. ભણવામાં તો અમારો ધબડકો જ હોય! એટલે રજિસ્ટરમાં એમની પાસે સહી કરાવવા જવા માટે મારી અને મોટાભાઈ ગમનની વચ્ચે 'પહેલે આપ'નો વિવેક ચાલતો. આખરે બંને ભેગા મળીને એમના ઑફિસે જવાના સમયે જ્યારે એ ઉતાવળમાં હોય ત્યારે જ લાગ જોઇને અમારું રજિસ્ટર ધરી દઇએ! પણ અમારી એ યુક્તિ ચાલતી નહિ. રજિસ્ટરમાં અભ્યાસ નબળો કે બેત્રણ વિષયમાં અમને નાપાસ જોઇને તે અમને ખૂબ ધધડાવી નાખતા. અમારે માટે છેક મૅટ્રિક સુધી તેમણે શિક્ષકો રોક્યા જ કર્યા, તો યે અમે 'ઝળક્યા' નહિ! અમારી ત્રણેની કારકિર્દી 'થર્ડ ક્લાસ' હતી તેનો તેમને ભારે રંજ હતો. પોતાના અવસાન સમયે પણ એમણે ભારે હોંશ અને પરિશ્રમથી વસાવેલા વિશાળ પુસ્તકાલયનો ભોક્તા એકે સંતાનમાં જોયો નહિ. અમારા માટે સેવેલી ભાવના ફળિભૂત થાય તેમ ન લાગતાં એમણે પોતાનું કીમતી પુસ્તકાલય વિવિધ સંસ્થાઓમાં સમગ્ર પ્રજાના-હિત માટે સમર્પી દીધું. પિતાશ્રીનું આ દુઃખ એ વખતે સમજવા માટે અમે ઠીકઠીક નાના હતા. પરંતુ આજે એમને જે વસવસો રહી ગયો તેનો ખયાલ આવે છે, અને એમની ભાવનાને અમે મૂર્તિમંત કરી શકીશું એ વાતનો અણસારો પણ એમને ન આપી શકયા તેનો ભારે રંજ થાય છે. (ચાલુ)



જીત પર હસતો રહ્યો, ને હાર પર હસતો રહ્યો,
ફૂલની શૈયા ગણી અંગાર પર હસતો રહ્યો.
ઓ મુસીબત ! એટલી ઝિન્દાદિલીને દાદ આપ–
તેં ધરી તલવાર તો હું ધાર પર હસતો રહ્યો.

—જમીઅત પંડ્યા

એવરેસ્ટ-વીર ગોમ્બુ

આખરી પડાવ ઉપરથી પોતાની પત્નીને લખેલા છેલ્લા પત્રમાં આશાનો માત્ર આછેરો સૂર જ આપીને અંતમાં '૨લી મેએ ઑાલ ઇન્ડિયા રેડિયો સાંભળજે અને અમે જો એવરેસ્ટ પહોંચીએ તો મને કઠમંડુ મળવા આવજે' એમ લખનાર નવાંગ ગોમ્બુને એ વખતે ખબર નહિ હોય કે એવરેસ્ટની રજ બીજી વાર માથે ચડાવવાનું સદ્ભાગ્ય વિશ્વભરમાં ફક્ત એને જ સાંપડવાનું છે. જૂનની ૨૦મી તારીખના અરસામાં દિલ્હીમાં પાછા ફરી રહેલા એવરેસ્ટના ભારતીય વિજેતાઓમાં 'એવરેસ્ટ વીર' તરીકે તો માત્ર એક નવાંગ ગોમ્બુ જ નવાજાશે.

'મારાં સંતાનોને સારું એવું શિક્ષણ મળે અને અત્યારે હું રહું છું એ કરતાં વધુ સારું, મોટું અને જ્યાં તેઓનું ઘડતર તથા ઉછેર સારી રીતે થઈ શકે એવું મકાન તેઓ વારસામાં મેળવે' આટલી એક જ ખ્વાહિશ જીવનમાં રાખનાર ત્રીસ વર્ષનો અને ત્રણ સંતાનોનો પિતા આ ગોમ્બુ ૧૯૫૩માં જ્યારે બ્રિટિશરોએ એવરેસ્ટ-આરોહણ કરેલું ત્યારે 'બેબી' તરીકે ઓળખાતો. એના કાકા તેનસિંગ નૉર્કે જ્યારે સર એડમન્ડ હિલેરી સાથે એવરેસ્ટ ચડવા ગએલા ત્યારે આંખોમાં સ્વપ્ન ભરીને એ તેમને જતા જોઈ રહેલો.


એનું એ સ્વપ્ન ૧૯૬૦માં સાકાર થવાની શક્યતા ઊભી થઈ. ભારતે પર્વતારોહણ-ક્ષેત્રે રીતસરનો પ્રવેશ કર્યા પછી એવરેસ્ટ આરોહણ માટે જે પહેલો પ્રયાસ એણે કરેલો તેમાં એવરેસ્ટને આંબવામાં માત્ર ૭૦૦ ફીટના અંતરેથી જ તેને (પવનમાં ભયંકર તોફાનોના કારણે પાછી ફરેલી ત્રણ જણની ટુકડી સાથે) પાછા ફરવું પડેલું.

અંતે ૧૯૬૩માં એનું સાહસ ફળીભુત થયું. એ વર્ષે અમેરિકન ટુકડીના જિન વ્હિટેકર સાથે તે પણ એવરેસ્ટને મથાળે પહોંચેલો. એના એ પ્રથમ એવરેસ્ટ-આરોહણની કદર તરીકે ભારત સરકારે એને પદ્મશ્રીનો ખિતાબ એનાયત કરેલો.

એવરેસ્ટ સર કર્યા પછી તે અમેરિકા ગએલો ત્યાં એને ભારે માનપાન મળેલાં એના માનમાં લશ્કરી કવાયતો થઇ હતી, વિશિષ્ટ સમારંભો યોજાયા હતા અને અનેક ભેટ-સોગાદો એને મળી હતી. સ્વ. કૅનેડીને મળવાનો પણ એને અવસર મળ્યો હતો. એ વખતે તેણે આદર તરીકે નેપાળીઓમાં આપવામાં આવતો દુપટ્ટો (ખદા) તેમને બાંધીને પોતાની માતૃભૂમિને અનુરૂપ એ પ્રમુખનું બહુમાન કર્યું હતું. ત્યાંથી તે સ્વદેશ પાછો ફરેલો ત્યારે, હમેશાં બનતું આવ્યું છે તેમ ભારતે એની જરાય નોંધ ન લીધી. ડમડમના હવાઈ મથકે તે ઊતર્યો ત્યારે તેને આવકારવા પણ કોઈ હાજર નહોતું. વળતાં જપાનની આલ્પાઇન ક્લબે એને ટ્રાન્ઝિસ્ટર રેડિયો ભેટ આપેલો એની જકાત ભરવા જેટલા પૈસા પણ એની પાસે નહોતા, એટલું જ નહિ પણ એના વતી એ રકમ ચૂકવી આપવા યે કોઈ તૈયાર નહોતું !



એ પછી તે મધ્યસ્થ સરકારના નેજા નીચે ચાલતી પર્વતારોહણની તાલીમી સંસ્થા 'હિમાલય પર્વતારોહક કેન્દ્ર' (હિમાલયન માઉન્ટનીઅરિંગ ઇન્સ્ટિટ્યૂટ)માં ઈન્સ્ટ્રક્ટર તરીકે દાખલ થએલો.



સમુદ્રકમળ (સી લિલી)

દરિયામાં કે ઊંડાં પાણીવાળા દરિયાકિનારે વસતા કેટલાક જીવના શરીરની દીવાલ પર વિવિધ જાતના શૂળ હોય છે. એના પરથી આ પ્રાણીસમુદાય શૂળત્વચી કે શૂળચર્મી (Echinodermata) કહેવાય છે. એના પાંચેક વર્ગો છે: તારકિત કાય, સર્પપૂચ્છા, ચલિતશૂળ, કાકંટીકાય અને પિચ્છતારક. સ્ટારફિશ, બ્રિટલ સ્ટાર, સી અરચિન, સી કકમ્બર ને સી લિલી એ અનુક્રમે આ વર્ગોના જીવ છે. શરીરની અંદર જળવાહક તંત્ર તથા તેની સાથે સંકળાએલા નાળપગ (ટ્યૂબ ફીટ) એ એમની લાક્ષણિકતા છે. જળવાહક તંત્ર એમની શરીરગુહાનો એક ભાગ છે જ્યારે નાળપગો હલનચલન ઉપરાંત કેટલાકમાં શ્વસન, ઉત્સર્જન અને સ્પર્શગ્રાહી અંગ તરીકે પણ કામ આપે છે. આ પ્રાણીઓ એકલિંગી હોઈ વિકાસ દરમિયાન ડિમ્ભ બનાવે છે.

સમુદ્રકમળ–સી લિલી એમાંના પિચ્છતારક વર્ગનું પ્રાણી છે. દેખાવે એ સુંદર ફૂલ જેવું જ લાગતું હોઈ એનું આવું નામ પડ્યું હશે. ઊંડા પાણીમાં પોચા કાદવવાળા તળિયા પર એક વાર ખૂંપીને બેસી ગયા પછી એ સ્થળાંતર કરતું નથી. પોતાના નાળપગ એ ક્યારેક પોચી જમીનની અંદર ઊંડે સુધી ખોસી દે છે. શરીરે પાંચ હસ્ત અને એ દરેક હસ્તની બે મુખ્ય શાખાઓને કારણે એ ઝીણી પાંખડીઓવાળા ફૂલ જેવું જ દેખાય છે. એના આ હસ્ત વડે આહારને પકડીને પોતાના પેટમાં ઓરીએ દ્વારા પોષણ મેળવે છે.


પર્વતના ખોળામાં ઊછરેલા આ યુવાનની જીવનરેખા પર્વતારોહણ-ની પ્રવૃત્તિથી ભરચક છે. ૧૯૫૪માં તે અમેરિકન પર્વતારોહકો સાથે માકુલા ગએલો, ૧૯૫૫માં દાર્જિલિંગના ઉપર્યુક્ત ઇન્સ્ટિટ્યૂટમાં જોડાયો, અને સાગાન્ગ શિખર ઉપર સફળતાપૂર્વક વિજય વાવટો રોપી શકેલો. ૧૯૫૭માં એ નંદાદેવીના ચરણની રજ લઇ આવેલો. ૧૯૫૮-માં કાકા તેનસિંગ સાથે સિક્કિમનું 'પિક' સર કરેલું. ૧૯૫૯માં જે નારી-પર્વતારોહકો ચો-ઓયૂ ચડેલાં તેમની સાથે તે હતો. ૧૯૬૨માં વળી તે સિક્કિમના કોકટાંગને આંબી આવેલો અને ૧૯૬૩માં જિમ વ્હિટેકર સાથે એવરેસ્ટના મથાળે પહોંચેલો. આટલી સિદ્ધિઓ પછી કોઇ પણ સંતોષ માનીને બેસી જાય, પરંતુ સાહસમાં કદી ઊણા ન ઊતરવાના એણે જાણે શપથ લીધા હોય તેમ ૧૯૬૪માં વળી તે બીજી વાર નંદાદેવી ઉપર ચડીને કીર્તિને વરેલો.

આજે એના નાના ઘરનાં ટેબલો અને ખૂણાખાંચરા એણે પર્વતારોહણમાં મેળવેલી અનેક પ્રકારની ટ્રોફીઓ, કાંચનજંગા ઉપરથી મેળવેલી નાનાવિધ વૃક્ષોની ડાળીઓ, તસવીરો, વાવટાઓ, કોદાળીઓ, વગેરેથી ખીચોખીચ ભરાઈ ગયાં છે.

આ વર્ષે એવરેસ્ટના ચરણે કાકા તેનસિંગે આપેલી બુદ્ધની પ્રતિમા અને પત્ની સીતાએ આપેલો દુપટ્ટો-'ખદ્દા' ધરીને ફરી તેણે વિશ્વભરમાં વીર પર્વતારોહી તરીકે નામના પ્રાપ્ત કરી છે. એને સર્વપ્રથમ વધાવી લેવા એની પત્ની સીતાદેવી નેપાળ પહોંચી ગયાં છે. અને કદી કોઈનું ય સ્વાગત ન કર્યું હોય એવું એનું વીરોચિત સ્વાગત કરવા દાર્જિલિંગ સજાવટ કરી રહ્યું છે.



મુંબાઈના એટમિક એનર્જી એસ્ટાબ્લિશમેન્ટના એક વિજ્ઞાની શ્રીમતી બી. વાય. ભટ્ટ કોલંબો પ્લાન ફેલોશિપ હેઠળ લંડનમાં ચેસ્ટર બીટ્ટી રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં આનુવંશિક અસરોના મુખ્ય પ્રણેતા ક્રોમોસમ્સ પર થતી રેડીએશનની અસરો વિષે અભ્યાસ કરી રહ્યા છે. રેડિયો-બાયોલૉજિકલ વિજ્ઞાનના એક અગ્રચારી સંશોધક ડૉ. એસ. એચ. રેવેલના માર્ગદર્શન નીચે તેઓ કામ કરે છે. આ પછી ૧૯૬૬ના આરંભમાં ભારત પાછા ફરતાં પહેલાં હાર્વેલ ખાતેના યુનાઇટેડ કિંગડમ એટમિક એનર્જી એસ્ટાબ્લિશમેન્ટના રેડિયો-બાયોલૉજિકલ કેન્દ્રમાં પણ તેઓ વધુ સંશોધન કરવા રોકાવાનાં છે.



અગાઉ 'જિનતાન'ની ગોળી આવતી એથી યે નાનું આંગળીના ટેરવા પર પણ ટચૂકડું લાગે એવું વિજ્ઞાન-સાધન મ્યૂનિકમાં તૈયાર થયું છે. એમાં ૧૫ સિલસિયસ ટ્રાન્સિસ્ટર તથા ૧૩ રેસિસ્ટેંસસ છે. ૪૦૦૦ થી ૫,૨૫,૦૦૦ સંકેતો એ સમજી શકે છે, એટલું જ નહિ પણ ૦.૮૪થી ૨ માઇક્રો સેકન્ડમાં તો એ પોતાનું કામ પૂરું કરી લે છે. અટપટી ગણતરીઓ માટે એ વપરાય છે. (યુ. પી. એસ.)

કાઉન્સિલ ઑવ મિલિટરી સ્ટડીઝ

અરક્ષિત કે અર્ધરક્ષિત રાષ્ટ્રની આઝાદી ક્યારે ય પણ જોખમાઈ જાય છે. પણ નાગરિકોના સજાગ પ્રયત્નોથી સુદૃઢ બનેલ રાષ્ટ્ર પોતાની આઝાદીની સ્થિરતા તથા સુરક્ષિતતા જાળવી શકે છે, એટલું જ નહિ, પડોશી રાષ્ટ્રોમાં, નજીકના રાષ્ટ્રોમાં અને એકંદરે સમગ્ર વિશ્વમાં સ્વાતંત્ર્યનાં પરિબળોને મજબૂત કરે છે.

વિજ્ઞાન, ટેક્નૉલૉજી ઔદ્યોગિક તાકાત, અર્થતંત્રની પરિસ્થિતિ, ગુપ્તચરતંત્ર, પ્રજાનો નૈતિક જુસ્સો-આ બધાં તત્ત્વો રાષ્ટ્રીય સુરક્ષિતતાનાં અનિવાર્ય અંગો તરીકે વધુ મહત્ત્વ ધારણ કરતાં જાય છે. આમાંથી કોઈ પણ એક અંગની નબળાઈ આપોઆપ જ સમગ્ર રાષ્ટ્રની આઝાદી અને સંરક્ષિતતાની નબળાઈ બની જાય છે. દુરારુહ પહાડો, સમુદ્રો જેવાં યુગો જૂનાં પ્રાકૃતિક સંરક્ષકો આધુનિક યુદ્ધવિજ્ઞાને નિરર્થક બનાવી દીધાં છે. પરિણામે, રાષ્ટ્રને જરૂર પડે ત્યારે શસ્ત્રો ધારણ કરવા તૈયાર રહેવું એ માત્ર અધિકાર જ નહિ, દરેક નાગરિકની એક અગત્યની ફરજ બની જાય છે.

બળવાનમાં બળવાન સૈનિકદળ પણ એકલે હાથે જેમ રાષ્ટ્રરક્ષણ કરી શકે નહિ તેમ એકલા સરકારી પ્રયત્નોથી પણ રાષ્ટ્રીય સુરક્ષણની સઘળી આવશ્યકતાઓ સંતોષાય નહિ. એ માટે તો જ્યારે હાકલ પડે ત્યારે સમગ્ર પ્રજાએ મોરચો સંભાળી લેવાનો હોય છે.

એ માટે રાષ્ટ્રમાં સંરક્ષણ-જાગૃતિ કેળવવી, લશ્કરી તાલીમ આપવી, પદ્ધતિસર લશ્કરી અભ્યાસને ઉત્તેજન આપવું તેમજ રાષ્ટ્રરક્ષણની આવશ્યકતાઓની જનતાને જાણ કરવી, પ્રકાશનપ્રવૃત્તિ કરવી, પ્રચાર કરવો ને એ રીતે *પ્રજા તથા સંરક્ષણતંત્ર વચ્ચે સંપર્કની સાંકળરૂપ ફરજ* બજાવવી વગેરે કાર્યો માટે 'કાઉન્સિલ ઑવ મિલિટરી સ્ટડીઝ'ની અમદાવાદમાં સ્થાપના થઈ છે. સંસ્થાના હેતુઓ અને એનાં કાર્યક્ષેત્ર તથા સભ્યપદ વિષેની વિગતવાર માહિતી માટે કાઉન્સિલ ઑવ મિલિટરી સ્ટડીઝ, બંદૂકગૃહ, મિરઝાપુર રોડ, અમદાવાદ-૧નો સંપર્ક સાધવો.

માઇક્રોસર્જરી

અણુવિજ્ઞાન અને અવકાશગામી વૈજ્ઞાનિક શોધોની આડશે અન્યક્ષેત્રોમાં જે વિકાસ થઇ રહ્યો છે એ તરફ ઘણી વાર આપણું લક્ષ


જતું નથી. પણ એમાંની નાનીનાની શોધખોળો રોજબરોજ પલટાતા ભવિષ્યમાં ઘણા જ મહત્ત્વના ફેરફારો કરવાને શક્તિમાન છે.

વૈદકવિજ્ઞાનમાં શરીરછેદન માટે દર્દીને બેશુદ્ધ કરવાની દવાઓ પણ નહોતી ને છેદના ઘા વકરી જવાથી ઘણી મોટી સંખ્યામાં દર્દીઓ મરી જતા એથી યે પહેલાં બેએક હજાર વર્ષ અગાઉ ભારતમાં સુશ્રુત એકલાએ જ શુદ્ધ પોલાદનાં સોએક જેટલાં સાધનો શરીરછેદન માટે બનાવેલાં. પણ આજે આપણને એ બધું યાદ નથી. એ જે હતું તે, પણ હવે આજનું વિજ્ઞાન તો આ ક્ષેત્રે ઘણું જ આગળ વધી ગયું છે.

હમણાં એક સૂક્ષ્મદર્શક યંત્ર 'ડિપ્લોસ્કોપ' શોધાયું છે કે જેના બે દગ-કાચોને કારણે શરીર પર સૂક્ષ્મ વાઢકાપ કરતી વખતે 'સર્જન' અને એના સહાયક બંને ચાલી રહેલી વાઢકાપ એકસાથે જોઇ શકે. અત્યંત નાની રક્તવાહિનીઓ, હૃદય, આંખની અંદરના ભાગ, કાનની અંદરના ભાગ વગેરે જેવાં નાજુક સ્થાનો પરની વાઢકાપમાં ઘણા નાના વિસ્તારમાં વધુ સંખ્યામાં ટાંકા લઈ શકે એવું પણ એક સાધન હમણાં તૈયાર થયું છે. અને આવી શોધોને કારણે 'માઇક્રોસર્જરી'-(સૂક્ષ્મ વાઢકાપ)નું એક આગવું ક્ષેત્ર વિકાસ પામી રહ્યું છે.

વળી $\frac{૧}{૧૦૦૦૦}$ ઔંસ વજનનો, ને ઇંજેક્શનની સોયમાંથી પસાર થઇ શકે એવો ટચૂકડો વીજળીનો ગોળો તૈયાર થયો છે! હૃદયની બારિક ખાંચોમાં એને પેસાડી રક્તપ્રવાહના ફોટોગ્રાફો લઈ શકાશે.

નદીઓનાં જોડાણ



રાજકીય રીતે સામસામી છાવણીમાં રહેવા છતાં પણ યુરોપના કેટલાક દેશોએ પોતાને ત્યાંથી વહેતી નદીઓનાં પાણીના સંયુક્ત જળમાર્ગો રચવાની વિશાળ યોજના ઘડી છે. જીનિવામાં તાજેતરમાં મળેલી ઑસ્ટ્રિયા, પશ્ચિમ જર્મની, હંગેરી, ચેકોસ્લોવાકિયા, પૉલાન્ડ અને સોવિયેત સંઘના પ્રતિનિધિઓની એક પરિષદે ર્હાઇન, મેઈન અને ડૅન્યુબ નદીઓને સાંકળવાની એક યોજના વિચારી છે, જેને પરિણામે ઉત્તર સમુદ્ર અને કાળા સમુદ્ર વચ્ચે એક સળંગ જળમાર્ગ રચાશે. વળી બાલ્ટિક સમુદ્રને કાળા સમુદ્ર સાથે સાંકળવા માટે ડૅન્યુબ સાથે ઑાડર નદીને જોડાવાની તેમજ નીપર અને પ્રિપ્યેટ નદીને વિશ્ચુલા તથા ઑાડર સાથે જોડાવાની યોજના પણ વિચારાઈ છે.

યુરોપના આર્થિક વિકાસની દૃષ્ટિએ આ યોજનાઓ અત્યંત મહત્ત્વાકાંક્ષી છે. એથી વેપાર તો વધશે જ સાથે એકબીજી નદીઓને જોડતી નહેરોના કાંઠે નવાં ઔદ્યોગિક કેન્દ્રો પણ ઊભાં કરી શકાશે. અત્યારે ર્હાઈન, મેઇન, નીપર, પ્રિપ્યેટ અને ડૅન્યુબ નદીઓ દ્વારા દર વર્ષે સાડા પાંચ કરોડ મૅટ્રિક ટન જેટલા માલની હેરફેર થાય છે, તેમાં આ જોડાણો થતાં ઘણો વધારો થવાનો સંભવ છે. નિષ્ણાતો અત્યારે આ યોજના ચકાસી રહ્યા છે.

વિરુદ્ધ વિચારસરણી ધરાવતાં યુરોપનાં મોટાંમોટાં રાષ્ટ્રો પણ જ્યારે સમગ્ર હિત ખાતર આવો સહકાર સાધવા પ્રવૃત્ત થતાં હોય ત્યારે ગોદાવરી-કાવેરી ને નર્મદા-તાપીના ઝગડા કરતા આપણે પેલા દેશોની સરખામણીમાં કેટલા વામણા લાગતા હોઈશું!

ઉર્દૂ ભાષાનો વંશવેલો

ઉર્દૂ ભાષાના વિરોધીઓ અને કદાચ હિમાયતીઓ પણ નહિ જાણતા હોય કે ઉર્દૂનો જન્મ અને ઉછેર બંને ભારતમાં જ થયાં છે. હૈદ્રાબાદ યુનિવર્સિટીના ઉર્દૂ અને પર્શિયન વિભાગના વડા પ્રો. વાહિદુદ્દીન સલીમના સંશોધન પ્રમાણે લગભગ ૫૪,૦૦૯ શબ્દો ધરાવતી આજની પ્રચલિત ઉર્દૂ ભાષાનાં મૂળ નીચે મુજબ છે: હિંદી, પંજાબી તથા પૂર્વ ભારતની ભાષાઓમાંથી બનેલા શબ્દો ૨૧,૬૪૪, હિંદી અને બીજી પરદેશીઓના મિશ્રણથી બનેલી ઉર્દૂના ૧૭,૫૦૫, અરેબિકના ૭૫૮૪, ફારસીના ૬૦૪૧, સંસ્કૃતમાંથી બનેલા ૫૫૪, અંગ્રેજીમાંથી આવેલા ૫૦૦ અને અન્ય પ્રકીર્ણ ભાષાઓમાંથી ૧૮૧.

વેદાંતંગલ-દક્ષિણ ભારતનું એક પંખીવન

ગુજરાતમાં જેમ નળસરોવર એમ મદ્રાસ રાજ્યમાં વેદાંતંગલ નામે એવું જ એક રમ્ય સ્થળ છે. મદ્રાસથી પચાસેક માઇલ દૂર મોટર માર્ગે ત્યાં પહોંચાય છે. અનેકવિધ જળચારી પક્ષીઓની વસતિને કારણે પક્ષીપ્રેમીઓમાં વેદાંતંગલ ઘણું પ્રિય છે. કાંકરોળી, ચમચા, ઘોકડાં, કાજિયાં, બગલાં વગેરે તો અહીં પ્રજનન કરે જ છે, ઉપરાંત દર વર્ષે ડિસેમ્બરથી ફેબ્રુઆરી દરમિયાન શિયાળામાં અહીં ચાહા, શેખલાં, ગજપાંઉ, તૂતવારી ને અનેક જાતનાં બતકો સાથે યાયાવર પંખીઓનો પણ મેળો જામે છે. છેક ઉત્તર ધ્રુવપ્રદેશનું એક પંખી પણ હમણાં વેદાંતંગલમાં જોવા મળ્યું હતું. મદ્રાસ સરકાર આ સ્થાનને વધુ લોકપ્રિય બનાવવા માગે છે. અહીં પક્ષીઓના નિરીક્ષણ માટે એણે બાવીસ ફૂટ ઊંચો એક ખાસ મિનાર પણ તૈયાર કર્યો છે, જેમાં બધી દિશામાં ફરી શકે એવું દૂરબીન મૂકવાનું વિચારાયું છે. પક્ષીનિરીક્ષણ માટે વહેલી પરોઢનો સમય ઘણો અનુકૂળ ગણાતો હોઇ એટલા સારુ રાતભર અહીં રોકાઈ શકાય એવા ઉતારા બાંધવાની યોજના પણ સાથેસાથે ઘડી છે.



ગ્રામોફોન, ટૅઈપરેકૉર્ડ કે ડિક્ટાફોનથી આગળ વધી જર્મનીમાં હવે એક એવું યંત્ર તૈયાર થયું છે જેની સામે કંઈ કહેવામાં આવે તો તે શબ્દોને એ સીધા જ ટાઈપ કરી આપે છે. આ યંત્ર હજી પ્રાથમિક દશામાં હોઈ હાલ તો માત્ર આંકડાઓ જ 'સમજી' શકે છે, પણ શબ્દો તથા વાક્યોને પણ સમજવાં એને માટે મુશ્કેલ નહિ રહે.

આ માસ (જૂન) ઇતિહાસમાં · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ

સરદાર કે. એમ. પણિક્કર



વિચક્ષણ મુત્સદ્દીગીરી સાથે પ્રખર વિદ્વત્તાના વિનિયોગવાળા સરદાર કે. એમ. પણિક્કર જૂના ત્રાવણકોર રાજ્યમાં ઍલેપ્પીના એક અગ્રગણ્ય પરિવારમાં ઈ.૧૮૯૫ની ૩જી જૂને જન્મેલા. કેવલમ્ માધવ પણિક્કર એમનું નામ. મદ્રાસની ક્રિશ્ચિયન કૉલેજમાં ભણી ઑક્સફર્ડની ક્રાઈસ્ટ ચર્ચ કૉલેજના તેઓ સ્નાતક થયા. ત્યાં ઇતિહાસના વિષયમાં ઑનર્સ થનાર તેઓ પ્રથમ હિન્દી હતા. અભ્યાસકાળ દરમિયાન 'ગ્રેટર ઇન્ડિયા' નામે એક અભ્યસનીય પુસ્તક લખી તેઓ વિખ્યાત થયા હતા. મિડલ ટૅમ્પલના બાર-એટ-લૉ અને દિલ્હી યુનિવર્સિટીના ડી. લિટ. તથા અલીગઢ યુનિવર્સિટીના તેઓ એલએલ. ડી. હતા.

આવી ઉજ્જ્વળ કારકિર્દી પછી હિન્દ સરકારની સનદી નોકરી તદ્દન સુલભ હતી, છતાં એમણે અલીગઢ યુનિવર્સિટીમાં ઇતિહાસ અને રાજકારણના પ્રાધ્યાપક થવાનું પસંદ કર્યું. ભારતના આજના ઉપરાષ્ટ્રપતિ ડૉ. ઝાકિરહુસેન એ વખતે એમના એક વિદ્યાર્થી હતા. ત્યાંથી રાજાજીના હાલના મુખપત્ર 'સ્વરાજ'ના તેઓ પહેલા તંત્રી બન્યા. એ પછી કેટલાક મિત્રો સાથે એમણે 'હિંદુસ્તાન ટાઈમ્સ' શરૂ કર્યું. એમની વિદ્વતા અને મેધા પિછાણી બ્રિટિશ સરકારે ૧૯૨૫ થી '૨૭ સુધી લંડનમાં એમને આઈ. સી. એસ.ના એક પરીક્ષક નીમેલા.

દરમિયાન તેઓ રાજકારણ પ્રત્યે ખેંચાઈ રહ્યા હતા. ૧૯૨૭માં એમણે 'ઇંડિયન સ્ટેટ્સ ઍન્ડ ગવર્નમેન્ટ ઑવ ઇંડિયા' નામે એક અભ્યાસપૂર્ણ ગ્રંથ લખ્યો. એમાંથી એમની પ્રતિભા પિછાની દેશી રજવાડાંઓએ નરેન્દ્રમંડળમાં એમને ચાન્સેલર મંત્રી બનાવ્યા. એ પદેથી એમણે ગોળમેજી પરિષદોમાં ભાગ લીધો. પતિયાળામાં એમની પરરાષ્ટ્રમંત્રી તરીકેની કામગીરી બદલ એમને 'સરદાર'ના ખિતાબથી નવાજવામાં આવ્યા. '૪૪માં બિકાનેરના વડાપ્રધાન તરીકે એમણે હીજરતીઓને થાળે પાડવાની ઉમદા કામગીરી બજાવેલી. '૪૨માં પૅસિફિક રીલેશન્સ કૉન્ફરન્સમાં અને '૪૫માં કૉમનવેલ્થ રીલેશન્સ કૉન્ફરન્સમાં તેઓ ભારતના પ્રતિનિધિ હતા. '૪૭માં સંયુક્ત રાષ્ટ્રોની જનરલ ઍસેમ્બલીમાં એમણે ભારતનું પ્રતિનિધિત્વ કરેલું.


સ્વાતંત્ર્ય પછી ચીનમાં ભારતના એલચી તરીકે, તે પછી ઇજિપ્તમાં એલચી તરીકે ને સાથોસાથ લેબેનન, સીરિયા ને લીબિયાનાં ભારતીય મિનિસ્ટર તરીકે પણ કામ કર્યું. '૫૪-'૫૬ રાજ્ય પુનર્રચના સમિતિમાં ને પછી ફ્રાંસમાં એલચી તરીકે તેઓ રહ્યા. લંડનની રૉયલ ઇંડિયા સોસાયટીના ઉપપ્રમુખ તરીકે, કેરળની 'અકાદમી ઑવ લેટર્સ'ના પ્રમુખ તરીકે અને 'યુનેસ્કો'ની સલાહકાર સમિતિના અધ્યક્ષ તરીકે પણ એમણે પૂર્વ-પશ્ચિમની સાંસ્કૃતિક બાબતો અંગે મૂલ્યવાન કામગીરી બજાવી હતી.

ફ્રાંસથી આવીને તેઓ જમ્મુ અને કાશ્મીર યુનિવર્સિટીના ઉપકુલપતિ બન્યા ને ત્યાંથી મ્હૈસુર યુનિવર્સિટીના ઉપકુલપતિ પદે આવેલા. આ પદેથી બૅંગલોરમાં એક સભામાં પ્રમુખસ્થાને હતા ત્યારે એકાએક હૃદયરોગના હુમલાથી એમનું અવસાન થયું.

રાજદ્વારી જવાબદારીઓ છતાં એમની સાહિત્યોપાસના જંપી નહોતી. દરરોજ બે કલાક તેઓ નિયમિત લખતા. ઇતિહાસ, રાજકારણ, કથકલી નૃત્યો કે નવલકથા, બધામાં એમની કલમ ચાલતી. 'પાંકી પરિણયમ્' નામે એમણે ભદ્રસમાજ પર કટાક્ષ કરતી હાસ્યનાટિકા પણ લખેલી. તેઓ કવિ પણ હતા. અંગ્રેજી તેમજ મલયાલમમાં અનેક કૃતિઓ સરજી હતી. કુમારસંભવમ્નું મલયાલમમાં એમણે ભાષાંતર કરેલું. ઈંગ્લેંડના 'ધ ટાઈમ્સ' ને 'માંચેસ્ટર ગાર્ડિયન'માં પણ લખતા.

તેજીલી આંખો ને દાઢીના ગુચ્છાવાળું એમનું પ્રભાવશાળી વ્યક્તિત્વ આકર્ષક હતું. સાહિત્યકાર, પત્રકાર ને રાજદ્વારી પુરુષ તરીકેની કારકિર્દીમાં વિવિધતા છતાં એમાં સમતોલન જાળવી એમણે સારી લોકચાહના મેળવી હતી.

પ્રસંગવિશેષ: પ્રથમ ઝેપલિન ઍરલાઈનનો આરંભ, ૧૯મી જૂન ૧૯૧૦



આજનાં યાંત્રિક વિમાનોનો તો હજી ઉગમકાળ હતો ત્યારે વાયુ ભરેલાં બલૂનોના વર્ષો જૂના અનુભવોને આધારે નિષ્ણાતો અને લોકોને એવાં બલૂન વડે દરિયાપાર જવાનાં ઉડ્ડયનોમાં શ્રદ્ધા બંધાઈ હતી. ૧૯મી સદીના અંતમાં શોધાએલા મોટરગાડીના યંત્ર અને બલૂનની શોધને સાંકળી લઈ કોઈ નવતર વાહન ઊભું કરવાનો ખયાલ પ્રવર્તતો હતો. આ દિશામાં ઠીકઠીક સફળતા પણ મળી. જર્મનીના કાઉન્ટ ઝેપલિને ઈ. ૧૯૦૦માં એક જંગી હવાઇજહાજ (ઍર શિપ) તૈયાર કર્યું. હવા કરતાં યે હળવા વાયુ (બહુધા હાઇડ્રોજન)ને આધારે હવામાં અદ્ધર જતાં એ હવાઈજહાજો ખરે જ જહાજો જેવાં કે કદાચ એથી યે વધારે જંગી કદનાં હતાં. ૧૯૧૦ની ૧૯મી જૂને આવા હવાઇજહાજોનો એક નિયમિત વહેવાર સ્થપાયો ને બર્લિનથી લેઇક કૉન્સ્ટન્સ સુધીની અવરજવર આરંભાઈ. પહેલા વિશ્વયુદ્ધમાં જર્મનીનાં આવાં જહાજોએ લંડન પર બૉંબવર્ષા પણ કરી. યુદ્ધ પછી પ્રવાસીઓ માટે ફરી હવાઇજહાજોની નિયમિત અવરજવર ચાલુ થઈ. ૧૯૩૧ થી ૧૯૩૭ દરમિયાન 'ગ્રાફ ઝેપલિન' નામના હવાઇજહાજે યુરોપ અને અમેરિકા વચ્ચે પચાસેક ખેપ કરી ને એક વાર તો આખી પૃથ્વીની પ્રદક્ષિણા પણ કરી. ૧૯૩૬માં 'હિન્ડનબર્ગ' નામક એક અતિ જંગી હવાઈજહાજ પણ યુરોપ અને ન્યૂ યૉર્ક વચ્ચે ખેપ કરવા માંડયું. બ્રિટને પણ આ દિશામાં વિકાસ કર્યો. 'આર. ૩૪' એમાં જાણીતું હતું. તે પછી 'આર. ૧૦૧' નામનું એક અત્યંત ભપકાદાર જહાજ બ્રિટને બનાવ્યું, પણ ૧૯૩૦માં પોતાની પહેલી જ લાંબી સફરમાં ફ્રાંસની સરહદે એ ભાંગી પડયું ને ઘણા જીવોની હાનિ થઈ. 'આર. ૧૦૧'ની હોનારત પછી બ્રિટનનો ઉત્સાહ ભાંગી પડ્યો. 'આર. ૧૦૦' નામનું એમનું કૅનેડા સુધી સફળ ઉડ્ડયન કરી આવેલું એવું જ એક જહાજ પણ એમણે વીંખીને ભંગારમાં કાઢી નાખ્યું. એ પછી ૧૯૩૭માં ન્યૂ યૉર્કના પાદરમાં જર્મનીનું જગવિખ્યાત 'હિંડનબર્ગ' તેમાંના બધા જ માણસો સાથે સળગી ગયું. અમેરિકાએ પણ 'ઍક્રૉન' અને 'મૅકૉન' નામનાં બે હવાઈ જહાજો ગુમાવ્યાં. આવી જીવલેણ હોનારતો પછી હવે આ દિશામાંથી સૌનો રસ ઘટી ગયો. બીજી બાજુ યાંત્રિક વિમાનો પણ ઘણી સફળતાથી વિકસવા માંડ્યાં હતાં ને આગળ જતાં એ દિશામાં જે સિદ્ધિ હાંસિલ થઈ એના તો આપણે સૌ સાક્ષીઓ છીએ.

> ખુદા ને આદમી વચ્ચે તફાવત છે બહુ જ થોડો,
> બનાવ્યું છે જગત એકે અને બીજો બગાડે છે.
>
> —બરકત વીરાણી—'બેફામ'

બંગાળના ન્યાયાધીશ નીલમાધવ બંદોપાધ્યાયના અંતકાળે એમણે, પોતે પાંચ વર્ષ પહેલાં પાંચ હજાર રૂપિયાનો જે વીમો સંપૂર્ણ નીરોગી સ્થિતિમાં ઉતરાવેલો તે પાછળથી મધુપ્રમેહ લાગુ પડચા છતાં પોતે રદ નહોતો કરાવ્યો એ અંગે પશ્ચાત્તાપ વ્યક્ત કરતાં કહ્યું: 'ન્યાયાધીશ તરીકેનું મારું કર્તવ્ય ઈમાનદારીથી બજાવનાર હું આ બાબતમાં પ્રામાણિક રહ્યો નથી એ મને ખટકે છે; માટે હમણાં જ વીમાવાળાને બોલાવી મારો વીમો રદ કરાવો અને એ રકમ મારા વારસોને ના મળે એવી વ્યવસ્થા કરાવો તો જ મારું મૃત્યુ સુધરશે.'

અનેકાર્થી શબ્દ: ઝૂલ=કિનારી પર મૂકેલી ફરફરતી ચાળ; ગાય બળદ ઘોડા આદિ પાલતુ પશુને ઓઢાડવામાં આવતું કપડું–ઓઢો; કવિતામાં આવતો હલકદાર આંતરો; ઢીલો ઝોળો; ઢોરને ગળા નીચે લટકતો માંસલભાગ; વાળમાં પડતી જિવાત, જૂ.

ગણિત ગમ્મત

$૧^૨+ ૨^૨=$ ૫×૧	$૬^૨+૧૨^૨=$૩૦×૬
$૨^૨+ ૪^૨=$૧૦×૨	$૭^૨+૧૪^૨=$૩૫×૭
$૩^૨+ ૬^૨=$૧૫×૩	$૮^૨+૧૬^૨=$૪૦×૮
$૪^૨+ ૮^૨=$૨૦×૪	$૯^૨+૧૮^૨=$૪૫×૯
$૫^૨+૧૦^૨=$૨૫×૫	$૧૦^૨+૨૦^૨=$૫૦×૧૦

અને એમ આગળ. (કા. મ. જોષી)

ઇંગ્લંડમાં રાજકવિ (પોએટ લૉરીએટ)ની નિમણૂક થવાની પદ્ધતિ ઈ. સ. ૧૬૧૦થી શરૂ થઈ છે અને તેમાં નીચેના ક્રમમાં કવિઓ થઈ ગયા છે: બેન જૉન્સન, સધે, વર્ડ્ઝવર્થ, ટેનિસન, રૉબર્ટ બ્રિજિસ, જૉન મેઈસ્ફીલ્ડ.

કહેવતોના અર્થ: 'તંબોળીની કૂંડી'—આભડછેટ પાળનારના સગવડિયા આચારધર્મ ઉપર કટાક્ષ કરતી આ ઉક્તિનો આખો પાઠ આ પ્રમાણે છે: 'શ્રાવણનો ખાખરો, ને મેથીની પૂરી; તંબોળીની કૂંડીમાં અઢારે વર્ણ બૂડી.' પાણીની અસર રહ્યા વિનાની શેકેલી કે તળેલી વસ્તુને આભડછેટ નડતી નથી એવી માન્યતાથી ખાખરા અને પૂરીની સગવડ ઊભી કરનાર પણ પાનમાં લગાડાતા કાથાચૂનાની બાબતમાં તંબોળીની કૂંડીના પાણીનો છોછ નથી ગણતા, તેના ઉપરનો એમાં કટાક્ષ છે. એને મળતી બીજી કહેવત: 'તાવ્યું ને તાવ્યું, વૈકુંઠથી આવ્યું.'



લગભગ ૧,૦૦,૦૦૦ જેટલી જાતના છોડ માખીની સહાયથી જ ફળે છે. એ વિના ઠળિયાવાળાં ફળોની ને શીંગોવાળી અનેક વનસ્પતિ આપણને અલભ્ય બની રહે.

ઉત્તર-દક્ખણ જતી ગાડીઓનો, પૂર્વના કરતાં પશ્ચિમ તરફનો પાટો વધુ ઘસાય છે. તે પૃથ્વીની પશ્ચિમથી પૂર્વ તરફની ગતિને લીધે.

શિક્ષક: નદીમાં નહાતી વખતે મોં કયી તરફ રાખવું જોઇએ?
વિદ્યાર્થી: કિનારા તરફ.
શિક્ષક: હેં...? હાં...કેમ?
વિદ્યાર્થી: કેમ કે ત્યાં કપડાં પડયાં હોય છે ને?

સોનું એ સૌથી કીમતી ધાતુ નથી. સેરિયમ, પૅલાડિયમ, ઑસ્મિયમ, પ્લૅટિનમ, રૂબીડિયમ, થોરિયમ, સોનાથી પણ મોંઘાં છે.


સ્પેઈનમાં 'ગુઆડિક્સ પરુલ્લેના' નામની એક જાતિએ પહાડની ગુફાઓમાં જ પોતાનું આખું શહેર વસાવ્યું છે!

> જે તમારા પર વિશ્વાસ રાખે છે, એને ઠગવામાં કંઈ ચાલાકી નથી. ખોળામાં સૂતેલા બાળકનું ખૂન કરવામાં શી વીરતા છે?

બ્રિટનમાં સૌથી મોટી રકમનો ચેક-પાઉન્ડ ૧,૧૦,૦૮,૮૫૭ શિ. ૧૬ ને પે. ૯ નો ઈ. સ. ૧૮૯૮માં લખાએલો, જે યુદ્ધવિરામ માટે ચીને જાપાનને આપેલો. એવો જ સૌથી નાની (શૂન્ય) રકમ (૦ પા. ૦ શિ. ૦ પે.)નો ચેક ઈ. ૧૯૫૬માં ડેવિડ લૉઈડ નામે ખેડૂતને પુરવઠા ખાતાએ મોકલાવેલો, કેમ કે એણે વેચેલાં વાછરડાંની પૂરી કિંમત ન આવે તો આપવાની સબસીડી હવે આપવી પડે એમ નહોતી.



કલાકારીગીરી: સ્પેઈનના ગ્રાનાડા શહેરમાં આવેલા મૂર સુલતાનોના ૧૩મી સદીમાં બંધાએલા વિખ્યાત મહેલ 'અલહમ્બ્રા'ની છતમાંનું આ સુશોભન મૂર કલાકારોની ભાતગૂંથણીનો લાક્ષણિક નમૂનો છે.



વચ્ચે મધ પડ્યું છે ને ભુલામણીના ચાર માર્ગને નાકે બેઠેલી ચાર મધમાખીઓમાંની કઈ મધ પર પહોંચી શકશે તે શોધી કાઢો. લીટી છેદવી નહિ; માત્ર ગાળામાં જ ચાલો.

પરદેશનાં પત્રમિત્રો

(33) Emmanuel E. Akobor, North police college, N/Nigeria KADUNA, (Nigeria) (M–18) travelling, general interest. (34) Mohmed Sokoya, The Premier Trading Co. Ltd. P.O. Box 337, IBADAN; (M–17) stamps. (35) Rt. Ok. Oyetola, 74 Cemeterystr;EBUTEMETTA LAGOS, (Nigeria); (M–17) games and sports; (36) George B. Ogande, Ministry of Communication Post & Telegraph, AKURE; (M–16) General interest. (37) Godson O. Onyekwere, Mandlilas & Kareberis Ltd., Box 473, JOS (Nigeria); (M–17) photography. (38) Julius Tarkvllini, 34 Sarowo Street, ONDO (Nigeria); (M–16) general interest. (39) Christopher Okoro, H. C. S. Okwuoji, Awo–Omama ORLU; (M–16) stamps. (40) Sammy Ajasco, 54 AIKorodu Road, Igbobi Mushin, LAGOS (M–18) Travelling, penpal. (41) Bob Albert, P. O. Box 55 OWO (M–18) general interest. (42) Adekoga Adenuga, 14, Iduntafa Street, LAGOS; (M–15) penpal, football. (43) Hassan O. Usman, City College of Commerce, Box 64, BUKURU–JOS; (M–16) general interest. (44) Sulaiman ade, Rocky Rainbow O. H. S. Box No. 3170, IBADAN; (M–23) football, sports, gifts (45) Clement Eze, 29 Akinwuni str., YABA LAGOS, (M–18) general interest.

આચાર્યો અને શિક્ષકોને....

આજના યુગના વિદ્યાર્થીઓ ખૂબ તેજસ્વી હોવા છતાં વિશિષ્ટ અને સામાન્ય જ્ઞાનની બાબતમાં ઝાંખા લાગે છે. આમાં કેળવણી ક્ષેત્રની મર્યાદાઓ પણ કારણભૂત છે. આ ઊણપ હલ કરવા શાળાઓએ અભ્યાસક્રમમાં સામાન્ય જ્ઞાનનો વિષય ઉમેરીને છૂટક પ્રયત્નો કર્યા છે, પણ તેના સ્વતંત્ર અને વ્યાપક આયોજન વગર ઝાઝો અર્થ સરતો નથી. સરકારી કે અન્ય નોકરીઓમાં નવા ઉમેદવારોની પ્રસંદગી ટાણે (ઇન્ટરવ્યૂમાં) સામાન્ય જ્ઞાનની પરીક્ષાઓ અનિવાર્ય બનતી જાય છે. તે જ તેનું માપ છે. સામાન્ય જ્ઞાન ધરાવનાર વ્યક્તિ બીજા કરતાં વધારે તેજસ્વી, પ્રતિભાશાળી અને હોશિયાર લાગે છે જ. આ જોતાં સામાન્ય જ્ઞાનની દિશામાં વિદ્યાર્થીઓને રસ લેતા કરવા એ આ યુગની પ્રાથમિક જરૂરિયાત અને સૌની નૈતિક ફરજ બને છે.

આ જરૂરિયાતને પહોંચી વળવા સામાન્ય જ્ઞાન પ્રચાર સમિતિ, ઊંઝા તરફથી લેવાતી સામાન્ય જ્ઞાનની પરીક્ષાઓદ્વારા આ દિશામાં નોંધપાત્ર પ્રયત્નો થયા છે. અને હજારો વિદ્યાર્થીઓને સાંકળતી આ પ્રવૃત્તિ ભારતમાં ગુજરાત, બૃહદ મુંબઈ અને અન્ય રાષ્ટ્રો સુધી વ્યાપી બારમા સત્રમાં પ્રવેશે છે. હવે યુનિવર્સિટીઓએ અને જિલ્લા શિક્ષણ સંસ્થાઓએ આવી પરીક્ષાઓ ફરજિયાત લેવાનું ઠરાવી તેની અનિવાર્યતા સ્વીકારી છે. આપની શિક્ષણ સંસ્થામાં આ પરીક્ષાઓ લેવાય અને વિદ્યાર્થીઓની પ્રાથમિક જરૂરિયાતો સંતોષાય તેમ કરશો તેવી આશા છે.

ત્રણ જૂથમાં ૧૫ વિજેતાઓને રૂ. ૧૫૦/–નાં ઈનામો આપતી ઈનામી નિબંધ-હરીફાઈઓ એ આ સમિતિની બીજી વિશિષ્ટ પ્રવૃત્તિ છે.

સામાન્ય જ્ઞાન માટે જ તૈયાર થયેલાં સસ્તાં અને સમૃદ્ધ પ્રકાશનો જોયા પછી કોઈ વસાવ્યા સિવાય રહી શક્યું નથી.

વધુ માહિતી માટે

"જ્ઞાન સમિતિ"

ઉસ્માનપુરા, અમદાવાદ-૧૩

એ સરનામે લખી શકશો.

રેશમ જેવા પોતવાળી
નવજીવન સાડીઓ
મનમોહક
રંગોમાં
મળે છે !

એની આકર્ષક બોર્ડરો તથા
સુંદર પાલવ આપને
જરૂર ગમશે.

સાથે ચોળી માટેનું
અનુરૂપ કાપડ

જહાંગીર વકીલ ગ્રૂપનું સાહસ

જહાંગીર વકીલ મિલ
અમદાવાદ

નવજીવન મિલ
કલોલ

ન્યુ જહાંગીર વકીલ મિલ
ભાવનગર






ધ્રુવપ્રકાશ

ઉત્તરધ્રુવના પ્રદેશ પર છ માસ સુધી ચાલુ રહેતું સૂર્યોદયનું દૃશ્ય

વીજળીની ચમકરેખ જ્યાં સ્વપ્નવત્ છે, વર્ષાનો એકે વારિકણ જ્યાં અચિંત્ય છે, ગર્જના જેવી વસ્તુ જ્યાં કલ્પનાતીત છે ને જ્યાંનું આકાશ એકે વાદળું જ નથી સંઘરતું એવા વર્ષાવિહોણા ધ્રુવપ્રદેશનો છમાસિક શિયાળો પૂરો થતાં જ, બીજા છ મહિના માટે અનસ્ત રહેવા આવો સૂરજ પહેલવહેલો ત્યાંની ક્ષિતિજે ફૂટી નીકળે છે. એ વખતના એના રંગરોમાંચનો કોઈ કલમ તો શતાંશ પણ ખ્યાલ ન આપી શકે. આગના એ રક્તવર્ણ ગોળામાંથી રુધિરનો પ્રવાહ જાણે વહી નીકળ્યો હોય તેમ સઘળી જમીન રક્તવર્ણી બની જાય છે, અને અંધારાની ચાદર ખંખેરતાં એક પછી એક ફૂટી નીકળતા ધ્રુવક્ષિતિજના એ રંગો પર સવારી કરી સૂર્ય ત્યાં સ્થિર થાય છે. આપણે અહીંની જેમ ત્યાં એને આખું આકાશ પાર કરવાનું નથી હોતું. એનું ક્રીડાસ્થાન માત્ર ક્ષિતિજ રહે છે, ને ક્ષણે ક્ષણે નવતા ઉપાસતાં, તેની કિનારે કિનારે છ મહિના સુધી આખું વર્તુલ ફરી તે અદૃશ્ય થઈ જાય છે.